પૂજ્ય સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના પ્રવચનોમાંથી વીણેલાં

# પ્રવચન
# સાગરનાં મોતી

卐

સ્વ. શ્રી જગજીવન બાઉચંદ દોશીના
સ્મરણાર્થે

પ્રકાશક :
**શ્રી દલસુખ જે. દોશી**
સાવરકુંડલા

મુદ્રક :
સુપર પ્રિન્ટર્સ દ્વારા
સાહિત્ય મુદ્રણાલય
સિટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ,
અમદાવાદ-૨૨.

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રત : ૩૫૦૦
સંવત ૨૦૨૬ ચૈત્ર
તા. ૧૫-૪-૭૦

# અર્પણ

**હે પરમ ઉપકારી પૂ. ગુરુદેવ!**

આપ ભવ્યજીવોને સમ્યક્ત્વ પ્રધાન ધર્મનો ઉપદેશ આપીને તેની આરાધનામાં જોડી રહ્યા છો. આ પામરને મોક્ષનો પંથ દર્શાવ્યો છે તે આપશ્રીનો પરમ ઉપકાર છે. આપશ્રીની કૃપા નિરંતર અમારા ઉપર વર્તી રહી છે. આપે સમ્યક્ત્વ સહિત ને જ્ઞાયક સ્વભાવનું સ્વરૂપ દર્શાવ્યું છે તે આપશ્રીની ચરણછાયામાં અમને પ્રાપ્ત હો એમ ભાવના ભાવીએ છીએ.

હે ગુરુદેવ! આપના કરકમલે અત્યંત અનન્ય ભક્તિપૂર્વક વિનમ્ર ભાવે આ 'પ્રવચન સાગરનાં મોતી' અપર્ણ કરી અત્યંત આનંદ અનુભવીએ છીએ. સર્વે સંતો પ્રત્યે ભક્તિપૂર્વક ઉપકારક અંજલિ અર્પીએ છીએ.

લી. આપના બાળકો

卐 ❀ 卐

## શ્રી જગજીવનભાઈની માંદગી પ્રસંગે તેમના પ્રત્યે પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતો :

જ્ઞાનનું કામ.....જાણવું જાણવું, જાણવું.

જગજીવનભાઈ :– સાહેબ! જ્ઞાયક તરફનો પ્રયત્ન કરતાં વિકલ્પો બહુ આવે છે.

ગુરુદેવ :– જ્ઞાનમાં વિકલ્પ નથી ને વિકલ્પમાં જ્ઞાન નથી. જ્ઞાન તો જુદું રહીને એકલું જાણવાનું કામ કરે છે.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.'

આત્મા શુદ્ધ છે, બુદ્ધ છે, ચૈતન્યઘન-ચૈતન્યનો અસંખ્યપ્રદેશી ધન છે, સ્વયં જ્યોતિસ્વરૂપ છે, સુખનું-આનંદનું ધામ-છે. આ વિચારવું. આમાં પાંચ પદ-પ'ચ પરમેષ્ઠી-પણ આવી ગયા.

આત્મા જ્ઞાયકપિંડ, ચૈતન્યઘન છે. જાણનાર...જાણનાર...જાણનાર...બસ તે જ હું.

## પૂજ્ય બેનશ્રીબેનનાં વચનામૃતો :

ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ, આનંદમૂર્તિ છે. જેમ સાકરનો ગાંગડો ગળપણથી ભરેલો છે તેમ જ્ઞાયક આત્મા આનંદથી ભરેલો છે, શાશ્વત આનંદનું ધામ છે.

❖

શરીરથી આત્મા જુદો છે. જે જાણનાર છે તે આત્મા છે. વિકલ્પ આવે છે તે પણ આત્મા નહિ, વિકલ્પથી જુદો જે જાણનાર તે આત્મા. વિકલ્પની પાછળ જે જ્ઞાનધારા છે. જ્ઞાયક છે તે આત્મા છે, તેમાં દૃષ્ટિ લગાવતાં આનંદ આવે છે.

❖

હું જ્ઞાયક છું, જ્ઞાનનો પીંડ છું, અબદ્ધ છું આવા વિચારો કરતાં જો થાકી જવાય તો દેવ-ગુરુના મહાન પ્રસંગો, તીર્થયાત્રાના પ્રસંગો એવા પ્રસંગો યાદ કરવા. એક ને એક વિચારથી થાકી જવાય ત્યારે વિચારને ફેરવી નાખવા અને તત્ત્વના વિચાર, દેવ-ગુરુ-શાસ્ત્રના વિચાર વગેરે કરવા. વિકલ્પની સાથે 'જ્ઞાન છું' તે ધ્યાનમાં રાખવું : 'હું નિરાળો....નિરાળો છું.'

❖

તત્ત્વની રુચિ જ આત્માની નજીક લઈ જાય છે ને દર્શનમોહને તોડે છે. રુચિ યથાર્થ કરવી. વિકલ્પો તો અનંતા આવે.

❖

પરિણામની ધારા પલટાઈ જાય તો ફરી ફરી જ્ઞાયકના વિચાર કરવા : પેટમાં જે દર્દ થાય છે તેનો જાણનાર....જાણનાર તે હું છું. હું સ્વ-પરપ્રકાશક છું. હું જ્ઞેયને જાણનાર છું. બહારનું બધું જણાય તે હોય અને જાણનાર તે જ હું છું. હું જ્ઞાયક છું.

'હું શુદ્ધ છું, જ્ઞાયક છું'-એવા વિકલ્પ તેનાથી થાકી જવાય એ ખરું; પણ 'જ્ઞાયક છું' એવા સહજ-પરિણમતા જ્ઞાનમાં થાક હોતો નથી.

❖

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની તીવ્ર ભાવના છે તો પુરુષાર્થ કરવો. સમ્યગ્દર્શન પ્રાપ્ત

ન થાય તેથી આકુળતા ને ઉતાવળ ન કરવી. રુચિ ને ભાવના છે તે સાથે ને સાથે જ રહે છે. વિકલ્પ બહાર જાય તેથી પણ બહુ ખેદ ન કરવો. એક સરખો વિકલ્પ મુનિઓને પણ નથી રહેતો. માટે ખેદ ને આકુળતા ન કરવી. રુચિ ને ભાવના વધારવી.

❖

અનંત કાળથી પર તરફ લક્ષ કરી રહ્યો છે; હવે તારા તરફ લક્ષ ફેરવ, તેનો જ પુરુષાર્થ કર. આજ કર કે કાલ કર, પણ આ કાર્ય કર્યે જ છૂટકો છે અને ત્યારે જ ભવનો અંત આવવાનો છે, સાચું સુખ મળવાનું છે.

卐 ❀ 卐

# શ્રી. જગજીવન બાઉચંદ દોશી પ્રત્યે
# સ્મરણાંજલિ

પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી. કાનજી સ્વામિના પુનિત પાવન સત્સંગમાં આવ્યા પછી શ્રી. જગુભાઈના જીવનમાં ઘણું બધું પરિવર્તન આવી ગયું. ગુરુગમ વડે સત્ય જૈન માર્ગની પ્રાપ્તિથી એકલા એમનું જ નહિં પણ અમારું સૌનું-એટલે કે અમારા સમસ્ત પરિવારનું-જીવન ધન્ય બની ગયું. એમના ધર્મ પ્રેમના પ્રબળ સંસ્કારો વડે તેમજ પૂ. ગુરુદેવના પ્રતાપે આ શક્ય બન્યું.

શ્વેતાંબર જૈન સંઘમાં તેમનું આગેવાન સ્થાન હતું. જન સમાજમાં પણ તેઓ શ્રધ્ધેય, સન્નિષ્ઠિ અને સેવાભાવી સજ્જન તરીકે પંકાતા હતા. અને સ્વદેશ પ્રેમી કાર્યકર તરીકે પ્રખ્યાત હતા, જેની કદરદાનીમાં જે. પી. નો ખિતાબ પામ્યા હતા. સાવરકુંડલાની અનેક જાહેર સેવા-સંસ્થાઓ સાથે તેઓશ્રી સંકળાએલા હતા.

પરંતુ સત્ય ધર્મનું સ્વરૂપ સમજી લીધા પછી એમના પુરુષાર્થે પલ્ટો લીધો. અને આત્માનું હિત સાધવાની એમને તીવ્ર ઉત્કંઠા જાગી ત્યારથી બહારની પ્રવૃત્તિઓ સંકેલવા તરફ એમનું લક્ષ થઈ ગયું હતું. આત્મ હિત માટે વધુને વધુ સમય સત્સમાગમમાં આપીને તત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં એમણે પોતાના ચિત્તને જોડ્યું હતું.

પૂ. સદ્‌ગુરુદેવ સંવત ૨૦૦૬માં સાવરકુંડલા પધાર્યા ત્યારે જગુભાઈ એ ખૂબ ઉત્સાહ દર્શાવ્યો અને એ વખતે એમને એવી ઉર્મિ જાગી કે સાવરકુંડલામાં શ્રી. દિગંબર જૈન મંદિર બંધાય તો કેવું રૂડું થાય. પરિણામ સ્વરૂપે ભગવાન શાન્તિનાથ પ્રભુની વિતરાગી પ્રતિમા બિરાજમાન થઈ અને સં. ૨૦૧૭માં સુંદર જિન મંદિર તૈયાર થઈ ગયું અને તેમાં વેદી પ્રતિષ્ઠા પણ થઈ. સૌરાષ્ટ્રભરમાં જીનેન્દ્ર અભિષેક ગુરુદેવે પહેલીજ વાર અહીં કર્યો અને એ રીતે એક સવિશેષ કાર્ય સંપન્ન થયું.

રૂચી પલ્ટાતાં ધીમે ધીમે જગુભાઈ સોનગઢમાંજ વધુ વખત રહેવા લાગ્યા. ત્યાં રહીને સત્સંગનો વધુને વધુ લાભ લેવા લાગ્યા તેમજ સંસ્થાની સેવામાં પણ જોડાયા. સંસ્થાની વહીવટી સમીતિના સભ્ય તરીકે અને જિન મંદિરની વ્યવસ્થા સમીતિના અધ્યક્ષ તરીકે તેમજ 'આત્મધર્મ' ના તંત્રી તરીકે એમણે સેવા અર્પી. આજ અરસામાં પૂ. ગુરુદેવ સાથે તિર્થયાત્રાઓ પણ કરવાનો એમને સુયોગ સાંપડ્યો. પ. પૂ. ગુરુદેવ પ્રત્યે તેમજ પૂ. બેન

શ્રી બેન તથા પૂ. બેન પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો. ગંભીર દૈહિક માંદગી દરમ્યાન આ મહાત્માઓનાં વચનામૃતોમાંથી તેઓ શાતા અને શાંત્વન મેળવતા હતા.

સગા સંબંધીઓ આરોગ્ય વિશે પુછતા તો જગુભાઈ કહેતા કે : 'આ તો બહારમાં પુદ્‌ગલ નાચે છે. રોગ જે છે તે દેહમાં છે. તેને મટાડવાની મને ચિંતા નથી. પણ આ પ્રસંગે લાલ બત્તી બતાવીને ચેતનને ચેતવી દીધો છે કે તું તારું સંભાળી લે... મારે તો મારા જ્ઞાયક સ્વભાવનું જ શરણ લેવાનું છે.' અને આવી ભાવના એમણે દેહાંત પર્યંત જાળવી રાખી હતી.

પ. પૂ. સદ્‌ગુરુદેવ ફરીથી સાવરકુંડલા પધારે ત્યારે અગાઉના કરતાં પણ અધિક ભવ્ય સ્વાગત-સન્માન કરી તેઓ પૂજ્યશ્રી પ્રત્યેની પોતાની શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરવાની જગુભાઈની ઘણી ઇચ્છા હતી. જે અધૂરી રહી ગઈ. આથી આજે પૂ. ગુરુદેવશ્રીના સાવરકુંડલામાં મંગળ પધરામણીના વરદ પ્રસંગે એમની ભાવનાને યાદ કરીને તેમની વતી પણ અમો મંગલમૂર્તિ ગુરુદેવનું સ્વાગત-અભિવાદન કરીએ છીએ અને જગુભાઈ માર્ફત અમને જે પરમ સત્ય ધર્મ તથા દેવ-ગુરુનો લાભ સુલભ થયો છે તે બદલ તેમનો ઉપકાર માનીને આ પુસ્તક દ્વારા એમને અમારી નમ્ર સ્મરણાંજલી અર્પણ કરીએ છીએ. તેમજ સત્ય ધર્મના સંસ્કાર બળે પોતાનું આત્મહિત સાધીને તેમનો આત્મા સંસાર ચક્રમાંથી છૂટીને મુક્તિ પદને પામે એવી ભાવના ભાવીએ છીએ.

**લી. ધર્માનુરાગી પરિવાર**

| | | |
|---|---|---|
| **અનુપચંદ(ભાઈ)** | **અંજવાળી (ધર્મપત્ની)** | **દલસુખ (પુત્ર)** |
| **લહેરચંદ (ભત્રીજો)** | **મંગળાબેન (પુત્રી)** | **વસંત („)** |
| | **બ્ર. ઉષાબેન (પુત્રી)** | **કિરીટ („)** |
| | | **ધર્મેન્દ્ર („)** |

**સંવત ૨૦૨૬ના ચૈત્ર વદ ૧ને બુધવાર તા. ૨૨-૪-૭૦**

**સાવરકુંડલા**

# નિવેદન

પૂ. પિતાશ્રીની જ્ઞાન પ્રચારની ભાવના મૂજબ અને સ્મરણાર્થે પ. પૂ. શ્રી ગુરુદેવની પ્રસાદી રૂપે 'પ્રવચન સાગરનાં મોતી' પુસ્તક છપાવીને જિજ્ઞાસુઓને તેમ જ આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવા નક્કી કર્યું છે.

મુ. શ્રી. રામજીભાઈ માણેકચંદ દોશીનો ઉપકાર માનવો ભૂલી શકાય તેમ નથી. પૂ. પિતાશ્રીને તેઓશ્રી પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો.

આ પુસ્તકના સંકલનાર્થે પોતાના અમુલ્ય સમયનો ભોગ આપવા બદલ પંડિત શ્રી હિંમતલાલ જે. શાહના અમે હૃદય પૂર્વક ઋણી છીએ.

આત્મધર્મ માસિક વિગેરે લેખોમાંથી પસંદગી કરીને આ પુસ્તકનું સંકલન કરવામાં આવ્યું છે.

સંકલન કાર્યમાં ઉપયોગી સલાહ સૂચનો આપવા બદલ ભાઈ શ્રી ખીમચંદભાઈ જે. શેઠ, શ્રી ઉમેદભાઈ, શ્રી નાગરભાઈ, બ્ર. શ્રી હરીભાઈ, શ્રી કા. ગો. શાહ, શ્રી વિરચંદભાઈ વિ. સર્વેનો અંતઃકરણથી માનીએ તેટલો આભાર ઓછો છે.

અંતે ટુંક સમયમાં આ પુસ્તકનું છાપકામ કરી આપવા બદલ મે. સુપર પ્રીન્ટસના અને મે. સાહિત્ય મુદ્રણાલયના અમે આભારી છીએ.

લી.

**કિરીટ જે. દોશી**

## રે આત્મા!

તારા જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો બન્યા હોય, ને વૈરાગ્યની સીતાર જ્યારે ઝણઝણી ઊઠી હોય....એવા પ્રસંગની વૈરાગ્યધારાને બરાબર જાળવી રાખજે, ફરીફરી તેની ભાવના કરજે. કોઈ મહાન પ્રતિકૂળતા, અપજશ વગેરે ઉપદ્રવ પ્રસંગે જાગેલી તારી ઉગ્ર વૈરાગ્યભાવનાને અનુકૂળતા વખતે પણ જાળવી રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહીં.

વળી કલ્યાણકના પ્રસંગોને, તીર્થયાત્રા વગેરે પ્રસંગોને, ધર્માત્માઓના સંગમાં થયેલી ધર્મચર્ચા વગેરે કોઈ અદ્ભુત પ્રસંગોને, સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંબંધી જાગેલી કોઈ ઊર્મિઓને, તથા તેના પ્રયત્ન વખતના ધર્માત્માઓના ભાવોને યાદ કરીને ફરી ફરીને તારા આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરજે.

卐 ❀ 卐

## અધ્યાત્મ ભાવના

જેને આત્મસ્વરૂપમાં જ આત્મબુદ્ધિ થઈ છે ને દેહાદિને પોતાથી જુદા જાણ્યા છે એવા અંતરાત્માને મરણપ્રસંગ આવતાં શું થાય છે તે હવે કહે છે.

**आत्मन्येवात्मधीरन्यां शरीरगतिमात्मनः।**
**मन्यते निर्भयं त्यक्त्वा वस्त्रं वस्त्रांतरग्रहम्।।७७।।**

**(સમાધિતંત્ર)**

ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને તેમાં જ જેણે એકત્વબુદ્ધિ કરી છે, ને દેહની ગતિને -પરિણતિને પોતાથી અન્ય જાણી છે-એવા ધર્માત્માને દેહ છૂટવાના પ્રસંગ આવતાં પણ નિર્ભય રહે છે, હું મરી જઈશ એવો ભય તેને થતો નથી, તે તો જેમ એક વસ્ત્ર છોડીને બીજું વસ્ત્ર ગ્રહણ કરવામાં આવે તેમ મરણને પણ ફક્ત દેહનું રૂપાંતર જાણે છે. એક શરીર પલટીને બીજું શરીર આવે, તે બંને શરીરોથી પોતાના આત્માને જુદો જાણે છે.

ધર્મી અંતરાત્મા પોતાના જ્ઞાનપરિણમનને જ પોતાનું જાણે છે, શરીરના પરિણમનને તે પોતાનું નથી જાણતા, તેને તો તે જડનું પરિણમન જાણે છે. શરીરની ઉત્પત્તિ, બાલ -યુવાન-વૃદ્ધ અવસ્થાઓ કે મરણ તે બધાયથી હું જુદો છું, હું તો જ્ઞાનસ્વરૂપ છું; શરીર છૂટતાં મારું જ્ઞાન છૂટતું નથી માટે મારું મરણ નથી, એવા ભાનમાં ધર્માત્માને મરણનો ભય નથી. એક શરીર બદલીને બીજું શરીર આવ્યું, ત્યાં મને શું? હું તો સળંગપણે રહેનાર જ્ઞાનસ્વરૂપ જ છું. જેમ વસ્ત્ર પલટતાં માણસ દુઃખી થતો નથી તેમ શરીરને વસ્ત્રની માફક પોતાથી ભિન્ન જાણનાર જ્ઞાનીને શરીર પલટતાં દુઃખ થતું નથી. હજી તો આ શરીર અહીં ભડભડ બળતું હોય તે પહેલાં તો આત્મા સ્વર્ગમાં ઊપજી ગયો હોય. એ શરીરની ક્રિયાઓનું સ્વામીપણું આત્માને નથી એમ પહેલેથી જ્ઞાનીએ દેહની ભિન્નતા જાણી છે. મારા વિવિધ પરિણામને લીધે શરીરની વિવિધ પરિણતિ થાય છે એમ ધર્મી માનતા નથી. ધર્મી તો જ્ઞાનપરિણામને જ પોતાનું કાર્ય જાણે છે, એટલે કે તે જ્ઞાતાપણે જ રહે છે.

આ શરીર સાથે એકક્ષેત્રે રહેવારૂપ નિકટ સંબંધ હોવા છતાં આત્માથી તે તદ્દન ભિન્ન છે. દેહનું કાર્ય દેહ કરે ને આત્માનું કાર્ય આત્મા કરે-એમ જ્ઞાની બંનેના કાર્યોને

જ્ઞાની ભિન્ન ભિન્ન દેખે છે. અજ્ઞાની તો 'હું બોલ્યો, હું ચાલ્યો' -એમ આત્મા અને શરીર બંનેના કાર્યોને એકપણે જ દેખે છે. ધર્માત્મા જાણે છે કે શરીર અને સંયોગો તે બધા મારાથી જુદા છે, તે બધા અહીં પડ્યા રહેશે, મારી સાથે એક પગલું પણ નહિ આવે; મારા શ્રદ્ધા-જ્ઞાન-આનંદ જ મારી સાથે સદા રહેનારા છે. -આવા ભાનપૂર્વક ધર્મી શ્રદ્ધાજ્ઞાનને સાથે લઈ જાય છે એટલે કે સમાધિમરણ કરે છે. શરીરના ત્યાગ-ગ્રહણને તે વસ્ત્રના ત્યાગ-ગ્રહણની માફક જાણે છે. ઝૂંપડીના નાશથી માણસ મરી જતો નથી તેમ આ શરીરરૂપી ઝૂંપડીના નાશથી કાંઈ આત્માનો નાશ થતો નથી. આવું ભેદજ્ઞાન કરીને જ્ઞાનસ્વરૂપ આત્માની ભાવના જેણે ભાવી છે એવા ધર્માત્માને મરણ પ્રસંગે પણ સમાધિ જ રહે છે.

પ્રભો! એકવાર દૃષ્ટિની ગુલાંટ મારીને આમ અંતરમાં ચૈતન્યસ્વભાવ ઉપર નજર માંડ. આ દેહ અને સંયોગો એ કોઈ તને શરણું નહિ આપે, માટે તેની દૃષ્ટિ છોડ. ને શરણભૂત એવા ચૈતન્યને જ દૃષ્ટિમાં લે....તો તને ગમે તે ક્ષણે ચૈતન્યના શરણે સમાધિ જ રહેશે.।।૭૭।।

# આત્મહિત માટે વૈરાગ્યરસભીનો ઉપદેશ

**'દૌલ' સમઝ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ;**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ.**

**(છહઢાળા, ત્રીજી ઢાળ, ગાથા-૧૭)**

ભાઈ, તું અનંતવાર મનુષ્યભવ પામ્યો પણ આત્માના જ્ઞાન વિના વ્યર્થ ગુમાવ્યો. યુવાનીમાં વિષયવાસનામાં ને ધનમાં એવો મોહ્યો કે બીજું કાંઈ સૂઝે જ નહીં! એ રીતે કિંમતી કાળ પાપમાં ગુમાવ્યો. જો કે આત્માનું હિત કરવા માગે તો યુવાનીમાં પણ કરી શકાય છે; પણ આ તો જે દરકાર નથી કરતા એવા જીવોની વાત છે. અનંતવાર આત્માની દરકાર વગર યુવાની પાપમાં ગુમાવી, માટે આ અવસરમાં આત્માની દરકાર કરજે-એમ ઉપદેશ છે.

મનુષ્યજન્મની યુવાનીનો કાળ-તે તો ધર્મની કમાણીનો ખરેખરો વખત છે, એવા વખતે વિષય-કષાયોમાં ડૂબીને રત્નચિન્તામણિ જેવો અવસર વેડફી નાંખે છે! ભાઈ, આ મનુષ્યપણાની એકેક ઘડી મહા કિંમતી છે, લાખો-કરોડો રૂપિયા આપતાંય એની એક ઘડી મળે તેમ નથી. નાનો હોય તો દડા ઊડાડવામાં વખત ગાળે ને મોટો થાય એટલે પૈસા કમાવામાં વખત ચાલ્યો જાય. પણ ભાઈ, ક્ષણેક્ષણે તારા જીવનનો દડો ઊડી જાય છે અને તારા આત્માની કમાણી ચૂકી જવાય છે, તેની કાંઈ દરકાર ખરી? આવો અવસર વ્યર્થ ગુમાવવા જેવો નથી.

વૃદ્ધાવસ્થા ક્યારે આવી જાય છે તેની ખબર પણ નથી પડતી; વૃદ્ધાવસ્થા થતાં અર્ધમૃતક જેવી દશા થઈ જાય છે. દેહમાં અનેક રોગ થાય, હાલીચાલી શકાય નહિ, ખાવા-પીવામાં પરાધીનતા થાય, ઈન્દ્રિયો કામ કરે નહિ, આંખે પૂરું દેખાય નહિ, સ્ત્રી -પુત્રાદિ પણ કહેવું માને નહિ,-અને દૃષ્ટિ તો એ બધા સંયોગો ઉપર જ પડી છે, એટલે જાણે કે જીવન હારી ગયો-એમ તે જીવ-દુઃખી-દુઃખી થઈ જાય છે. પણ બાલ-યુવાન-વૃદ્ધ એ ત્રણે અવસ્થાથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપને તે મોહી જીવ જાણતો નથી ને આત્માના ભાન વગર મનુષ્યપણું દુઃખમાં જ ગુમાવે છે.

વૃદ્ધાવસ્થામાંય આત્માનું કલ્યાણ કરવા ધારે તો કરી શકાય છે.-'એ તો જાગ્યા ત્યાંથી સવાર.' અગાઉ તો ઘણા જીવો શરીરમાં સફેદ વાળ દેખતાં વૈરાગ્ય પામીને દીક્ષા

લઈ લેતા, એવા પ્રસંગો બનતા. પણ હજી દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન પણ જ્યાં ન હોય ત્યાં દીક્ષા ક્યાંથી લ્યે? ચૈતન્યની શ્રદ્ધા ચૂકીને દેહની અનુકૂળતામાં જ મૂર્છાઈ ગયો, ને પ્રતિકૂળતા આવે ત્યાં દુઃખના ઢગલામાં જાણે દટાઈ ગયો, સંયોગથી જુદો જીવ દેખાતો જ નથી. આવા જીવો જે સંયોગમાં રહે તેનાથી બીજા કરતાં હું કાંઈક અધિક છું-એમ દેખાડવા મથે છે, સંયોગથી અધિકતા માને છે, પણ 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' ભાઈ! સંયોગ વધતાં તારા આત્મામાં શું વધી ગયું? પાડા અને હાથીનું શરીર ઘણું મોટું હોય છે તેથી શું તેના આત્માની અધિકતા થઈ ગઈ? ના, આત્માની અધિકતા તો જ્ઞાનસ્વભાવ વડે છે. મારો આત્મા જ્ઞાનસ્વભાવને લીધે બીજા બધાથી અધિક છે, રાગથી પણ તે અધિક છે. અધિક છે એટલે કે જુદો છે-એમ જેણે આત્માની અધિકતા ન જાણી, તે જીવો શરીરથી, આબરૂથી, ધનથી, કુટુંબથી, મકાનથી, પદવીથી, અવાજની મધુરતાથી કે શુભરાગથી-એમ બહાર વડે પોતાની અધિકતા માને છે. અહો, જ્ઞાનસ્વભાવી આત્મા આખા વિશ્વથી અધિક છે. જ્ઞાનસ્વભાવની તોલે આવે એવું કોઈ વિશ્વમાં નથી. માટે હે જીવ! તું આત્માની કિંમત કર ને બીજાની કિંમત છોડ. શરીર-પૈસા વગેરે સંયોગનો મોહ છોડ. બીજા પાસે વધુ સંયોગ દેખીને તેની બળતરા છોડ;- 'આની પાસે ઘણું ને મારી પાસે થોડું' એવી બળતરાથી દેવો પણ દુઃખી થાય છે-એ વાત દેવગતિના દુઃખમાં કહેશે.

દેહમાં મૂર્છાયેલો જીવ પોતાના સાચા રૂપને કઈ રીતે ઓળખે? -જેને બાલપણમાં તો કંઈ જ્ઞાન નથી, યુવાની વિષયોમાં ગુમાવે છે ને વૃદ્ધાવસ્થામાં અર્ધમૃતક થઈ જાય છે. એ રીતે દેહબુદ્ધિમાં પોતાનું જીવન ગુમાવનારા જીવો આત્માનું સ્વરૂપ કઈ રીતે ઓળખે? **कैसे रुप लखै अपनो?** આમ કહીને સમ્યગ્દર્શનની વાત લીધી છે. સમ્યગ્દર્શન પામવું એટલે કે પોતાનું સ્વરૂપ જાણવું તે જ હિતનો ઉપાય છે, તેજ વીતરાગવિજ્ઞાન છે, તે જ સંત-ગુરુઓની શિખામણ છે તથા તેમાં જ મનુષ્યભવની સાર્થકતા છે. અહીં શુભરાગની વાત ન કરી અર્થાત્ **कैसे रुप लखै अपनो** એમ કહ્યું, પણ **कैसे करै शुभराग** એમ ન કહ્યું, કેમકે તે તો અનંતવાર કર્યા; શુભરાગ કર્યો ત્યારે તો તે મનુષ્ય થયો; એટલે તે કાંઈ અપૂર્વ ચીજ નથી, પણ પોતાનું રૂપ જાણ્યું નહિ, સમ્યગ્દર્શન કર્યું નહિ, એટલે પોતાનું રૂપ લખવું-અનુભવવું તે અપૂર્વ ચીજ છે, તેમાં જ જીવનું હિત છે.

મોહ છોડીને પોતાનું સ્વરૂપ જાણવા માગે તો તે ગમે ત્યારે જાણી શકે છે. પણ

મોહથી જે બહારમાં જ મથ્યો રહે તે પોતાના નિજસ્વરૂપને ક્યાંથી દેખે? ભાઈ, અત્યારે આવો અવસર તને મળ્યો છે તો આત્માના હિતને માટે વખત લે. મરતાં તો આ બધું અહીં પડ્યું રહેશે, માટે જીવતાં જ તેનો મોહ છોડીને આત્માનું સ્વરૂપ ઓળખવાનો ઉદ્યમ કર.

'અત્યારે કમાઈ લઈએ, પછી વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ લઈને આત્માનું કંઈક કરીશું!' -એમ કોઈ કહે. પણ ભાઈ! વૃદ્ધાવસ્થા આવશે જ એવું ક્યાં નક્કી છે? ઘણાય જીવો યુવાન અવસ્થામાં જ આયુષ્ય પૂરું થતાં ફૂ થઈને ચાલ્યા જાય છે,-એવા પ્રસંગો તો નજરે દેખાય છે, તો પછી વૃદ્ધાવસ્થાનો શો ભરોસો? અત્યારે યુવાન અવસ્થા વખતે તું એમ કહે છે કે વૃદ્ધાવસ્થામાં કરીશું; પણ વૃદ્ધાવસ્થામાં જયારે શક્તિઓ ક્ષીણ થઈ જશે ત્યારે તને પસ્તાવો થશે કે અરે! યુવાનીમાં વખત હતો ત્યારે આત્માની કાંઈ દરકાર ન કરી. માટે વાયદા કરવાનું મૂકીને અત્યારથી જ આત્માનું હિત થાય એવો ઉદ્યમ કર.

બહારના સંયોગની સગવડતામાં તને પોતાની સરખાઈ લાગે છે,-પણ ભાઈ! એ બહારના સંયોગમાં તું છો જ ક્યાં? તારું રૂપ તો તેનાથી જુદું છે, તું તો જ્ઞાનરૂપ છો; તારા સાચા રૂપને તું ઓળખ. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?-એનો શાંતિથી વિચાર કર.

રે જીવ! એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તો તને વિચાર કરવાની શક્તિ જ ન હતી, હવે અત્યારે વિચાર કરવાની શક્તિ ઉઘડી છે તો આત્માના હિતનો વિચાર કરીને તેનો સદુપયોગ કર. ઘણા જીવો તો મનુષ્ય થવા છતાં એટલી બધી મંદબુદ્ધિવાળા હોય છે કે મૂઢ જેવા જ રહે છે; કોઈને થોડીઘણી બુદ્ધિ હોય છે તો બહારના કાર્યોનાં તીવ્ર અભિમાન આડે બુદ્ધિને તેમાં જ રોકે છે, આત્માના હિત માટે બુદ્ધિનો ઉપયોગ નથી કરતો. પૈસા કેમ કમાવા તેમાં બુદ્ધિ વાપરે છે (-જો કે પૈસા તો પુણ્ય અનુસાર મળે છે), પણ આત્માના હિતની કમાણી કેમ થાય તેમાં બુદ્ધિ વાપરતો નથી અને આત્માના હિતનો વિચાર કર્યા વગર મોંઘું જીવન વેડફી નાખે છે. અરે! આવું મોંઘું જીવન માત્ર ધનમાં, સ્ત્રીમાં કે રાજપાટમાં વેડફી નાખવાનું ન હોય; તેમાં તો આત્માના હિતનો વિચાર કરવો કે જેથી ફરીને આ સંસારમાં આવા દુઃખો ભોગવવા ન પડે. આમ વિચારીને તારા આત્માને મોક્ષપંથમાં જોડ. તારા ચૈતન્યપ્રભુને તેં કદી ન દેખ્યા

તો હવે અત્યારે તેને દેખ. ચૈતન્યના દર્શનનો (સમ્યગ્દર્શનનો) આ અવસર છે.

**દેખણ દે રે...સખી દેખણ દે...ચંદ્રપ્રભુ મુખચંદ...**
**સખી મુને દેખણ દે...**

મુમુક્ષુ પોતાના ચૈતન્યપ્રભુના દર્શનની તીવ્ર ભાવના ભાવે છે કે અરે! એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીમાં મેં કદી મારા ચૈતન્યપ્રભુને ન દેખ્યા, કેમકે તે વખતે તો દેખવાની શક્તિ જ ન હતી. પણ હવે આ મનુષ્યપણામાં ચૈતન્યપ્રભુને દેખવાનો અવસર આવ્યો છે, માટે હે ચેતનાસખી! મને મારા ચૈતન્યપ્રભુના દર્શન કરાવ. 'દેખણ દે રે....સખી, દેખણ દે.'

પોતે પોતાના ચૈતન્યપ્રભુને દેખવાની દરકાર જ જીવ ક્યાં કરે છે? નવરો હોય, કાંઈ કામ ન હોય તોપણ કાંઈ ધર્મના વાંચન-વિચારને બદલે મફતનો પારકી ચિન્તા કર્યા કરે; ધનની ચિન્તા, શરીરની ચિન્તા, સ્ત્રી-પુત્રની ચિન્તા, દેશની ચિન્તા-એમ પાર વગરની પારકી ચિન્તામાં જીવ વ્યર્થ કાળ ગુમાવે છે, પણ આત્માના હિતની ચિન્તા કરતો નથી. પારકી ચિન્તા તો વ્યર્થ છે, કેમકે તારી ચિન્તા પ્રમાણે તો કાંઈ પરમાં થતું નથી. ટી. બી. (ક્ષય) થાય, પક્ષઘાત થાય અને ખબર પડે કે હવે આ પથારીમાંથી ઊઠીને કદી દુકાને જઈ શકવાનો નથી, છતાં પણ પથારીમાં સૂતો સૂતો આત્માના વિચાર કરે નહિ, પણ ઘરના, દુકાનના કે શરીરાદિના વિચાર કર્યા કરે, ને પાપના પોટલાં બાંધીને દુર્ગતિમાં જાય. નવરો પડે ત્યારે પારકી ચિન્તા કરે છે તેને બદલે આત્માની ચિન્તા કરે તો કોણ રોકે છે? કોઈ રોકતું નથી; પણ એને પોતાને દરકાર જ ક્યાં છે? અરેરે, એને હજી ભવદુઃખનો થાક નથી લાગતો! ભાઈ, આ મનુષ્યપણામાંય નહિ ચેતે, તો પછી ક્યારે ચેતીશ?

**'દૌલ' સમઝ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ;**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ.**

卐 ❀ 卐

# મૃત્યુંજય

જ્ઞાની ખરેખર મૃત્યુંજય છે એટલે કે તેમણે મૃત્યુને જીતી લીધું છે. જ્ઞાનીને મરણનો ભય નથી, કેમકે આત્મા કદી મરતો જ નથી. આત્મા તો પોતાના ચૈતન્યપ્રાણથી સદા જીવંત જ છે. આવા આત્મજીવનને જયાં નિઃશંકપણે જાણ્યું ત્યાં મરણનો ભય ક્યાંથી હોય?

દેહમાં જેને આત્મબુદ્ધિ છે એવો અજ્ઞાની જીવ, દેહમાં કે સંયોગમાં કંઈક ફેરફાર થતાં 'હાય....હાય! હવે હું મરી જઈશ, દેહ વિના ને રાગ વિના મારો આત્મા જીવી નહિ શકે'-એમ મરણથી ભયભીત રહે છે. જ્ઞાનીએ તો પોતાના આત્માને દેહથી અત્યંત જુદો જ જાણ્યો છે અને રાગથીયે પર અનુભવ્યો છે, એટલે દેહ છૂટવાના પ્રસંગે મરણની બીક તેને હોતી નથી. જયાં મરણ જ મારું નથી ત્યાં બીક કોની?

વન-જંગલમાં સંત-મુનિ આત્મધ્યાનમાં બેઠાં હોય ને ત્યાં વાઘનું ટોળું આવીને તેમને ઘેરી વળે કે બોમ્બના ગોળા વરસે તો પણ મુનિ ભયભીત થતાં નથી કે આ વાઘનું ટોળું કે આ બોમ્બવર્ષા મારો નાશ કરશે. 'હું તો અરૂપી જ્ઞાનસ્વરૂપ છું, મારું જ્ઞાન અવધ્ય છે-કોઈથી હણી શકાય નહિ, એટલે આ વાઘનું ટોળું કે બોમ્બનો ગોળો મારો નાશ કરવા સમર્થ નથી' -એમ નિઃશંક વર્તતા થકા જ્ઞાનિ નિર્ભયપણે પોતાના જ્ઞાનસ્વરૂપને સાધીને સિદ્ધ થાય છે.

卐 ❀ 卐

# શ્રીગુરુ જીવોને સુખકર ઉપદેશ આપે છે

**जे ज्रो त्रिभुवनमें जीव अनन्त, सुख चाहैं दुखतें भयवन्त्।**
**तातैं दुखहारी सुखकार, कहैं सीख गुरु करुणा धार।।१।।**

**(છહઢાળા, પહેલી ઢાળ, ગાથા-૧)**

ત્રણ લોકમાં સાર વીતરાગવિજ્ઞાન છે-એમ બતાવીને હવે તે વીતરાગવિજ્ઞાન પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે. ત્રણ લોકમાં જે અનંત જીવો છે તેઓ સુખને ચાહે છે ને દુ:ખથી ડરે છે, તેથી તેમને સુખ કેમ થાય ને દુ:ખ કેમ ટળે? એવો મોક્ષમાર્ગનો હિતકારી ઉપદેશ કરુણાધારી શ્રીગુરુ આપે છે. મોક્ષમાર્ગ કહો કે વીતરાગી વિજ્ઞાન કહો, તેના વડે જ જીવોને સુખ થાય છે ને દુ:ખ મટે છે. તેથી જ્ઞાની ગુરુઓએ કરુણા કરીને જીવોને તેની શિખામણ આપી છે, તેનો ઉપદેશ આપ્યો છે.

અરે, જીવો અજ્ઞાનભાવથી ચાર ગતિના દુ:ખોમાં તરફડી રહ્યાં છે. જ્ઞાની પોતે પૂર્વે અજ્ઞાનદશામાં એવું દુ:ખ વેઠી ચુક્યા છે ને આત્માનું સાચું સુખ પણ તેમણે ચાખ્યું છે. તેથી જગતના જીવો ઉપર તેમને પ્રશસ્ત કરુણા આવે છે કે અરે, અજ્ઞાનના આ ઘોર દુ:ખોથી જીવો છૂટે ને સાચું આત્મસુખ પામે. આવી કરુણાથી દુ:ખનું કારણ જે મિથ્યાત્વ છે તેને છોડવાનો અને સુખનું કારણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તેને અંગીકાર કરવાનો ઉપદેશ દીધો છે. તારું કલ્યાણ ચાહતો હો તો હે જીવ! તું આ ઉપદેશને સ્થિર મનથી સાંભળ.

જુઓ તો ખરા સન્તોની કરુણા! 'પ્રવચનસાર'માં પણ કહે છે કે ''પરમ આનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે....આ ટીકા કરવામાં આવે છે.'' અતીન્દ્રિય આનંદરસની જેને તરસ લાગી છે એવા જીવને તે અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એવી રીતે સમજાવે છે કે સમજતાં અપૂર્વ આનંદ સહિત સમ્યગ્દર્શન થાય.

પરમાત્મપ્રકાશની ઉત્થાનિકામાં પણ પ્રભાકર-શિષ્ય શ્રીગુરુને વિનંતિ કરે છે કે હે સ્વામી! આ સંસારમાં ભમતાં ભમતાં મારો અનંતકાળ વીતી ગયો પણ હું જરાય સુખ ન પામ્યો, મહા દુ:ખ જ પામ્યો. અનંતવાર ઉત્તમ કુળ વગેરે સામગ્રી મળી છતાં હું જરાય સુખ ન પામ્યો, સ્વર્ગમાં પણ મને સુખ ન મળ્યું, વીતરાગી પરમાનંદ સુખનો

સ્વાદ મેં કદી ન ચાખ્યો. આ પ્રમાણે પોતાના ભાવ નિર્મળ કરીને શિષ્ય વિનવે છે કે હે ગુરુ! આ ચાર ગતિના દુઃખથી સંતપ્ત એવા મને, પ્રસન્ન થઈને તમે કોઈ એવું પરમાત્મતત્ત્વ બતાવો કે જેને જાણવાથી ચાર ગતિના દુઃખોનો નાશ થાય ને આનંદ પ્રગટે. ત્યારે શ્રીગુરુ કહે છે કે એવું સ્વરૂપ હું તને કહું છું, તે '**णिसुणि तुहुँ**' તું સાંભળ. આમ જે જીવ અંદરથી ઘા નાખતો જિજ્ઞાસુ થઈને આવ્યો છે તેને માટે આ હિતનો ઉપદેશ છે.

ચાર ગતિમાં કુલ અનંતા જીવો છે. મનુષ્યમાં અસંખ્યાતા છે, નરકમાં અસંખ્યાતા છે, દેવલોકમાં અસંખ્યાતા છે અને તિર્યંચમાં અનંતા છે. તિર્યંચમાં બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો તો અસંખ્યાતા જ છે પણ એકેન્દ્રિય જીવો અનંત છે. મિથ્યાત્વને લીધે તે બધાય જીવો દુઃખથી તો ડરે છે ને સુખને જ ચાહે છે, પણ તે સુખ ક્યાં છે ને કેમ પ્રગટે? તેનો ઉપાય જાણતા નથી. દુઃખ કેમ છે ને કેમ ટળે? તેની તેને ખબર નથી, એટલે સુખને માટે બહારમાં ને બહારમાં ઝાવાં નાખે છે. પણ એ બહારના ઉપાયથી તેમનું દુઃખ મટતું નથી ને સુખ થતું નથી. તેથી તે જીવો ઉપર કરુણા કરીને દુઃખથી છૂટવાનો ઉપાય સન્તોએ બતાવ્યો છે. હે જીવ! તારો મિથ્યાત્વભાવ જ તને દુઃખનું કારણ છે, એટલે કે તારી ભૂલથી જ તું દુઃખી છો. સાચા ભેદજ્ઞાન વડે એ ભૂલ મટાડ અને સમ્યક્ત્વાદિ પ્રગટ કર,-એ જ સુખી થવાનો ઉપાય છે.

હે જીવ! તારા દોષે તને બંધન છે-એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું, ને પોતે પોતાને ભૂલી જવું.

(શ્રીમદ્ રાજચંદ્ર)

જુઓને, સુખને માટે જગતના જીવો કેવા વલખાં મારે છે! જાણે રૂપિયામાંથી સુખ લઈ લઉં! જાણે રૂપાળા શરીરમાંથી કે બંગલામાંથી સુખ લઇ લઉં! એમ બહારમાં વલખાં મારે છે. અરે, ઘરબાર છોડીને, શરીરને પણ છોડીને (-આપઘાત કરીનેય) સુખી થવા ને દુઃખથી છૂટવા માંગે છે. ભલે એના એ ઉપાયો સાચા નથી, પણ એટલું તો નક્કી થાય છે કે જીવો સુખને ચાહે છે ને દુઃખથી છૂટવા માંગે છે.

સુખને કોણ ન ઈચ્છે? સુખને ન ઇચ્છે તે કાં સિદ્ધ-વીતરાગ, કાં નાસ્તિક અને કાં જડ હોય! એકેન્દ્રિયાદિ જીવોને ભલે મન કે વિચારશક્તિ નથી, છતાં અવ્યક્તપણે પણ તેઓ સુખને જ ઇચ્છે છે. એ પ્રમાણે જગતના અનંત જીવોને સુખની જ ચાહના

છે ને દુઃખનો ત્રાસ છે. તેઓ સુખને ચાહતા હોવા છતાં, સાચું સુખ કોને કહેવાય ને તે સુખ કેવા ઉપાયથી પ્રગટે તે જાણતા નથી.

શ્રીમદ્ રાજચંદ્રજી પણ 'આત્મસિદ્ધિ'માં કહે છે કે-

**કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩.**

અરે, બાહ્ય ક્રિયામાં ને બહારના લુખા જાણપણામાં જીવો ધર્મ એટલે કે મોક્ષમાર્ગ માની રહ્યા છે, તે જોઈને જ્ઞાનીને કરુણા ઊપજે છે. તેથી તેમણે જગતને સાચો મોક્ષમાર્ગ સમજાવ્યો છે. દુઃખ કેમ છે? કે 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' ભાઈ! તારા આત્માનું સ્વરૂપ ન સમજવાથી તું અનંત દુઃખ પામ્યો. તે સ્વરૂપ શ્રીગુરુ તને સમજાવે છે. તે સમજ તો તારું દુઃખ મટશે ને તને પરમ આનંદ થશે. (સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.)

જે જીવ ગરજૂ થઈને આવ્યો છે, પોતાના હિત માટે ધર્મનો જિજ્ઞાસુ થઈને આવ્યો છે-એવા જીવોનું માટે આ વાત છે. જેને પોતાના હિતની કાંઈ દરકાર જ ન હોય -એવા જીવોને તો શું કહેવું? પં. ટોડરમલ્લજી 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહે છે કે જે ધર્મના લોભી હોય, ધર્મ સમજવાના ગરજવાન હોય એવા જીવોને આચાર્ય ધર્મોપદેશ આપે છે. આચાર્ય મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિશે જ નિમગ્ન છે, પરંતુ કદાચિત્ ધર્મલોભી વગેરે અન્ય જીવોને દેખી રાગના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો તેમને ધર્મોપદેશ આપે છે. અહા, એ સંતોનું મુખ્ય કામ તો સ્વરૂપમાં લીન થઈને પરમાનંદને સાધવાનું છે, પણ ક્યારેક વિકલ્પ ઊઠતાં ધર્મોપદેશ આપે છે.

અરે, આવા ઉપદેશદાતા ગુરુનો જોગ મળવા છતાં પણ જે જીવ તે ઉપદેશ ન સાંભળે તેને તો આત્માની દરકાર જ નથી. સંસારના દુઃખનો તેને હજી થાક નથી લાગ્યો. અહીં તો સંસારથી થાકીને આત્માની શાંતિ લેવા ચાહતા હોય એવા જિજ્ઞાસુ જીવોને માટે વાત છે.

દેહથી ભિન્ન આત્માને જાણનારા, ને રાગથી ભિન્ન આનંદને અનુભવનારા એવા વીતરાગી મુનિ-કે જેઓ રત્નત્રયના ધારક છે, મોક્ષના સાધક છે, ત્રણ કષાયની ચોકડીનો જેમને અભાવ છે ને પ્રચુર વીતરાગી સ્વસંવેદન જેમને વર્તે છે એવા ગુરુ-કરુણા કરીને

૮૪ લાખ યોનિના દુઃખી જીવોને માટે હિતની શિક્ષા એટલે કે શિખામણ-ઉપદેશ આપે છે. કેવો ઉપદેશ આપે છે?-કે દુઃખનો નાશ કરનાર અને સુખની પ્રાપ્તિ કરાવનાર.

આ શાસ્ત્રમાં અને સર્વ વીતરાગી શાસ્ત્રોમાં આત્માને સુખ દેનાર ને દુઃખથી છોડાવનાર એવો ઉપદેશ આપ્યો છે. સન્તોનો ઉપદેશ, સન્તોની શિખામણ એ છે કે જેનાથી વિકારનો-દુઃખનો નાશ થાય ને સુખની પ્રાપ્તિ થાય. વિકાર તે દુઃખ છે ને તેના નાશનો ઉપદેશ છે એટલે કે નિર્વિકાર દશા પ્રગટ કરવાનો ઉપદેશ છે. રાગના નાશનો ઉપદેશ છે, ને વીતરાગભાવ પ્રગટાવવાનો ઉપદેશ છે. આવો ઉપદેશ તે ઈષ્ટોપદેશ છે. ઈષ્ટ-ઉપદેશ એટલે કે હિતનો ઉપદેશ, પ્રિય ઉપદેશ. તે ઉપદેશની સમજણનું ફળ એ છે કે ભેદવિજ્ઞાન થઈને દુઃખનો નાશ થાય ને સુખનો અનુભવ પ્રગટે. જીવને એ જ ઈષ્ટ છે, એ જ પ્રયોજન છે, એ જ સાર છે. આનો અર્થ એ થયો કે પ્રથમ મંગળરૂપે જે વીતરાગવિજ્ઞાનને વંદન કર્યા તે વીતરાગવિજ્ઞાન ઉત્પન્ન કરવાનો ઉપદેશ જૈનધર્મના ચારે અનુયોગમાં આપ્યો છે. ચારે અનુયોગ વીતરાગવિજ્ઞાનના જ પોષક છે, તેને હે ભવ્યો! તમે પ્રીતિપૂર્વક સાંભળો.

સંસારમાં ભમતાં ભમતાં અનંતકાળે મોંઘું એવું સંજ્ઞીપણું જેને પ્રાપ્ત થયું છે, અને તેમાં પણ આત્મહિતની શિખામણ સમજવા જેટલી વિચારશક્તિ જેને ખીલી છે અર્થાત્ એ પ્રકારની જ્ઞાનની તાકાત છે તથા સમજવાની જિજ્ઞાસા છે, એવા જીવોને આ ઉપદેશ શ્રીગુરુ કરુણાપૂર્વક સંભળાવે છે.

દુઃખનો નાશ, સુખની પ્રાપ્તિ-બસ, આમાં મોક્ષમાર્ગ આવી ગયો. જિનવાણી દુઃખનું કારણ એવા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રનો નાશ કરાવે છે. અને સુખનું કારણ એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રગટ કરાવે છે. જે ભાવ વડે દુઃખનો નાશ ન થાય ને સુખનો અનુભવ ન થાય તે ભાવને ભગવાન ધર્મ કહેતા નથી, મોક્ષમાર્ગ કહેતા નથી; ને એવા ભાવનું સેવન કરવાનું જેમાં કહ્યું હોય તે ઉપદેશ સાચો નથી, હિતકર નથી, ઈષ્ટ નથી. સંતોએ તો જેનાથી જીવનું ભલું થાય એવા વીતરાગવિજ્ઞાનની જ શિખામણ આપી છે, તેને જ ધર્મ કહ્યો છે.

ત્રણ લોકમાં કોઈ પણ જીવને દુઃખ ગમતું નથી. દુઃખથી બધા જીવો ડરે છે. શું નિગોદના જીવો પણ દુઃખથી ડરે છે? હા, અવ્યક્તપણે તેઓ પણ દુઃખથી છૂટવા જ માગે છે. દરેક જીવનો સ્વભાવ જ એવો છે કે સુખ જ તેનું સ્વરૂપ છે, ને દુઃખ તેનું સ્વરૂપ નથી. કોઈવાર અપમાન વગેરેના દુઃખ આડે શરીર છોડીનેય તે દુઃખથી

છૂટીને સુખી થવા માગે છે, શરીર રહિત એકલો રહીનેય દુઃખથી છૂટવા માગે છે. તેથી સાબિત થાય છે કે શરીર વગર એકલો આત્મા સુખી રહી શકે છે, કેમકે આત્મા પોતે સુખસ્વરૂપ છે. 'અરે, આવા દુઃખ કરતાં તો મરી જવું સારું' -એમ મરણ કરતાં પણ દુઃખ અસહ્ય લાગે છે. દુઃખથી છૂટવા માટે મરણને પણ ગણકારતો નથી. આ રીતે જીવને દુઃખ ગમતું નથી તેથી શરીર છોડીને પણ દુઃખથી છૂટવા માગે છે, અને એટલે અવ્યક્તપણે એમ સિદ્ધ થાય છે કે આત્મામાં દેહ વગર સુખ છે. જો દેહાતીત આત્માને પોતામાં દેખે તો જરૂર સુખ અનુભવમાં આવે. પણ આત્માનું સાચું ભાન કરતો નથી તેથી પોતાનું સુખ પોતાના અનુભવમાં આવતું નથી.

અંદર અપમાન વગેરેનું તીવ્ર દુઃખ લાગે અને સમાધાન કરી ન શકે, નપાસ થયો હોય, ધંધામાં મોટી ખોટ ગઈ હોય કે દેહની તીવ્ર પીડા સહન થતી ન હોય- એવા પ્રસંગે કોઈ જીવ વિચારે છે કે અરેરે! હવે ઝેર ખાઈને આ દુઃખથી છૂટું. જુઓ તો ખરા, ઝેર ખાવું સહેલું લાગે છે પણ દુઃખ સહન કરવું અઘરું લાગે છે! ભાઈ, દેહ છોડીને પણ ખરેખર જો તું સુખી થવા માગતો હો ને દુઃખથી તારે છૂટવું હોય તો તેનો સાચો રસ્તો લે. દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા શું ચીજ છે તેની ઓળખાણ કરીને વીતરાગવિજ્ઞાન પ્રગટ કરવું તે જ સાચો ઉપાય છે. અહીં એ ઉપાય સંતો તને બતાવે છે, તે સાવધાન થઈને સાંભળ.

'આત્મભ્રાન્તિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ'. અરે, દેહના રોગની પીડાથી છૂટવા માગે છે, પણ ભાઈ, આત્મભ્રાન્તિરૂપી રોગનું મહાન દુઃખ છે તેનાથી છૂટવાનો ઉપાય કર. તે માટે વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપનારા સદ્‌ગુરુને સાચા વૈદ્ય જાણ.

卐 ❀ 卐

## સંબોધન

હે જીવ!

તારા જીવનમાં તેં જે આત્મધ્યેય નક્કી કર્યું છે, જે ધ્યેયને સાધવા માટે તું નિવૃત્તિપૂર્વક સત્સંગ સેવી રહ્યો છે, તે ઉત્તમ ધ્યેયને એક પળ પણ તું ભૂલ મા, તે ધ્યેયને ઢીલું થવા ન દે....અતિ અતિ ઉદ્યમ વડે ઉત્સાહથી ધ્યેયને સિદ્ધ કર.

# અંતરાત્મા પ્રત્યે

અહો! શાંતમૂર્તિ અંતરાત્મા! તું તારાથી જ પ્રસન્ન રહે, કોઈ અન્ય તને પ્રસન્ન રાખશે એવી વ્યર્થ આશા છોડી દે.

તું પોતે તને પૂર્ણ સ્વરૂપમાં નહિ લાવે તો અન્ય કોઈ તને શું આપી દેવાના છે? જેઓને કોઈ પ્રત્યે રાગ કે દ્વેષભાવ નથી તેમની પાસેથી માગવું પણ શું? અને જેઓ પોતે જ રાગ અને દ્વેષભાવથી રીબાઈ રહ્યા છે એવાઓ બિચારાં અન્યનું શું હિત કરશે? માટે-

હે સહજ પૂર્ણ-આનંદી અંતરાત્મા! અપૂર્ણતા છોડ. જગત પોતાથી પૂર્ણ છે, તું તારાથી પૂર્ણ સ્વરૂપમાં આવી જા. શીતળ શાંત જ્ઞાનસ્વભાવથી તું ભરપૂર છો, તેમાં બાહ્યવૃત્તિથી મોજાંઓ ઉપાડી ડોળપ લાવવાની ટેવ છોડ.

હે શુભ ભાવનાઓ! તમોએ અશુભની જગ્યા તો પૂરી દીધી, પણ મારે તો તમારી પણ જરૂર નથી. 'હું મારા જ્ઞાયકભાવમાં સમાઈ જાઉં છું અને તમારાથી પણ નિવૃત્ત થાઉં છું, છૂટો પડું છું.'

હે પૂર્વ કર્મોદયો! તમોએ પણ સત્તામાં રહેવાનું બંધ કર્યું છે-અને-ઉદયમાં આવવાનું ચાલુ રાખ્યું છે તો એ પણ તમારો ઉપકાર જ છે કે મને તત્કાળ છૂટો થઈ જવામાં સહાયભૂત બનો છો; કારણ કે મારું સ્વરૂપ તમારાથી જુદું છે એમ મેં જાણી લીધું છે.

હે આત્મા! બાહ્ય જંગલ કે વનમાં પણ શાંતિ નથી. માટે અંતરરૂપી જંગલમાં તારા સહજ જ્ઞાનાનંદરૂપી ફૂલની અનુભવનીય સુવાસ લઈ સ્વાધીન થઈ જા. બહારમાં ક્યાંય સ્વાધીનતા નહિ મળે.

હે જીવ! સંસારમાં રહી ઈષ્ટ-અનિષ્ટ સંયોગો પ્રત્યે તું હરખ કે ખેદ ભાવ રાખે છે-તો-શું તારામાં અસંસાર ભાવનાને પ્રબળ કરી પરમ આનંદમય નથી બની શકતો?

જો બીજા ભાવથી કાંઈ લાભ થતો નથી એમ જણાય તો એક સ્વભાવ ભાવથી જેટલો લાભ લેવાય તેટલો લે. તેમાં ક્યારેય ખૂટવાપણું નહિ આવે, એમ દ્રઢ વિશ્વાસ રાખી સમય વીતાવ્યે જા.

આયુષ્ય આત્માનું નથી, કર્મનું છે. કર્મ આત્માના નથી, પુદ્ગલના છે. તું સ્વદ્રવ્યમાં

રહી જા, સૌ પરદ્રવ્ય પોતપોતાનું સંભાળી લેશે. અચિંત્ય આત્મસ્વરૂપ સહજ સુગમતાએ પામી ચૂકેલા હે સિદ્ધ ભગવંતો! તમને કોટી કોટી પ્રણામ!!!

卐 ❀ 卐

## એકવાર હા તો પાડ

હે જીવ! હે પ્રભુ! તું કોણ છો તેનો કદી વિચાર કર્યો છે? ક્યું તારું રહેઠાણ અને ક્યું તારું કાર્ય તેની તને ખબર છે? પ્રભુ! વિચાર તો ખરો કે તું ક્યાં છો અને આ બધું શું છે? તને કેમ શાંતિ નથી?

પ્રભુ! તું સિદ્ધ છો, સ્વતંત્ર છો, પરિપૂર્ણ છો, વીતરાગ છો, પણ તને તારા સ્વરૂપની ખબર નથી તેથી જ તને શાંતિ નથી. ભાઈ! ખરેખર તું ઘર ભૂલ્યો છો-ભૂલો પડ્યો છો. પારકા ઘરને તું તારું રહેઠાણ માની બેઠો છો, પણ બાપુ! એમ અશાંતિના અંત નહીં આવે.

ભગવાન! શાંતિ તો તારા સ્વઘરમાં જ ભરી છે. ભાઈ! એકવાર બધાયનું લક્ષ છોડીને તારા સ્વઘરમાં તો જો! તું પ્રભુ છો, સિદ્ધ છો. પ્રભુ! તું તારા સ્વઘરને જો, પરમાં ન જો! પરમાં લક્ષ કરી કરીને તો તું અનાદિથી ભ્રમણ કરી રહ્યો છો. હવે તારા અંતર સ્વરૂપ તરફ નજર તો કર! એકવાર તો અંદર જો! અંદર પરમ આનંદના અનંતા ખજાના ભર્યા છે, તેને સંભાળ તો ખરો! એકવાર અંદર ડોકિયું કર તો તને તારા સ્વભાવના કોઈ અપૂર્વ પરમ સહજ સુખનો અનુભવ થશે.

અનંતા જ્ઞાનીઓ કહે છે કે 'તું પ્રભુ છો.' પ્રભુ! તારા પ્રભુત્વની એકવાર હા તો પાડ!

卐 ❀ 卐

## આત્મસ્વભાવ

શ્રીમદ્ રાજચંદ્રજીએ એક વખત 'ગોસળિયા'નો દાખલો આપ્યો હતો. એક ગામડામાં એક બાઈ હતી. તેને ગોસળિયા નામનો છોકરો હતો. તે છોકરાનો બાપ ગુજરી ગયો હતો અને બાઈ સાધારણ સ્થિતિની હતી. જયારે ગોસળિઓ દસ-બાર વર્ષની ઉંમરનો થયો ત્યારે તેની બાએ તેને થોડાંક રૂપિયા આપીને કહ્યું કે તું બાજુના શહેરમાં જઈને કાંઈક માલ લાવીને વેપાર કર, જેથી ગુજરાન ચાલે. ગોસળિયાએ કહ્યું-બા, હું મોટા શહેરની બજારમાં જાઉં ને ત્યાં બજારમાં ઘણા માણસોની ભીડ વચ્ચે ગોસળિયો ખોવાઈ જાય તો? આ સાંભળતાં જ તેની માએ વિચાર્યું કે અરરર! ગજબ થઈને! તું પોતે ગોસળિયો ને ગોસળિયો ખોવાઈ જાય? માતાએ કહ્યું -જો ભાઈ! તું પોતે ગોસળિયો છો. ગોસળિયો ખોવાઈ જાય નહિ, છતાં જો તને ગોસળિયો ખોવાઈ જવાની શંકા પડે તો તારા હાથમાં આ દોરો બાંધી દઉં છું. તે દોરો જોઈને નક્કી કરી લેજે. એમ કહીને તેની માતાએ તેના હાથે દોરો બાંધી દીધો અને ગોસળિયાભાઈ તો બાજુના શહેરમાં ખરીદી કરવા ઉપડ્યા.

ગોસળિયા પાસે થોડાંક જ રૂપિયા હતા, તેથી તેને હળદર, મરચાં વગેરે પરચુરણ ચીજો લેવાની હતી. શહેરમાં જઈને ગોસળિયાએ વિચાર્યું કે અહીં (હળદર વગેરેની દુકાનો પાસે) તો થોડાં માણસો છે તેથી ભાવ વધારે હશે; અને જયાં સટોડિયાની બજાર હતી ત્યાં ઘણા માણસો જોઈને વિચાર્યું કે અહીં ઘણા માણસો છે તેથી ભાવ સસ્તો હશે. એમ ધારીને તે ત્યાં ગયો. એને લેવા હતાં હળદર-મરચાં અને ગયો સટ્ટાબજારમાં!! ત્યાં ઘણા માણસોની દોડાદોડી વચ્ચે હાથનો દોરો છૂટી ગયો.

સટ્ટાબજારમાં હળદર-મરચાં નથી મળતાં, એમ જાણીને પાછો હળદર -મરચાંવાળાની દુકાને ગયો. ત્યાં માણસોની ભીડ ઓછી હતી. ત્યાં આવીને ગોસળિયાએ વિચાર્યું કે ત્યાં ઘણા માણસો વચ્ચે ગોસળિયો ખોવાઈ તો નથી ગયોને? માટે લાવ દોરો તપાસી જોઉં. હાથ સામે જોતાં દોરો ન દેખાણો. 'હાય...હાય! ગોસળિયો ક્યાંક ખોવાઈ ગયો!' એમ ધારીને એ તો આખા શહેરમાં ગોસળિયાને શોધવા મંડ્યો. સાંજ સુધી રખડ્યો પણ શહેરમાં ક્યાંય ગોસળિયો જડ્યો નહિ. કેમકે તેની માએ કહ્યું હતું કે જેને હાથે દોરો બાંધ્યો હોય તેને ગોસળિયા તરીકે ઓળખી લેજે, પણ એને દોરો દેખાણો નહિ. ગોસળિયો પોતે અને શોધે બહારમાં, તો એ ક્યાંથી જડે? છેવટે સાંજે તેણે વિચાર્યું

કે આ શહેરની ભીડથી કંટાળીને ગોસળિયો તેના ગામડામાં પાછો ચાલ્યો ગયો હશે, માટે હવે ગામડામાં જઈને શોધું. એમ ધારીને તે પાછો ગામડામાં ગયો અને ઘરે જઈને માતાને કહ્યું-અરે બા! ગોસળિયો તો ખોવાઈ ગયો! ઘણી તપાસ કરી પણ પાછો જડ્યો નહિ. તેની માતાએ કહ્યું-ભાઈ! તું થાકી ગયો હોઈશ, તેથી સૂઈ જા, પછી આપણે ગોસળિયાને ગોતીશું. ગોસળિયો સૂઈ ગયો અને ત્યારે તેની માએ તેને હાથે દોરો બાંધી દીધો. થોડીવારે ગોસળિયો જાગ્યો અને હાથ તરફ જોયું તો ત્યાં દોરો દેખાણો. તરત જ તે બોલી ઉઠ્યો-એ બા! ગોસળિયો જડી ગયો. માતાએ કહ્યું-અરે દીકરા! ગોસળિયો કંઈ ખોવાણો ન હતો, ગોસળિયો તો ગોસળિયામાં જ હતો. દોરા વખતે પણ તે જ હતો અને દોરો છૂટ્યો ત્યારે પણ તે જ હતો, પણ તને ભ્રમ પડી ગયો હતો તેથી તું બહારમાં શોધતો હતો.

આ તો દૃષ્ટાંત છે, હવે તેનો સિદ્ધાંત આત્મા ઉપર ઉતરે છે.

ગોસળિયો એટલે અજ્ઞાની જીવ, તેને અનાદિથી પોતાના સ્વરૂપની ખબર નથી. જ્યારે તેને ધર્મ શ્રવણની જિજ્ઞાસા થઈ ત્યારે સદ્ગુરુએ કહ્યું કે ભાઈ! ધર્મની સમજણ કરો; ધર્મ સમજ્યા વગર ક્યાં રખડશો? માટે કાંઈક ધર્મનો વેપાર કરો તો શાંતિ પ્રગટે. આ સાંભળીને હજી આત્માની સમજણની કાંઈ મહેનત કર્યા પહેલાં તો ગોસળિયા જેવો અજ્ઞાની જીવ કહે છે કે પ્રભુ! ધર્મ તો સમજવો છે, પરંતુ પછી ઘણા કર્મનો ઉદય આવે અને આત્માને ભૂલી જવાય તો? ધર્મનો વેપાર કરતાં કરતાં કર્મની ભીડ વચ્ચે હું આખો આત્મા પોતે જ ખોવાઈ જાઉં તો? અરે! હજી ધર્મ કર્યા પહેલાં જ અજ્ઞાનીને આવી શંકા ઉઠે છે તો તે ધર્મ કેવી રીતે કરશે? તેને સદ્ગુરુ કહે છે કે અરે નમાલા! તને તારા આત્માની શ્રદ્ધા નથી તેથી તારા ચૈતન્ય તત્ત્વનું જોર તને ભાસતું નથી. બાકી જીવની પ્રતીતિવાળાને પડવાની શંકા ન હોય. જો પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલીને પોતાને વિકારી અને અજીવ માને તો પડે. જે જીવો પડ્યા છે તેઓ જીવને ચૂક્યા તેથી પડ્યા છે. જીવદ્રવ્યની પ્રતીતિ કરીને અજીવથી જુદાપણે પોતાના સ્વભાવમાં જે ટક્યો છે તેને એવી પ્રતીતિ થાય છે કે મારા તત્ત્વમાં અજીવનો પ્રવેશ ત્રણ કાળમાં નથી. અને એવી પ્રતીતિવાળાને પડવાની શંકા ન હોય. છતાં અજ્ઞાની કહે છે કે આગળ જતાં કર્મનો ઉદય આવે અને પડી જઈએ તો? ત્યારે શ્રીગુરુ કહે છે કે હે ભાઈ, અમે સાચી શ્રદ્ધારૂપી દોરો તને બાંધી દઈએ છીએ, તેના વડે તારા આત્માને વિકારથી અને કર્મથી

જુદો ઓળખી લેજે. પરમ પારિણામિક નિર્મળ સ્વભાવ તે તું છો, તું જ્ઞાનસ્વરૂપ છો. તારા જ્ઞાનસ્વભાવમાં અજ્ઞાન ન હોય, પુણ્ય-પાપ ન હોય, મિથ્યાત્વ ન હોય, કર્મ ન હોય. આવા તારા જ્ઞાનસ્વભાવને બધાયથી જુદાપણે પ્રતીતિમાં ટકાવી રાખજે, તેથી તારો આત્મા ખોવાઈ નહીં જાય, તારામાં અજ્ઞાનનો પ્રવેશ નહીં થાય અને મુક્તિ માર્ગે જતાં તું પાછો પડીશ નહીં.

પરંતુ અજ્ઞાનીને રાગમાં પોતાપણાનો ભ્રમ થઇ જાય છે. એટલે કે રાગ જ જાણે કે આત્મા હોય એમ તે માને છે અને રાગથી ભિન્ન આત્મસ્વભાવને ભૂલી જાય છે. તેને ભ્રમ થઇ જાય છે કે આ રાગ થયો તેમાં મારો આત્મા ખોવાઈ ગયો. જ્ઞાનીઓ તેને કહે છે કે ભાઈ! તું શાંત થઈને તારા સ્વરૂપને જો. રાગ વખતે પણ તારો સ્વભાવ એવો ને એવો જ છે, પણ તને રાગમાં એકત્વપણાનો ભ્રમ થયો છે. તેથી તારો ભિન્ન સ્વભાવ તારા અનુભવમાં આવતો નથી. તારો સ્વભાવ તો ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ છે. એ ચૈતન્યસ્વરૂપ લક્ષણ વડે તું તારા આત્માને ઓળખી લે. એ ચૈતન્યલક્ષણરૂપ તારા આત્માને રાગ થાય તે વખતે તેનાથી જુદા સ્વભાવે ટકનારો છે. માટે આત્મા ખોવાઈ ગયો અર્થાત્ વિકારી થઈ ગયો એવો ભ્રમ તું છોડ ને તારા સ્વભાવને માન.

આમ જ્યારે શ્રીગુરુ વારંવાર સમજાવે છે ને પાત્ર જીવ સ્વસન્મુખ થઇને ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ કરી પોતાનું સ્વરૂપ સમજે છે ત્યારે તેને ભાન થાય છે કે અહો! હું આત્મા તો સદાય પરિપૂર્ણ સ્વભાવવાળો જ છું. મારો સ્વભાવ કદી કોઈમાં ભળી ગયો ન હતો તેમ જ વિકારી પણ થયો ન હતો. ત્રિકાળી સ્વભાવ સમજ્યા પછી અને તેની પ્રતીતિ કર્યા પછી તેને કર્મથી પડવાની શંકા કદી થતી નથી. જેમ દોરો હતો ત્યારે પણ તે ગોસળિયો જ હતો ને દોરો છૂટ્યો ત્યારે પણ તે તો તે જ હતો, પણ તે ભ્રમથી ભૂલી ગયો હતો, તેમ વિકાર વખતે પણ જીવનો સ્વભાવ એવો ને એવો જ છે, પણ અજ્ઞાની તેને ભૂલી રહ્યો છે. હવે જ્ઞાની તેને બતાવે છે ત્યારે ભ્રમ ટળીને સાચું ભાન થતાં પોતે પોતાના પારિણામિક ભાવને ઓળખે છે અને તે પારિણામિક ભાવના લક્ષે અનાદિનો ઔદયિકભાવ ટાળીને ઔપશમિક વગેરે ભાવો પ્રગટ કરે છે. શ્રી ગુરુ એ પારિણામિક ભાવને ઓળખાવે છે. જીવ જો પોતાના પારિણામિક ભાવની શ્રદ્ધારૂપી દોરી આત્મા સાથે બાંધી દે તો તે સંસારમાં ખોવાઈ નહીં-અર્થાત્ તેની અવશ્ય મુક્તિ જ થાય.

# સાચી સમજણ

સૌથી પહેલાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છોડીને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખવા જોઈએ, તેમ કરવાથી તીવ્ર મિથ્યાત્વ છૂટે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાથી મિથ્યાત્વની મંદતા થાય, પણ અભાવ ન થાય; તેમ જ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાથી અશુભભાવ ટળીને શુભભાવ થાય, પરંતુ એ તો બંધભાવમાં તફાવત પડ્યો. અશુભ અને શુભ બંને બંધભાવ જ છે. જીવ એક પ્રકારનો બંધભાવ બદલાવીને બીજા પ્રકારના બંધભાવમાં આવે છે, પરંતુ આત્માના ભાન વગર બંધભાવથી છૂટીને મુક્તિમાર્ગમાં તેનો પ્રવેશ થતો નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ અશુભબંધને રોકે છે, પણ શુભબંધને રોકી શકતું નથી અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા તો અશુભબંધને પણ રોકવા સમર્થ નથી. અબંધ આત્મસ્વભાવના ભાન વડે અશુભબંધ અને શુભબંધ બંનેને રોકી શકાય છે.

પ્રશ્ન :- અશુભ તો બંધન જ છે અને શુભ પણ બંધન જ છે, તો પછી સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ કરી શુભરાગ શા માટે કરવો?

ઉત્તર :- ભાઈ! શુભરાગ પણ કરવા જેવો તો નથી જ. જો તને શુભ-અશુભભાવ રહિત આત્માના સ્વભાવની ઓળખાણ થઇ હોય અને સ્વભાવમાં ટકી રહેવાનો પુરુષાર્થ થતો હોય તો આ જ ક્ષણે શુભને પણ છોડીને શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિર થવું યોગ્ય છે. પણ જો શુભ-અશુભ રાગ રહિત સ્વભાવની ઓળખાણ થઇ હોય અને તેમાં સ્થિરતા વડે શુદ્ધ ઉપયોગ ન થઈ શકે તો, જ્ઞાનીને પણ, અશુભભાવથી બચવા માટે શુભભાવ થાય. અશુભરાગ કરતાં શુભરાગ ઠીક છે, પરંતુ શુભરાગ પણ બંધન જ છે. તેનાથી આત્માને કિંચિત્ ધર્મ નથી. આમ પ્રથમ સમજવું જોઈએ.

જ્ઞાનીઓ 'પુણ્યથી ધર્મ ન થાય' એમ સમજાવે છે, પરંતુ તરત જ પુણ્ય છોડી દેવાનું કહેતાં નથી. નીચલી દશામાં પુણ્યભાવ હોય ખરો, પણ તેનાથી ધર્મ નથી તેમ સમજવું જોઈએ. 'પુણ્યથી ધર્મ નથી' એમ માનવાથી પુણ્ય ઘટી જતાં નથી, પણ સત્‌ના લક્ષે ઊંચા પ્રકારના પુણ્ય બંધાઈ જાય છે. પુણ્યથી જે ધર્મ માને તેને ઊંચા પુણ્ય બંધાય નહિ, પણ પુણ્યથી જે ધર્મ ન માને તેને ઊંચા પુણ્ય બંધાય.

વળી શરીરાદિની ક્રિયા આત્મા કરી શકતો નથી એમ જ્ઞાનીઓ સમજાવે છે તે પ્રમાણે સમજતાં શરીરની ક્રિયા અટકી જતી નથી, કેમકે શરીરની ક્રિયા શરીરના કારણે

થયા જ કરે છે. પરંતુ જીવ પહેલાં શરીરની ક્રિયાનું મિથ્યા અભિમાન કરતો હતો તે હવે 'શરીરની ક્રિયા હું કરી શકતો નથી પણ તે તો શરીરના કારણે સ્વયં થાય છે' એમ સમજીને જાણનાર જ રહે છે, અને તેથી તેને અનંત રાગ-દ્વેષ ટળીને શાંતિ થાય છે.

## સાચું સમજીને શું કરવું?

પ્રશ્ન :- જ્ઞાનીઓ વારંવાર સમજાવે છે કે આત્મા બીજાનું કાંઈ કરી શકતો નથી તે સાચું, પરંતુ આ સમજ્યા પછી શું કરવું?

ઉત્તર :- હું બીજાનું કાંઈ કરી શકતો નથી એમ સાચું સમજ્યા પછી 'હવે શું કરવું' એ પ્રશ્ન જ નહિ ઉઠે. કોઈ બીજાનું હું કરી શકતો નથી એમ સમજ્યો એટલે પોતાનામાં જ કરવાનું રહ્યું, પોતાનામાં જે રાગ થાય તેને જ કરવાનું રહ્યું. રાગને સ્વભાવની એકાગ્રતા વડે ટાળવાની ક્રિયા (સ્થિરતારૂપ ક્રિયા અર્થાત્ સમ્યક્ચારિત્ર) જ કરવાની રહી.

પ્રશ્ન :- ચૈતન્યની ઓળખાણ દ્વારા સમ્યગ્દર્શન થયા પછી શું કરવું?

ઉત્તર :- ચૈતન્યનું ગ્રહણ અને બંધભાવનો ત્યાગ કરવો. વચ્ચે વ્યવહાર-વિકલ્પ વગેરે આવી પડે તેને બંધભાવપણે જાણીને છોડી દેવા.

જીવ અજ્ઞાનપણે પણ બીજાનું તો કરી શકતો જ નથી, માત્ર બીજાનું કરવાની ચિંતા કરે છે. પણ સામી પ્રતિકૂળ વસ્તુને ફેરવવાની ચિંતા કરવાથી કાંઈ તે વસ્તુ ફરી જતી નથી તેમ જ ધર્મ પુસ્તકો લેવા કે મૂકવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. માત્ર અજ્ઞાનથી રાગ-દ્વેષ કરે છે, તે હવે સમજણ થતાં જ્ઞાન જ કરવાનું રહ્યું. જ્ઞાન કરતાં કરતાં રાગ-દ્વેષ ટળીને મુક્તિ થાય છે.

અજ્ઞાની જીવ ક્ષણે ક્ષણે રાગ-દ્વેષ કરી સંસાર વધારે છે. સાચી સમજણ થતાં જીવ ક્ષણે ક્ષણે મુક્તિ કરે છે. એટલે સમજણ પછી મોક્ષની ક્રિયા જ કરવાની રહી અને વિકારની ક્રિયાને છોડવાની રહી. જડની ક્રિયાને તો કોઈ આત્મા કરી શકતો જ નથી, માત્ર જાણી શકે છે.

સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી શું કરવું?

પ્રશ્ન :- આપ સમ્યક્દર્શનનું અપાર મહાત્મય બતાવો છો એ તો બરાબર છે, એ જ કરવા જેવું છે, પણ એનું સ્વરૂપ ન સમજાય તો શું કરવું?

ઉત્તર :- સમ્યક્દર્શન વગર આત્મકલ્યાણનો બીજો કોઈ ઉપાય ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. માટે જ્યાં સુધી સમ્યક્દર્શનનું સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી એનો જ અભ્યાસ નિરંતર કર્યા કરવો. આત્મસ્વભાવની સાચી સમજણનો જ પ્રયત્ન કર્યા કરવો, એ જ સરળ અને સાચો ઉપાય છે. જો તને આત્મસ્વભાવની સાચી રુચિ છે અને સમ્યક્દર્શનનો મહિમા જાણીને તેની ઝંખના થઈ છે તો તારો સમજણનો પ્રયત્ન નકામો નહીં જાય. સ્વભાવની રુચિપૂર્વક જે જીવ સત્ સમજવાનો અભ્યાસ કરે છે તે જીવને ક્ષણે ક્ષણે મિથ્યાત્વભાવ મંદ પડતો જાય છે. એક ક્ષણ પણ સમજણનો પ્રયત્ન નિષ્ફળ જતો નથી, પણ ક્ષણે ક્ષણે તેનું કાર્ય થયા જ કરે છે. સ્વભાવની હોંશથી જે સમજવા માગે છે તે જીવને અનંત કાળે નહિ થયેલી એવી નિર્જરા શરૂ થાય છે. શ્રી પદ્મનંદિ આચાર્યદેવે તો કહ્યું છે કે આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ જે જીવે પ્રસન્નચિત્તથી સાંભળી છે તે જીવ મુક્તિને લાયક છે.

## સાચી સમજણ અને વ્રતાદિનો ક્રમ

જેણે રાગ-દ્વેષ રહિત પોતાના શુદ્ધ સ્વભાવની પ્રતીતિ કરી ને જેને સમ્યગ્દર્શન થયું તે જીવ તત્કાળ બધા રાગ-દ્વેષનો ત્યાગ ન કરી શકે અને સ્ત્રી આદિનો ત્યાગ તેને ન હોય તો પણ તેનું સમ્યગ્દ્દષ્ટિપણું ચાલ્યું જતું નથી.

કોઈ જીવ એમ માને કે-'અત્યારે આપણે આત્મા સમજવાનું શું કામ છે? પહેલાં રાગ ઘટાડીને ત્યાગ કરવા માંડો. આત્મા ન ઓળખાય ત્યાં સુધી વ્રત વગેરે કરવા, એમ કરવાથી ક્યારેક આત્મા ઓળખાશે'-એમ માનનાર મિથ્યાદ્દષ્ટિ છે, તે મોક્ષમાર્ગના ક્રમનું ઉલ્લંઘન કરે છે. આત્માને ઓળખ્યા વગર કોનો ત્યાગ કરશે? અને આત્માને ઓળખ્યા વગર શેનાં વ્રત?

પ્રથમ રાગ રહિત સ્વભાવને સમજ્યા વગર યથાર્થપણે રાગ ટળી જ શકે નહિ, અને વ્રતાદિ હોય જ નહીં. હજી જેનામાં આત્મભાન કરીને ચોથું ગુણસ્થાન પ્રગટ કરવાની તાકાત નથી તે જીવમાં વ્રતાદિ-કે જે પાંચમા ગુણસ્થાને હોય છે તે-પ્રગટ કરવાની તાકાત ક્યાંથી આવશે? આપણાથી વ્રત-તપ થાય પણ સાચી સમજણ ન થઈ શકે એમ જે માને છે તેને આત્મસ્વભાવની અરુચિ છે અને શુભરાગની રુચિ છે, તે મિથ્યાદ્દષ્ટિ જ છે. આત્મજ્ઞાન વિના શુભભાવ કરે તો પણ ધર્મ નથી. અને શુભરાગ કરવો તે આત્મજ્ઞાનનો ઉપાય નથી. માટે જ્યાં સુધી વિકાર રહિત સ્વભાવનું ભાન ન થાય ત્યાં સુધી સમજણનો જ પ્રયત્ન કર્યા કરવો, પરંતુ શુભરાગ તે ધર્મનો ઉપાય છે એમ ન માનવું.

# અધ્યાત્મ ઉપદેશ

## [શ્રી સમયસારજીના મોક્ષ અધિકારના વ્યાખ્યાન ઉપરથી]

પ્રશ્ન :- અધ્યાત્મ ઉપદેશમાં આત્માનું સ્વરૂપ સમજવાની જ વાત વારંવાર આવે છે, પરંતુ કષાય મંદ કરવાની, વૈરાગ્યની, ભક્તિની વાત કેમ નથી કરતા? સમ્યગ્દર્શન કરવાની વાત ભાર દઈને કરો છો અને વ્રતાદિની વાત આવે ત્યાં 'વ્રતથી ધર્મ નથી' એમ કહીને તેનું જોર ઢીલું કરી નાખો છો, તો પછી આમાં સિદ્ધાંત બોધ કે ઉપદેશ બોધ શું આવ્યો?

ઉત્તર :- ભાઈ, જેઓ આત્માનું સ્વરૂપ સમજવા રોકાણા છે તેમને કષાયની મંદતા, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું બહુમાન, કુદેવાદિને ન માનવા, બ્રહ્મચર્યનો રંગ, અને સ્વાધ્યાય વગેરેનો શુભભાવ શું નથી આવતો? જગતની પંચાતનું પાપ છોડીને આ એકલા આત્માની વાત સાંભળે છે, તે સમજવા રોકાય છે તેમાં જિજ્ઞાસા કેટલી છે? કષાયની મંદતા કેટલી છે? શું આ બધો વ્યવહાર ન આવ્યો? આત્માનું સ્વરૂપ સમજવાની રુચિ થઈ અને તેમાં રોકાણો તેટલે અંશે શું સંસાર પ્રત્યેનો વૈરાગ્ય ન આવ્યો? સત્ સમજવા ઈચ્છતા જિજ્ઞાસુને સત્નું અને સત્ના નિમિત્ત તરીકે દેવ-ગુરુ-શાસ્ત્રનું અપાર બહુમાન હોય છે. આ રીતે શુભરાગ, ભક્તિ, કષાયની મંદતા, વૈરાગ્ય ઈત્યાદિરૂપ વ્યવહાર આવે છે ખરો, પરંતુ આત્માનું શુદ્ધસ્વરૂપ સમજાવવાની મુખ્યતામાં તે વ્યવહારને ગૌણ કરવામાં આવે છે. જો જિજ્ઞાસાથી આ માર્ગને બરાબર સમજે તો સત્યનો માર્ગ તો સીધો સટ સમ્યગ્દર્શનપૂર્વક કેવળજ્ઞાન અને મોક્ષનો જ છે. સત્ તરફની યથાર્થ જિજ્ઞાસા અને સત્માં અર્પણતા તે જ સત્ સ્વરૂપ પામવાનો સ્વતંત્ર ઉપાય છે; આમાં પરાધીનતા નથી તેમ જ બુદ્ધિને ગીરવી મૂકવા જેવી વાત નથી. આગ્રહ છોડીને આત્માની દરકારથી પોતે સમજવા માગે તો પોતે જ સત્ સ્વરૂપ છે તેમાં અભેદ થાય છે.

જો શુભરાગમાં હરખ અને હોંશ કરશે તો તે શુભરાગમાં જ અટકી જશે, પણ સ્વભાવની રુચિ કરીને તેમાં ઢળી શકશે નહિ, એટલે કે મિથ્યાત્વ ટળશે નહિ. જેનાથી મિથ્યાત્વ ન ટળે અને સંસારનો અંત ન આવે તેવો ઉપાય શું કામનો? શુદ્ધાત્મસ્વભાવને નિશ્ચય વડે જાણવાથી જ સમ્યગ્દર્શન પ્રગટે છે અને સમ્યગ્દર્શનથી જ અનંત સંસારનો અંત આવે છે.

નિશ્ચયને જાણ્યા વગર વ્યવહારને પણ યથાર્થપણે ઓળખી શકાશે નહિ. આખા સંસારની ધમાલને છોડીને આખો દિવસ એકલા અસંગ તત્ત્વનો અભ્યાસ કરવો. તેમાં શું કષાયની મંદતા નહિ આવતી હોય? આ શ્રવણ કરે છે તે શ્રવણનો ભાવ તે વ્યવહાર નથી તો શું નિશ્ચય છે? સત્યનું શ્રવણ કરવું તેમ જ પ્રતિપાદન કરવું તે શુભરાગરૂપ વ્યવહાર છે. લૌકિક શુભરાગ કરતાં સત્ પ્રત્યેનો આ રાગ જુદા પ્રકારનો હોય છે. તે લોકોત્તર પુણ્યનું કારણ છે. સાધકને શુભરાગ હોય છે તેનો નિષેધ કરવામાં આવતો નથી, પરંતુ તે રાગને મુક્તિના કારણ તરીકે માનવાનો નિષેધ જ્ઞાનીઓ કરે છે. રાગ મારી આત્મશાંતિને મદદગાર નથી, એમ રાગ રહિત સ્વભાવની રુચિ અને પ્રતીતિમાં બરાબર દ્રઢતા કરવી તે જ મુક્તિનો માર્ગ છે.

જ્ઞાનીને સત્ સ્વભાવના લક્ષે જેવો ઊંચા પ્રકારનો શુભરાગ થશે તેવો રાગ અજ્ઞાનીને નહિ થાય. છતાં જ્ઞાની તે રાગને આદરણીય માનતા નથી અને અજ્ઞાની તે રાગને આદરણીય માને છે. હે ભાઈ! શુભરાગ હોવા છતાં તું તારા આત્મા માટે એમ માન કે હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા શાંતિસ્વરૂપ છું, આ રાગ છે તે મારામાં રહેવા માટે છે નહિ. તે વિકાર છે, મારું સ્વરૂપ નથી. આમ સમજીને રાગનો આદર છોડ અને આત્માની દ્રઢ રુચિ કરીને અભેદ સ્વભાવ તરફ ઢળ. આમ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થઈને મોક્ષ થશે અને બંધભાવ છૂટી જશે.

અહો! અજ્ઞાનીને ચૈતન્યના વીતરાગી સ્વભાવનું અને વીતરાગી સમ્યગ્દર્શનનું મહાત્મય નથી આવતું, પણ પંચમહાવ્રતાદિના રાગનું મહાત્મય આવે છે! વીતરાગી સ્વભાવની રુચિ તથા ભરોસા વગર પંચમહાવ્રતનો રાગ કર્યો તેમાં આત્માને શું ફળ? પ્રથમ તો, પંચમહાવ્રતના રાગથી આત્માને લાભ માનવો તે જ મિથ્યાત્વ છે અને તે મહાપાપ છે. હવે વિચારો કે પંચમહાવ્રત પાળનાર અજ્ઞાની આત્માને શરૂઆતમાં, મધ્યમાં અને અંતમાં શું ફળ આવ્યું? શુભરાગ છે તે પોતે આકુળતા છે, તેનું અભિમાન કરીને અજ્ઞાની મિથ્યાત્વને દ્રઢ કરે છે, અને તે શુભરાગના ફળરૂપે જડનો સંયોગ આવે છે. ક્યારેય પણ તે રાગ વડે આત્માને લાભ થતો નથી. છતાં પ્રથમ ભૂમિકામાં દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણપૂર્વક તેમનું બહુમાન, ભક્તિ, જ્ઞાનીઓનો સમાગમ, વૈરાગ્ય ઇત્યાદિનો શુભરાગ આવે છે.

## કલ્યાણની મૂર્તિ

હે જીવો! જો તમે આત્મકલ્યાણ ચાહતા હો તો સ્વતઃ શુદ્ધ અને સમસ્ત પ્રકારે પરિપૂર્ણ આત્મસ્વભાવની રુચિ અને વિશ્વાસ કરો, તેનું જ લક્ષ અને આશ્રય કરો. એ સિવાય બીજું જે કાંઈ છે તે સર્વની રુચિ, લક્ષ અને આશ્રય છોડો. કેમકે સુખ સ્વાધીન સ્વભાવમાં છે, પરદ્રવ્યો તમને સુખ કે દુઃખ કરવા સમર્થ નથી. તમે તમારા સ્વાધીન સ્વભાવનો આશ્રય છોડીને પોતાના દોષથી જ પરાશ્રય વડે અનાદિથી પોતાનું અમર્યાદિત અકલ્યાણ કરી રહ્યા છો. માટે હવે સર્વ પરદ્રવ્યોનું લક્ષ અને આશ્રય છોડીને સ્વદ્રવ્યનું જ્ઞાન, શ્રદ્ધાન તથા સ્થિરતા કરો. સ્વદ્રવ્યમાં બે પડખાં છે. એક તો ત્રિકાળ શુદ્ધ સ્વતઃ પરિપૂર્ણ નિરપેક્ષ સ્વભાવ છે અને બીજું ક્ષણિક વર્તમાન વર્તતી વિકારી હાલત છે. પર્યાય પોતે અસ્થિર છે, તેથી તેના લક્ષે પૂર્ણતાની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન નહિ પ્રગટે. પણ જે ત્રિકાળ સ્વભાવ છે તે સદા શુદ્ધ છે, પરિપૂર્ણ છે અને વર્તમાનમાં પણ પ્રકાશમાન છે, તેથી તેના આશ્રયે, પૂર્ણતાની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન પ્રગટ થશે. એ સમ્યગ્દર્શન પોતે કલ્યાણ સ્વરૂપ છે અને તે જ સર્વ કલ્યાણનું મૂળ છે. જ્ઞાનીઓ સમ્યગ્દર્શનને 'કલ્યાણની મૂર્તિ' કહે છે. માટે હે જીવો, તમે સર્વ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો અભ્યાસ કરો.

## બીજું કાંઈ શોધ મા

શુદ્ધોપયોગના પ્રસાદથી જીવ પોતે જ-સ્વયમેવ-સ્વભાવ વડે પરિણમીને કેવળજ્ઞાનરૂપ થાય છે, તેથી તે 'સ્વયંભૂ' છે. તેની પ્રશંસા કરીને આચાર્યદેવ સમજાવે છે કે હે જીવ! શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ માટે તારા સ્વભાવ સિવાય બીજા કોઈ સાધન સાથે તારે ખરેખર સંબંધ નથી. તારા ધર્મને માટે શુદ્ધ અનંત શક્તિવાળો તારો જ્ઞાનસ્વભાવ જ સાધન છે. એના સિવાય બીજા કોઈ સાધન સાથે તારા ધર્મને સંબંધ નથી. તેથી સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મની પ્રાપ્તિ માટે હે જીવ! તું શુદ્ધ અનંતશક્તિ સંપન્ન તારો જ્ઞાનસ્વભાવ જ શોધ, એના સિવાય બીજા કોઈ સાધન શોધવાની વ્યગ્રતા ન કર. તારો શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવ જ તારું સ્વતંત્ર સાધન છે. એ સિવાય બીજા કોઈ સાધન શોધવા તેમાં તારી પરતંત્રતા છે. 'સ્વયંભૂ' એવો તારો શુદ્ધ અનંત ચૈતન્યશક્તિ સંપન્ન આત્મસ્વભાવ જ સર્વ પ્રકારે સાધનરૂપ થઈને સ્વયં ધર્મરૂપે પરિણમવા સમર્થ છે. માટે 'સ્વયંભૂ ભગવાન' એવા તારા આત્માને જ અંતર્મુખ થઈને શોધ! તારા શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનસ્વભાવ

સિવાય બીજા કોઈ પણ સાધન ન શોધ. સ્વભાવને જ સાધનપણે અંગીકાર કરીને પરિણમનારા જીવો સ્વતંત્રપણે સ્વયં ધર્મરૂપ થાય છે ને ધર્મ માટે બહારના સાધનો શોધનારા જીવો પરના આશ્રયે પરિણમતા થકા વ્યગ્રતાથી પરતંત્ર થાય છે. માટે જેને સ્વાધીન ધર્મરૂપ થવું હોય તે પોતાના શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવને ઓળખીને તેને એકને જ સાધનપણે અંગીકાર કરો, તેનો એકનો જ આશ્રય કરો, ને બાહ્ય સાધનોનો આશ્રય છોડો....એમ સંતોનો ઉપદેશ છે.

તારા શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ માટે તારા અંતર સ્વભાવમાં સામગ્રી પરિપૂર્ણ છે. છતાં અરે જીવ! બાહ્યમાં સામગ્રી શોધવા તું નકામો વ્યગ્ર કેમ થાય છે? તારી પાસે જ અંતરમાં તારું સાધન પડ્યું છે, તેને શોધીને તેનો જ આશ્રય કર. બીજું કાંઈ શોધ મા!

## વજ્ર ભીંત જેવો નિર્ણય

ભાઈ! તારા જ્ઞાનને અંતરમાં વાળીને એકવાર વજ્ર ભીંત જેવો નિર્ણય કર્યા વગર મોક્ષમાર્ગ તરફ તારું વીર્ય ઉપડશે નહિ. આ નિર્ણય કરતાં તારી પ્રતીતમાં જ્ઞાનની અધિકતા થઈ જશે ને રાગ તે જ્ઞાનનું જ્ઞેય થઈ જશે. આ સિવાય પરને હું કરું ને પરને હું ફેરવું એવી બુદ્ધિ તે તો સંસારભ્રમણનું કારણ છે.

## સંસાર હરામ છે

અરે, હવે આ દુઃખમય સંસારથી બસ થાવ....બસ થાવ! હવે મારે આ સંસાર ન જોઈએ. આમ સંસારની રુચિ છોડીને આત્માને ઝંખતો જે જીવ આવે છે તેને આત્મા મળશે. સંસારનો એક કણિયો પણ જેને ગમતો હશે તે જીવ આત્મા તરફ નહિ વળી શકે. જેને આત્માનું સુખ જોઈતું હશે તેને સંસાર નહિ મળે અને જેને સંસાર રાખવો હશે તેને આત્માનું સુખ નહિ મળે. કેમકે બંનેની દિશા જ જુદી છે. માટે હે જીવ! જો તારે આનંદમૂર્તિ આત્મા જોઈતો હોય તો આખા સંસારને હરામ કર કે મારે હવે સંસાર સ્વપ્ને પણ જોઈતો નથી. એક ચિદાનંદ આત્મા સિવાય શરીર કે વિકાર તે કાંઈ મારું સ્વરૂપ નથી ને તેમાં ક્યાંય મારું સુખ નથી. હું તો જ્ઞાન છું ને મારામાં જ મારું સુખ છે. આમ અંતરમાં ગોતતાં આનંદમય આત્માની પ્રાપ્તિ થાય છે.

## આત્માને રાજી કરવાની ધગશ

જગતના જીવોએ દુનિયા રાજી કેમ થાય અને દુનિયાને ગમતું કેમ થાય એવું

તો અનંતવાર કર્યું છે, પણ હું આત્મા વાસ્તવિક રીતે કેમ રાજી થાઉં ને મારા આત્માને ખરેખર ગમતું શું છે-એનો કોઈવાર વિચાર પણ નથી કર્યો, એની કોઈવાર દરકાર પણ નથી કરી. જેને પોતાના આત્માને ખરેખર રાજી કરવાની ધગશ જાગી તે પોતાના આત્માને રાજી કર્યે જ છૂટકો કરશે અને તેને 'રાજી' એટલે કે 'આનંદધામ'માં પહોંચ્યે જ છૂટકો છે. અહીં જગતના જીવોને રાજી કરવાની વાત નથી, પણ જે પોતાનું હિત ચાહતો હોય તેણે શું કરવું તેની વાત છે. પોતાનો સ્વભાવ જ્ઞાન-આનંદથી ભરેલો છે તેની શ્રદ્ધા કરે તો કલ્યાણ થાય, તે સિવાય બીજેથી કલ્યાણ ત્રણ કાળ ત્રણ લોકમાં થાય જ નહિં.

જીવોને આ વાત મોંઘી પડે એટલે બીજો રસ્તો લેવાથી ધર્મ થઈ જશે એમ તેમને ઊંધુ શલ્ય બેઠું છે. પણ ભાઈ! અનંતકાળ સુધી તું બહારમાં જોયા કર તો પણ આત્મધર્મ પ્રગટશે નહીં, માટે પરનો આશ્રય છોડીને સ્વતત્ત્વની રુચિ કર, પ્રેમ કર, મનન કર. આ જ સત્ સ્વભાવને પ્રગટાવવાનો ઉપાય છે. માટે જે પોતાનું હિત ચાહે છે તે આવું કરે એમ આચાર્યદેવ કહે છે. જેને પોતાનું હિત કરવું હોય તેને આવી ગરજ થશે.

અજ્ઞાની જીવોની બાહ્યદૃષ્ટિ હોવાથી તે એમ માને છે કે હું પરનો આશ્રય લઉં તો ધર્મ થાય; પણ જ્ઞાની કહે છે કે હે ભાઈ! તે બધાયનો આશ્રય છોડીને તું અંતરમાં તારા આત્માની શ્રદ્ધા કર. આનંદને પ્રગટાવવાનો આધાર અંતરમાં છે. આત્માની પવિત્રતા અને આત્માનો આનંદ તે આત્મામાંથી જ પ્રગટે છે, બહારથી કોઈ કાળે પ્રગટતા નથી.

卐 ❀ 卐

# પુણ્યકર્મનો પક્ષપાતી (=અજ્ઞાની)

પુણ્ય બંધનું જ કારણ હોવા છતાં તેને જે મોક્ષનું કારણ માને છે તે જીવ પુણ્યકર્મનો પક્ષપાતી છે. પુણ્યકર્મના પક્ષપાતમાં તેને શો દોષ આવે છે, તે આચાર્યદેવ (સમયસાર ગાથા ૧૫૪માં) બતાવે છે; અને કહે છે કે જિનાગમનું વિધાન તો જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ કરવાનું છે.

卐

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે અબંધ છે ને તેના આશ્રયે પરિણમતું જે જ્ઞાન છે, તે જ મોક્ષનું કારણ છે, કેમકે તે જ્ઞાન પોતે બંધન રહિત છે. તે જ્ઞાન પરિણમન સિવાયનું જે કાંઈ પરાશ્રિત પરિણમન છે, તે બધુંય બંધસ્વરૂપ છે ને બંધનું કારણ છે. માટે જ્ઞાનસ્વભાવની અંતર અનુભૂતિ કરીને જ્ઞાનરૂપે પરિણમવું તે જ આગમનું વિધાન છે. બધાય આગમનો સાર શું છે? કે જ્ઞાનરૂપે પરિણમવું. અંતર્મુખ થઈને જે જ્ઞાનભાવે પરિણમ્યો તેણે સર્વ આગમનું રહસ્ય જાણ્યું અને ઘણાં શાસ્ત્રો ભણવા છતાં જો અંતર્મુખ જ્ઞાનભાવે ન પરિણમ્યો-રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ ન કર્યો-તો તેનું બધુંય જાણપણું અજ્ઞાન જ છે. શાસ્ત્ર તરફના વિકલ્પથી કે શુદ્ધનયના વિકલ્પથી મને જરા પણ લાભ થશે- એમ જે માને છે, તે જીવ વિકલ્પનો જ પક્ષપાત કરીને વિકલ્પના અનુભવમાં જ અટકે છે, પણ તેનાથી આઘો ખસીને જ્ઞાનનો અનુભવ કરતો નથી, એટલે કે આગમના ફરમાનની તેને ખબર નથી. આગમનું ફરમાન તો રાગથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવાનું છે; તેને બદલે અજ્ઞાની પુણ્યના પક્ષમાં અટકી ગયો છે.

પાપ કર્મ તો કુશીલ છે-ખરાબ છે, પરંતુ પુણ્યકર્મ તો સુશીલ છે,-સારું છે એમ અજ્ઞાની માને છે. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! પુણ્ય પણ સંસારમાં જ રખડાવે છે-તો તેને સુશીલ કેમ કહેવાય? પુણ્ય કાંઈ મોક્ષમાર્ગના આશ્રયે નથી, તે તો બંધમાર્ગના જ આશ્રયે છે. જીવસ્વભાવના આશ્રયે પરિણમતા જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે તે જ મોક્ષનું કારણ છે, એ સિવાય પરાશ્રયે પરિણમતા જે રાગાદિ ભાવો થાય તે-પછી તે અશુભ હો-કે શુભ હો-સંસારનું જ કારણ છે. જે જીવ રાગની રુચિ કરે છે તે સંસારમાં જ રખડે છે અને ભેદજ્ઞાન કરીને જે જીવ રાગથી વિરક્ત થાય છે-તે જ કર્મબંધનથી છૂટે છે. જે વ્રતાદિ શુભભાવો છે તે પણ જીવના પરમાર્થ સ્વભાવથી બાહ્ય છે. તે વ્રતાદિના વિકલ્પો ન હોવા છતાં જ્ઞાનપરિણામ વડે જ્ઞાની મોક્ષને સાધે છે અને

અજ્ઞાની તે વ્રતાદિના શુભ પરિણામો હોવા છતાં મોક્ષ પામતો નથી. માટે જ્ઞાન જ મોક્ષનું કારણ છે અને જ્ઞાનરૂપે પરિણમવું તે જ આગમનું ફરમાન છે.

આ રીતે, પુણ્ય મોક્ષનું કારણ નથી પણ બંધનું જ કારણ છે એમ આચાર્યદેવે સમજાવ્યું; છતાં હજી પણ જે જીવ અજ્ઞાનથી પુણ્યકર્મનો પક્ષપાત કરે છે તેને શું દોષ આવે છે તે ફરીને પણ સમજાવે છે-

**પરમાર્થબાહ્ય જીવો અરે! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો.**
**(સમયસાર ગાથા ૧૫૪)**

જેઓ પરમાર્થથી બાહ્ય છે એટલે કે ચિદાનંદમૂર્તિ આત્માના અનુભવથી રહિત છે તેઓ મોક્ષના હેતુને જાણતા નથી, અને અજ્ઞાનથી પુણ્યને જ મોક્ષનું કારણ માનીને તેને ઈચ્છે છે. જોકે પુણ્ય પણ સંસારગમનનો જ હેતુ છે તોપણ અજ્ઞાની તેને મોક્ષનો હેતુ માને છે. તે એમ માને છે કે હું મોક્ષના ઉપાયને સેવું છું, પણ ખરેખર રાગની રુચિથી તે સંસારમાર્ગને જ સેવી રહ્યો છે. મોક્ષ કોને કહેવો ને તેનો માર્ગ શું છે તેની તેને ખબર પણ નથી.

મોક્ષ એટલે શું? કે સમસ્ત કર્મપક્ષનો નાશ કરવાથી જે શુદ્ધાત્માનો લાભ થાય-નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય-તે મોક્ષ છે.

આવા મોક્ષના કારણરૂપ સામાયિક છે. તે સામાયિક કેવી છે? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનનું અનુભવન તે સામાયિક છે. શરીર બે ઘડી સ્થિર રહે કે અમુક પાઠ ભણી જાય તેને કાંઈ સામાયિક નથી કહેતા. અહો! સામાયિકમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાઈ જાય છે. એકલા જ્ઞાનના અનુભવનરૂપ આવી સામાયિક તે મોક્ષનું કારણ છે. તે સામાયિક ચિદાનંદસ્વભાવમાં જ એકાગ્રતારૂપ છે અને સમયસારસ્વરૂપ છે. એટલે કે શુદ્ધાત્માના અનુભવસ્વરૂપ છે. આવી સામાયિક પુણ્ય-પાપના દુરંત કર્મચક્રથી પાર છે. માત્ર પાપ પરિણામથી નિવર્તે ને અત્યંત સ્થૂળ એવા પુણ્યકર્મોમાં વર્ત્યા કરે તથા તેના જ અનુભવથી સંતુષ્ટ થઈને તેને મોક્ષનું કારણ માની લ્યે તો તે જીવ નામર્દ છે, રાગથી પાર થવાનો પુરુષાર્થ તેનામાં નથી; કર્મના અનુભવથી ખસીને જ્ઞાનના અનુભવમાં તે આવતો નથી. હિંસા વગેરે સ્થૂળ અશુભ પરિણામોને તો બંધનું કારણ માનીને છોડ્યા,

પણ શુભ પરિણામોને મોક્ષનું કારણ માનીને તે સેવી રહ્યો છે અને તેથી રાગથી ભિન્ન જ્ઞાનને અનુભવતો નથી,-એટલે ખરેખર અજ્ઞાનભાવથી તે સંસારના કારણને જ સેવી રહ્યો છે. સેવે છે તો સંસારના કારણને અને માને છે એમ કે હું મોક્ષના કારણને સેવું છું, તો તે સંસારથી કેમ છૂટે? ને મોક્ષ ક્યાંથી પામે?-મોક્ષના કારણને તો તે જાણતો પણ નથી. આ રીતે પુણ્યકર્મનો પક્ષપાતી જીવ કદી સંસારથી છૂટતો નથી ને મોક્ષ પામતો નથી.

તે અજ્ઞાની જીવ જોકે સંસારથી ડરીને મોક્ષને ઈચ્છે તો છે, પણ અભિપ્રાયમાં પુણ્યને મોક્ષનું સાધન માને છે, એટલે ખરેખર તે સંસારના કારણરૂપ પુણ્યને ઈચ્છતો હોવાથી, સંસારના કારણને જ સેવી રહ્યો છે. આવા જીવો મોક્ષને ઈચ્છે છે તોપણ મોક્ષના કારણને જાણતા નથી; અને સંસારના કારણને જ સેવી રહ્યા છે. અજ્ઞાની જીવો સ્થૂળ લક્ષવાળા છે. સૂક્ષ્મ એવો ચૈતન્યસ્વભાવ તેમના લક્ષમાં આવ્યો નથી ને સ્થૂળ એવા શુભ પરિણામોમાં જ તેઓ સંતુષ્ટ છે. શુભ પરિણામથી કર્મની કંઈક મંદતા થઈ ત્યાં જાણે છે કે મને મોક્ષમાર્ગ હાથ આવી ગયો, પણ ભાઈ, મંદકર્મ પણ કર્મની જ જાત છે, મોક્ષમાર્ગ તો તેનાથી તદ્દન જુદી જ જાતનો છે. મંદકર્મમાં સંતુષ્ટ થયો તે કર્મમાં જ અટક્યો છે, પણ કર્મને મૂળથી ઉખેડતો નથી. તે કર્મની મંદતા ભલે કરે, પણ કર્મનું મૂળિયું સાજેસાજું રાખે છે; તેથી ચૈતન્યની મુક્તિનું મૂળ તેના હાથમાં આવતું નથી.

કર્મની તીવ્રતામાંથી મંદતા થઈ,-પાપમાંથી પુણ્ય થયું-પણ ચક્ર તો કર્મનું જ રહ્યું. ચૈતન્યનું અને રાગનું અત્યંત ભેદજ્ઞાન કરવું જોઈએ. શુભ વિકલ્પનો કણિયો પણ મને ચૈતન્યસાધનામાં જરાય મદદગાર નથી, મારું ચૈતન્યતત્ત્વ શુભ વિકલ્પોથી પણ પાર છે-આમ અત્યંત ભિન્નતા જાણીને સમસ્ત કર્મકાંડને મૂળમાંથી ઉખેડી નાંખે, અને કર્મથી ભિન્ન એવા જ્ઞાનકાંડને અનુભવે તો ચૈતન્યના આશ્રયે મોક્ષનું સાધન થાય. જ્યાં સુધી અભિપ્રાયમાં અંશમાત્ર શુભરાગનું અવલંબન રહે ત્યાં સુધી સંસારવૃક્ષનું મૂળિયું એવું ને એવું રહે છે. પાપ છોડીને અજ્ઞાનપૂર્વક વ્રત-તપ-દયા-દાન-શીલ-પૂજા વગેરે શુભભાવો અનંતકાળમાં અનંતવાર જીવ કરી ચૂક્યો, પણ તેનાથી ભવભ્રમણનો અંત ન આવ્યો. રાગના આશ્રયની બુદ્ધિ ન છૂટી તેથી સંસારમાં જ રખડ્યો. રાગમાત્ર (ભલે શુભ હોય તોપણ) બંધનું જ કારણ છે. છતાં અજ્ઞાની તેને બંધનું કારણ ન માનતાં મોક્ષનું કારણ માનીને સેવે છે. શાસ્ત્રકાર કહે છે કે અરે ભાઈ! એક ક્ષણિક પુણ્યવૃત્તિને ખાતર તું

આખા મોક્ષમાર્ગને વેચી રહ્યો છે! જેમ થોડીક રાખને માટે ચંદનના વનને કોઇ મૂરખો ભસ્મ કરી નાખે, છાશને માટે કોઇ રત્નને વેચી દે, નાનકડા દોરાના કટકાને માટે કોઈ રત્નની કંઠી તોડી નાખે, તેમ ક્ષણિક પુણ્યની મીઠાશ આડે તું આખા ચિદાનંદતત્ત્વનો આશ્રય છોડી દે છે. રાગની મીઠાશ આડે તું આખા મોક્ષમાર્ગને છોડી રહ્યો છે ને સંસારમાર્ગને આદરી રહ્યો છે;-તો તારી મૂર્ખાઈનું શું કહેવું? બાપુ! મોક્ષની ઇચ્છાથી તેં જયારે દીક્ષા લીધી હતી ત્યારે શુદ્ધાત્માના અનુભવરૂપ સામાયિકની પ્રતિજ્ઞા કરી હતી, પરંતુ તું તો શુભરાગના જ અનુભવમાં અટકી ગયો, રાગથી ભિન્ન ચૈતન્યની તેં શ્રદ્ધા પણ ન કરી; મોક્ષના સાધનરૂપ સાચી સામાયિકને તેં ઓળખી પણ નહીં. ચિદાનંદસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવરૂપ સામાયિક તે મોક્ષનું કારણ છે.-એવો અનુભવ જેઓ નથી કરતા તે રાગના જ અનુભવને મોક્ષનું સાધન માનીને તેમાં અટકી જાય છે, તેઓ કર્મચક્રથી પાર ઉતરવા માટે પુરુષાર્થ વગરના છે; ચૈતન્યસ્વભાવનો પુરુષાર્થ તેમને જાગ્યો નથી. જેઓ વ્યવહારે અર્હંતભગવાનના માર્ગને જ માને છે, બીજા કુમાર્ગને માનતા નથી, ભગવાને કહેલ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વસ્તુ તથા નવ તત્ત્વો વગેરેને વ્યવહારે બરાબર માને છે, પણ અંતરમાં રાગ અને ચૈતન્યની ભિન્નતાનું વેદન કરતા નથી ને સ્થૂળ લક્ષપણે શુભરાગમાં જ અટકી જાય છે - એવા જીવો, શુભરાગને સંસારનું કારણ હોવા છતાં તેને મોક્ષનું કારણ માની રહ્યાં છે; તેથી તેઓ પુણ્યનો-રાગનો જ આશ્રય કરે છે, પણ તેનો આશ્રય છોડતા નથી ને જ્ઞાનનો આશ્રય કરતા નથી, અને એટલે તેઓ સંસારમાં જ પરિભ્રમણ કરે છે. આ રીતે પુણ્યકર્મના પક્ષપાતી જીવો સંસારમાં જ રખડે છે, પણ મોક્ષ પામતા નથી. મોક્ષ તો જ્ઞાન વડે જ પમાય છે, પુણ્ય વડે નહીં.

જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને જ્ઞાનપણે પરિણમવું તે જ મોક્ષનું કારણ છે. જેઓ અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવનો આશ્રય કરે છે તેઓ જ મુક્તિ પામે છે, માટે જ્ઞાનસ્વભાવનો આશ્રય કરીને જ્ઞાનરૂપે પરિણમવું તે જ આગમની આજ્ઞા છે.

卐 ❀ 卐

# જ્ઞાની ન ઈચ્છે પુણ્યને

અજ્ઞાની ચૈતન્યનું ભાન ભૂલીને રાગની ધૂનમાં ચડી ગયો છે. જ્ઞાની ચૈતન્યની ધૂન આડે રાગને જરાપણ ઈચ્છતા નથી. શુદ્ધ આત્મા સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-અનુભવરૂપ જે મોક્ષમાર્ગ છે તેને જ જ્ઞાની સેવે છે, પુણ્યને જરાપણ મોક્ષમાર્ગ માનતા નથી. જેને પુણ્યની રુચિ છે તેને સંસારની રુચિ છે, પણ મોક્ષની રુચિ નથી. મોક્ષ તો આત્માની પૂર્ણ શુદ્ધતા છે, તો તેનો માર્ગ પણ શુદ્ધતારૂપ જ હોય. રાગ તો અશુદ્ધતા છે, અશુદ્ધતા તે શુદ્ધતાનો માર્ગ કેમ હોય? ન જ હોય. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે-

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;**
**સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.**

**(આત્મસિદ્ધિ ગાથા ૧૨૩)**

આચાર્ય ભગવાન કહે છે કે આત્મસ્વભાવના આશ્રયે થતા જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે તે જ પરમાર્થ મોક્ષમાર્ગ છે; એના સિવાય બહિર્મુખવૃત્તિરૂપ વ્રત-તપ વગેરે શુભકર્મને કેટલાક લોકો મોક્ષહેતુ માને છે, પણ તે સઘળુંય અહીં નિષેધવામાં આવ્યું છે. રાગ મોક્ષનો હેતુ થાય-એ વાત જિનભગવાનના માર્ગમાં તદ્દન નિષેધવામાં આવી છે. રાગને જે મોક્ષનું સાધન માને તેને કિંચિત્ પણ મોક્ષમાર્ગ હોય નહિ, તે તો રાગમાં જ તન્મય વર્તતો થકો અજ્ઞાનભાવે સંસારમાં જ રખડે છે. પુણ્ય-પાપથી પાર ચૈતન્યનો નિર્વિકલ્પ અનુભવ ચોથા ગુણસ્થાને ગૃહસ્થને પણ થાય છે, ને એવો અનુભવ કરે ત્યારે જ મોક્ષસાધનની શરૂઆત થાય છે.

વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ સધાતો નથી; મોક્ષમાર્ગ તો પરમાર્થ-સ્વભાવના આશ્રયે જ સધાય છે. પરમાર્થરૂપ એવા જ્ઞાનસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રવર્તે છે, તેથી જેઓ પરમાર્થ સ્વભાવનો આશ્રય કરે છે તેઓ જ મુક્તિને પામે છે. જેઓ નિશ્ચયના વિષયને છોડીને વ્યવહારના આશ્રયે પ્રવર્તે છે, વ્યવહારના આશ્રયથી લાભ થવાનું માને છે તેઓ મોક્ષને પામતા નથી પણ સંસારમાં રખડે છે. વ્રત-તપ વગેરે શુભકર્મો કેવા છે? કે પરમાર્થ મોક્ષહેતુથી જુદા છે, એટલે કે બંધના જ હેતુ છે. છતાં અજ્ઞાનીઓ તેને મોક્ષહેતુ માને છે. તે માન્યતાને સર્વથા નિષેધવામાં આવી છે, એટલે કે શુભકર્મ વડે જરાપણ મોક્ષમાર્ગ થતો નથી-એમ પ્રતિપાદન કરવામાં

આવ્યું છે. ભલે કોઈ વિદ્વાન હોય કે શાસ્ત્રો ભણેલો હોય, પણ જો શુભરાગના આશ્રયે કિંચિત્ પણ મોક્ષમાર્ગ થવાનું માનતો હોય તો તે ભગવાનના માર્ગથી ભ્રષ્ટ છે, ભગવાને કહેલા શાસ્ત્રના રહસ્યને તે જાણતો નથી. ખરેખર તો તે વિદ્વાન નથી પણ મૂઢ છે. અરે ભાઈ! તું શાસ્ત્રમાંથી શું ભણ્યો? મોક્ષનો પંથ આત્માના આશ્રયે હોય કે રાગના આશ્રયે? વ્યવહાર એટલે પરનો આશ્રય, તો પરના આશ્રયે મોક્ષમાર્ગ કેમ હોય? ભાઈ, તેં પરના આશ્રયની બુદ્ધિ ન છોડી ને સ્વતત્ત્વ તરફ તારું મુખ ન ફેરવ્યું-તો તારી વિદ્વત્તા શા કામની? ને તારા શાસ્ત્રભણતર શા કામના? વિદ્વત્તા તો તેને કહેવાય કે જેનાથી સ્વાશ્રય કરીને પોતાનું હિત સધાય. સ્વાશ્રયે વીતરાગભાવ પ્રગટે તે જ શાસ્ત્રનો ઉપદેશ છે. આત્માના મોક્ષનું કારણ આત્માના સ્વભાવથી જુદું ન હોય. આત્મા જ્ઞાનસ્વભાવી છે ને રાગ તો તેનાથી જુદી ચીજ છે. માટે રાગ વડે મોક્ષમાર્ગનું પરિણમન થતું નથી. પુણ્યભાવ પણ બંધનું જ કારણ છે, મોક્ષનું નહિ.

પુણ્યને ક્યાંક તો રાખો?

-રાખ્યું ને!

ક્યાં રાખ્યું?

-પૂરેપૂરું બંધમાર્ગમાં રાખ્યું.

મોક્ષમાર્ગ પુણ્યના આશ્રયે નથી. મોક્ષમાર્ગ તો જ્ઞાનસ્વભાવના જ આશ્રયે થાય છે. આચાર્યદેવ કહે છે કે અરે પંડિતો! તમે જો વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ માનતા હો તો ભગવાનના આગમમાં તેમ કહ્યું નથી. ભગવાને તો પરમાર્થ સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગ કહ્યો છે, ને વ્યવહારના આશ્રયનું ફળ તો સંસાર જ કહ્યું છે.

કરવો આત્માનો મોક્ષ, અને આશ્રય લેવો આત્માથી વિરુદ્ધ એવા રાગનો! -એમાં વિદ્વત્તા નથી પણ વિપરીતતા છે. ચૈતન્યભાવ અને રાગભાવ વચ્ચે ભેદજ્ઞાન કરીને, ચૈતન્યનો આશ્રય કરવો ને રાગનો આશ્રય છોડવો-તે જ ખરી વિદ્વત્તા છે, ને આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. આવા જ્ઞાનમય મોક્ષમાર્ગનું તમે સેવન કરો ને પુણ્યનો પક્ષ છોડો.

# ચૈતન્યવિદ્યાનો અભ્યાસ

卐

## હે ભાઈ! કલબલ કરવાનું છોડ ને આત્માના અભ્યાસમાં ચિત્તને જોડ

આત્માનો અનુભવ કરવા માટે જેને લગની લાગી છે એવા શિષ્યને સંબોધીને ૩૪મા કળશમાં આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! વિરમ....જગતના બીજા કોલાહલથી તું વિરક્ત થા. બહારના કલબલથી તને કાંઈ લાભ નથી માટે એનાથી તું વિરક્ત થા. બાહ્ય કોલાહલને એકકોર રાખીને અંતરમાં ચૈતન્યને દેખવાનો અભ્યાસ કર. સમસ્ત પરભાવોના કોલાહલથી રહિત એવા ચૈતન્યસ્વરૂપને દેખવા માટે નિભૃત થા. નિભૃત થઈને એટલે કે શાંત થઈને, નિશ્ચળ થઈને, એકાગ્ર થઈને, વિશ્વાસુ થઈને, સ્થિર થઈને, ગુપ્ત રીતે, ચુપચાપ, વિનીત થઈને, કેળવાયેલ થઈને, દ્રઢ થઈને અંતરમાં ચૈતન્યને દેખવાના અભ્યાસમાં તારું ચિત્ત બરાબર જોડ. એકવાર છ મહિના સુધી આવો અભ્યાસ કરીને તું ખાતરી કરી જો કે આમ કરવાથી તારા હૃદયસરોવરમાં પુદ્‌ગલથી ભિન્ન એવા ચૈતન્યપ્રકાશની પ્રાપ્તિ થાય છે કે નહીં? છ મહિનામાં તો જરૂર પ્રાપ્તિ થશે.

હે ભાઈ! તારી બુદ્ધિથી દેહ અને રાગાદિને પોતાના માનીને તેનો અભ્યાસ અનંતકાળથી કરે છે, છતાં ચૈતન્યવિદ્યા તને પ્રાપ્ત થઈ નથી, તને તારો આત્મા અનુભવમાં આવ્યો નથી, ને તું અજ્ઞાની જ રહ્યો છે. માટે હવે તારી એ મિથ્યાબુદ્ધિને છોડીને અમે કહીએ છીએ તે રીતે તું અભ્યાસ કર. એવા અભ્યાસથી છ મહિનામાં તો તને જરૂર ચૈતન્યવિદ્યા પ્રાપ્ત થશે. છ મહિના સુધી લગનીપૂર્વક અભ્યાસ કરતાં તને જરૂર આત્માનો અનુભવ થશે. ભાઈ, છ મહિના તો અમે વધુમાં વધુ કહીએ છીએ, જો ઉત્કૃષ્ટ આત્મલગની- પૂર્વક તું પ્રયત્ન કરીશ તો બે ઘડીમાં જ તને આત્માનો અનુભવ થશે.

અહા, જુઓ તો ખરા....આ ચૈતન્યના અનુભવનો માર્ગ કેટલો સરલ અને સહજ છે! ચૈતન્યનો અનુભવ સરલ અને સહજ હોવા છતાં દુનિયાના નકામા કોલાહલમાં જીવ રોકાઇ ગયો હોવાથી તેને તે દુર્લભ થઈ પડ્યો છે. તેથી આચાર્યદેવ ખાસ શરત મૂકે છે કે દુનિયાનો નકામો કોલાહલ છોડીને ચૈતન્યના અનુભવનો અભ્યાસ કર. એક

ચૈતન્યતત્ત્વ સિવાય બીજું બધું ભૂલી જા. આ રીતે માત્ર ચૈતન્યનો જ અભિલાષી થઈને અંતરમાં તેના અનુભવનો અભ્યાસ કર તો તેની પ્રાપ્તિ કેમ ન થાય? જરૂર થાય. કેટલા વખતમાં? કે માત્ર બે ઘડીમાં! કદાચ તને કઠિન લાગે અને વાર લાગે તો પણ વધુમાં વધુ છ મહિનામાં તો જરૂર આત્માની પ્રાપ્તિ થશે. આ રીતે આત્મપ્રાપ્તિના અભ્યાસનો વધુમાં વધુ કોર્સ છ મહિનાનો છે. છ મહિનાના એકધારા સાચા અભ્યાસથી આત્મપ્રાપ્તિ જરૂર થાય છે.

અહીં 'વધુમાં વધુ છ મહિના' કહીને કાંઈ કાળની ગણતરી ઉપર વજન નથી દેવું, પરંતુ શિષ્યને આત્મલગનીના ભાવ કેવા ઉગ્ર છે તે બતાવવું છે. આખાય જગતની દરકાર છોડીને જે શિષ્ય આત્માનો અનુભવ કરવા તૈયાર થયો તે શિષ્ય કાળના માપ સામે જોતો નથી કે 'કેટલો કાળ થયો?' તે તો અંતરમાં ચૈતન્યને પકડવાના અભ્યાસમાં ઊંડો ને ઊંડો ઊતરતો જાય છે, ક્ષણે ક્ષણે ચૈતન્યસ્વભાવની નજીક ને નજીક થતો જાય છે. આવો ને આવો ધારાવાહી અભ્યાસ ઠેઠ આત્માનો અનુભવ થતાં સુધી તે ચાલુ જ રાખે છે. આવા અનુભવના અભ્યાસમાં તેને પોતાને જ અંતરમાં પ્રતિભાસે છે કે મારા ચિદાનંદ સ્વભાવની શાંતિ હવે નિકટમાં જ છે. સુખના સમુદ્રને સ્પર્શીને ઠંડી હવા આવી રહી છે, હવે સુખનો સમુદ્ર એકદમ પાસે જ છે. આથી આચાર્યદેવે કહ્યું કેઃ હે ભાઈ! છ મહિના આવો અભ્યાસ કરવાથી તને પોતાને જ હૃદયમાં ચૈતન્યનો વિલાસ દેખાશે. માટે બીજી આડીઅવળી અત્યાર સુધીની અભ્યાસેલી તારી દલીલો એક કોર મૂક અને આ અંતરમાં ચૈતન્યના અનુભવનો અભ્યાસ કર.

જુઓ, આ ચૈતન્યવિદ્યાનો અભ્યાસ! આ ચૈતન્યવિદ્યા તો ભારતની મૂળ વિદ્યા છે. અગાઉ તો બાળપણથી જ ભારતના બાળકોમાં આવી ચૈતન્યવિદ્યાના સંસ્કાર રેડાતા. માતાઓ પણ ધર્માત્મા હતી. તેઓ પોતાના બાળકોને આવા ઉત્તમ સંસ્કારો શીખવતી અને બાળકો પણ અંતરમાં અભ્યાસ કરીને-અંતરમાં ઉતરીને-આઠ આઠ વરસની ઉંમરે આત્માનો અનુભવ કરતા. ભારતમાં ચૈતન્યવિદ્યાનો આવો ધીકતો ધર્મકાળ હતો. તેને બદલે આજે તો આ ચૈતન્યવિદ્યાનું શ્રવણ મળવું પણ કેટલું દુર્લભ થઈ પડ્યું છે!! પરંતુ જેણે હિત કરવું હોય ને શાંતિ જોઈતી હોય તેણે આ ચૈતન્યવિદ્યા શીખ્યે જ છૂટકો છે. આ સિવાય જગતની બીજી કોઈ વિદ્યા વડે આત્માને હિત કે શાંતિનો અંશ પણ મળે તેમ નથી. માટે હે જીવ! 'આ વાત અમને ન સમજાય....અઘરું લાગે છે....અત્યારે

અમને ટાઈમ નથી'-એમ નકામો કલબલ કરવાનું છોડ ને આ ચૈતન્યના અભ્યાસમાં જ તારા આત્માને જોડ. છ મહિના એકધારો અભ્યાસ કરવાથી તને જરૂર આત્મજ્ઞાન અને આત્મશાંતિ થશે.

卐 ❀ 卐

# મહાવીરની ક્રિયા અને મહાવીરના ઉપવાસ

પ્રશ્ન :- માત્ર આત્મા શુદ્ધ છે એમ સમજી જવાથી શું મોક્ષ થઈ જતો હશે? કાંઈક શરીરની ક્રિયા પણ કરવી જોઈએને? મહાવીર પ્રભુએ પણ મુનિદશામાં બાર બાર વર્ષ સુધી કષ્ટ સહન કર્યાં અને ઉપવાસ વગેરે ક્રિયાઓ કરી ત્યારે તેમને મુક્તિ પ્રાપ્ત થઈને?

ઉત્તર :- ભાઈ, તારી વાત અક્ષરે અક્ષર ખોટી છે. આત્મા કોને કહેવો તેનું પણ તને ભાન નથી તો પછી ભગવાનના આત્માએ શું કર્યું તેની તો તને ક્યાંથી ખબર પડે? તને આત્માની ક્રિયા દેખાતી નથી, માત્ર જડની ક્રિયા દેખાય છે. ભગવાન દુઃખ સહન કરી કરીને મુક્તિ પામ્યા કે આત્માના આનંદનો અનુભવ કરતાં કરતાં મુક્તિ પામ્યા? ઉપવાસ આત્મામાં થતો હશે કે શરીરમાં? ઉપવાસ કરવો તે સુખરૂપ હોય કે દુઃખરૂપ હોય? ભગવાને દુઃખરૂપ લાગે તેવા ઉપવાસ નહોતા કર્યા, પણ અંતરના ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારીને આત્મિક આનંદરસના સ્વાદના-અનુભવમાં એવા લીન થયા હતા કે આહારનો વિકલ્પ જ ઉઠ્યો નહીં અને એવા ઉપવાસ ભગવાને કર્યા હતા. અજ્ઞાનીઓએ અંતરમાં થતી આત્માની ક્રિયાને ન ઓળખી અને બહારમાં આહારનો સંયોગ ન થયો તે વાતને વળગી પડ્યા, ને તેમાં જ ધર્મ માની લીધો. આહાર તો જડ છે, પર વસ્તુ છે. પર વસ્તુનું ગ્રહણ કે ત્યાગ આત્મા કરી શકતો નથી. અંતરમાં નિરુપાધિક આત્મસ્વભાવ શું છે એના ભાન વિના ચૈતન્યમાં લીનતા થશે ક્યાંથી? શુદ્ધ ચૈતન્યતત્ત્વને જાણીને-માનીને તેના જ અનુભવમાં એકાગ્ર થવું તે ધર્મી જીવોની ક્રિયા છે, એ ક્રિયા કરવાથી મુક્તિ થાય છે. એ સિવાય શરીરની કોઈ ક્રિયાથી કે વિકારી ભાવરૂપ ક્રિયાથી ધર્મ કે મુક્તિ થતી નથી.

બધા આત્માનો પવિત્ર નિરુપાધિક સ્વભાવ છે; સ્વભાવમાં વિકાર ત્રણ કાળમાં નથી. છતાં વર્તમાન અવસ્થામાં જે વિકાર છે તેને જ પોતાનું સ્વરૂપ માનીને તેના અનુભવમાં અટકી જાય અને તે રહિત જે ત્રિકાળી શુદ્ધસ્વભાવ છે તેને ન માને તથા ન અનુભવે તો જીવનું અજ્ઞાન ટળે નહિ. હે જીવ! ત્રિકાળી શુદ્ધસ્વભાવને સમજ્યા વગર શ્રદ્ધાને ક્યાં એકાગ્ર કરીશ? અને જ્ઞાનને ક્યાં થંભાવીશ? મારે નિર્વિકલ્પ શુદ્ધસ્વભાવ સાથે એક્તા છે અને વિકારથી જુદાપણું છે-આમ શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કર્યાં પછી વિકાર

થાય તેને સાધક જીવ પોતાના સ્વરૂપ તરીકે ન અનુભવે, એટલે શુભાશુભ વિકાર વખતેય શુદ્ધસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનરૂપ ધર્મ જળવાઈ રહે છે. અને સાધક જીવ સદાય એ જ રીતે સ્વભાવમાં એક્તારૂપે ને વિકારથી જુદાપણે પરિણમતાં થકાં શુદ્ધતાની પૂર્ણતા કરીને કેવળજ્ઞાન પ્રગટાવે છે.

卐 ❀ 卐

# રુચિ અને પુરુષાર્થ

જેને જે વસ્તુની રુચિ હોય તે વસ્તુની તે મર્યાદા ન બાંધે, તેની હદ ન બાંધે. જેને પૈસાની રુચિ હોય તે લાખ-બે લાખ કે કરોડ એવી મર્યાદા ન બાંધે, પણ જેટલા રૂપિયા મળે તેટલા લેવાની ભાવના હોય તેમ જેને આત્માની રુચિ થઈ હોય તે આત્મહિત માટે કોઈપણ મર્યાદા ન બાંધે. આત્માના બેહદ સ્વભાવની રુચિ થઈ તો તેમાં કોઈ હદ ન હોઈ શકે, પણ કાળની અને પુરુષાર્થની મર્યાદા તોડીને બેહદ પુરુષાર્થ દ્વારા સંપૂર્ણ સ્વરૂપ મેળવે જ.

'આત્માનું સ્વરૂપ બે-ત્રણ દિવસમાં કે અમુક વખત સુધીમાં મળે તો લેવું' એમ જે કાળની મર્યાદા બાંધીને સ્વરૂપ મેળવવા માગે છે તેને આત્માની રુચિ જ નથી. જો ખરેખર આત્માની રુચિ હોય તો મર્યાદા હોય નહિ. સંસારના કાર્યો અનંત-અનંત કાળથી કરતો આવ્યો છે છતાં તેની કાંઈ મુદત મારતો નથી અને અહીં મોક્ષસાધનમાં મુદત મારે છે તો તેને આત્માની રુચિ નથી, પણ સંસારની જ રુચિ પડી છે. જો તને ખરેખર આત્માની રુચિ હોય તો સંસારભાવ મૂકી દઈને આત્મા માટે જ જીવન અર્પી દે! અરે! એક તો શું પણ અનંત-અનંત ભવ આત્મા માટે આપવા પડે તો પણ આપવા તૈયાર છું, ગમે તેમ થાવ પણ મારે તો આત્માનું કરવું જ છે-એમ આત્માની રુચિ કરીને કાળની મર્યાદા તોડી નાખ! આમ કરવાથી અનંત ભવનો નાશ થઈને અલ્પકાળમાં જ તારી મુક્તિ અવશ્ય થઈ જશે. કાળની મર્યાદા તોડીને જે આત્મા માટે અનંત ભવ અર્પણ કરવા તૈયાર થયો છે-તેને ભવ હોય જ નહિ. આત્મા તરફની યથાર્થ રુચિ હોવાથી તે રુચિના જોરે કાળની મર્યાદા તોડીને ઉગ્ર પુરુષાર્થ દ્વારા તે એક-બે ભવમાં જ મુક્ત થઈ જવાનો! પણ જો કાળની મર્યાદા બાંધી તો અનંતકાળે પણ જન્મ-મરણનો અંત નહિ આવે. મર્યાદાના લક્ષે મુક્તિનો અમર્યાદિત પુરુષાર્થ નહિ ફાટે. જે તરફની રુચિ હોય તે તરફનો પુરુષાર્થ ઉપડે છે, માટે પ્રથમ ક્ષેત્ર-કાળાદિની મર્યાદાને તોડીને રુચિ ફેરવો.

卐 ❀ 卐

# આત્માની ક્રિયા

પ્રશ્ન :- આત્મા શું કરી શકે?

ઉત્તર :- આત્મા ચૈતન્યસ્વરૂપ છે, તેથી ચૈતન્યના ઉપયોગ સિવાય બીજું કાંઈ પણ કરી શકે નહીં.

પ્રશ્ન :- જો આત્મા ઉપયોગ સિવાય બીજું કાંઈ ન કરી શકતો હોય તો સંસાર-મોક્ષ શા માટે?

ઉત્તર :- આત્મા ઉપયોગ સિવાય બીજું તો કાંઈ જ કરી શકતો નથી. ચૈતન્યનો ઉપયોગ પર તરફ લક્ષ કરીને પરભાવમાં દ્રઢતા કરે તે સંસાર છે અને સ્વ તરફ લક્ષ કરીને સ્વમાં દ્રઢતા કરે તે મુક્તિ છે. કાં તો સ્વ તરફનો ઉપયોગ કરીને સ્વમાં દ્રઢતા કરે અથવા પર તરફનો ઉપયોગ કરીને પરભાવમાં દ્રઢતા કરે, એ સિવાય બીજું કાંઈ પણ અનાદિથી કોઈ જીવ કરી શક્યો નથી અને અનંત કાળમાં કદી પણ કરી શકશે નહિ.

પ્રશ્ન :- જો આત્મા માત્ર ઉપયોગ સિવાય બીજું કાંઈ નથી જ કરી શકતો તો શાસ્ત્ર શા માટે છે?

ઉત્તર :- બાર અંગ અને ચૌદ પૂર્વ એ બધાનો હેતુ માત્ર એક જ છે કે ચૈતન્યનો ઉપયોગ પર તરફ ઢળ્યો છે તેને સ્વ તરફ વાળીને સ્વમાં દ્રઢતા કરવી. એ રીતે ઉપયોગ ફેરવવાની વાત છે અને તે વાતને શાસ્ત્રોમાં અનેક પડખેથી સમજાવવામાં આવે છે.

પ્રશ્ન :- સંસારીની અને સિદ્ધની ક્રિયામાં શું ફેર?

ઉત્તર :- ચૈતન્યનો ઉપયોગ તે જ આત્માની ક્રિયા છે. નિગોદથી માંડીને સિદ્ધ-ભગવાન સુધીના બધા જીવો ઉપયોગ જ કરે છે, ઉપયોગ સિવાય બીજું કાંઈ કોઈ જીવ કરતો નથી. ફેર એટલો છે કે નિગોદ વગેરે સંસારી અજ્ઞાની જીવો પોતાનો ઉપયોગ પર તરફ કરીને પરભાવમાં એકાગ્ર થાય છે-જ્યારે સિદ્ધ ભગવાન વગેરે પોતાના શુદ્ધસ્વભાવમાં ઉપયોગ ઢાળીને સ્વભાવમાં એકાગ્ર થાય છે. પરંતુ સિદ્ધ કે નિગોદ કોઈપણ જીવ ઉપયોગ સિવાય પરનું કાંઈપણ કરી શકતો નથી. સ્ત્રી-કુટુંબ-લક્ષ્મી કે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે બધા પર છે-તેનું આત્મા કાંઈ કરી શકે નહિ. આત્મા માત્ર તે તરફનો શુભ કે અશુભ ઉપયોગ કરે, પરંતુ શુભ કે અશુભ એ બન્ને ઉપયોગ પર તરફના હોવાથી 'અશુદ્ધ ઉપયોગ' કહેવાય છે અને સ્વ તરફનો ઉપયોગ 'શુદ્ધ ઉપયોગ' કહેવાય

છે. આ સંબંધમાં એવો સિદ્ધાંત છે કે પરલક્ષે બંધન અને સ્વલક્ષે મુક્તિ. જ્યાં પરલક્ષ થયું ત્યાં શુભભાવ હોય તો પણ અશુદ્ધ ઉપયોગ જ છે અને તે સંસારનું કારણ છે તથા જ્યાં સ્વલક્ષ થયું ત્યાં શુદ્ધ ઉપયોગ જ છે અને તે મુક્તિનું કારણ છે.

**અરે જીવ! વિરોધ છોડીને અંતરથી હા પાડ!**
**આ તો તારી પ્રભુતા તને સમજાવાય છે.**

સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ નિર્મળસ્વરૂપ આત્માને સમજ્યા વિના જન્મ-મરણ ટાળવાનો કોઈ અન્ય માર્ગ નથી. નિત્ય અવિકારી ધ્રુવ ચૈતન્યસ્વભાવને લક્ષમાં ન લ્યે તે જીવને ધર્મ થાય નહિ અને ભવ ઘટે નહીં. જેને ચૈતન્યસ્વભાવનું ભાન નથી તે જીવ મન-વાણી-દેહની પ્રવૃત્તિમાં અથવા પુણ્યમાં ધર્મ માનીને અટકે છે અને તેનું ફળ બંધનરૂપ સંસાર છે. જેને આ વાતનું લક્ષ નથી તેણે બાહ્ય પ્રવૃત્તિમાં કૃતકૃત્યતા માની હોય છે; તેથી તેની માન્યતાથી ઊલટી વાત જ્ઞાની જ્યારે સંભળાવે છે કે 'બાહ્ય પ્રવૃત્તિથી કે પુણ્યથી ધર્મ ન થાય' ત્યારે તે સાંભળતાં સત્ય તત્ત્વનો તે વિરોધ કરે છે.

જેમ પેંડો આપવા માટે બાળક પાસેથી ચૂસણિયું છોડાવવામાં આવે છે ત્યારે તે રાડ નાખે છે તેમ મુક્તિરૂપી પેંડાનો સ્વાદ ચખાડવા માટે બાળજીવોની ઊંધી માન્યતારૂપી લાકડાના ચૂસણિયાની પક્કડ છોડાવવામાં આવે છે ત્યારે તેઓ રાડ નાખે છે; પણ એમને ખબર નથી કે જ્ઞાની તેમના હિતની વાત કહે છે.

જેઓ પરની ક્રિયાથી ધર્મ માનનારા છે તથા પુણ્ય કરતાં કરતાં તેનાથી આત્મશુદ્ધિ થશે એમ માનીને વિકારના સ્વાદમાં જ અટકી ગયા છે તેમને જ્ઞાની કહે છે કે હે ભાઈ! તમારી એ ખોટી માન્યતારૂપી લાકડાના ચૂસણિયાથી સુખનો સ્વાદ નહિ આવે, માટે તેને છોડો અને તમારા સ્વાધીન સ્વભાવની અંતરથી હા પાડો, તો સ્વભાવના સંવેદનમાં તમને સાચા સુખનો સ્વાદ આવશે.

હું પરથી જુદો સાક્ષાત્, ચૈતન્યજ્યોતિ, અનંત આનંદની મૂર્તિ છું એમ સમજ્યા વગર જેટલા શુભરાગ કરે તે બધા મુક્તિ માટે વ્યર્થ છે. આવું સાંભળતાં કોઈ અજ્ઞાની વિરોધ કરે છે કે અરેરે! અમારું બધું ઉડી જાય છે. પણ પ્રભુ! વિરોધ ન કર....ના ન પાડ....આ તો તારી પ્રભુતા તને સમજાવાય છે. તારો અનંત મહિમાવાન સ્વભાવ અમે તને સમજાવીએ છીએ ત્યારે તું તેનો વિરોધ કરીને અસત્યનો આદર કરે-એ

કેમ શોભે?

જેમ કોઈ ખાનદાનનો પુત્ર બહારચલો થયો ને તેને તેના પિતા ઠપકો આપે કે ભાઈ રે! ખાનદાનને આ ન શોભે....તારી જાત લાજે છે; તેમ આત્માના ચૈતન્યઘરને છોડીને જે પુણ્ય-પાપની પ્રવૃત્તિરૂપ કુસંગથી ધર્મ માને છે તેને પરમ પિતા શ્રી તીર્થંકરદેવ શિખામણ આપે છે કે અરે જીવ! તું અમારી જાતનો છો. આ બહારચલાપણું તને ન શોભે, તેમાં તારી પ્રભુતા લાજે છે. તારી નાત-જાત સિદ્ધપરમાત્મા સમાન છે. આ વિકાર તારી શોભા નથી-આમ કહીને અજ્ઞાની જીવને પુણ્ય-પાપ રહિત તેનો જ્ઞાનસ્વભાવ સમજાવે છે.

અહો! પરમ સત્યની આવી વાત કાને પડવી પણ ઘણી દુર્લભ છે. અનંતકાળે આવા મોંઘા ટાણાં મળ્યા છે ત્યારે પણ જો અપૂર્વ સત્ય સમજીને સ્વતંત્ર વસ્તુ સ્વભાવનું સામર્થ્ય નહીં સ્વીકારે તો ચોરાશીના અવતારની રખડપટ્ટી ટળશે નહીં. માટે જે જીવ આ રખડપટ્ટીથી થાક્યો હોય તેણે ધીરા થઈને અંતરમાં આ વાત સમજવા જેવી છે.

卐 ❀ 卐

# સિદ્ધપણાના લક્ષે સાધકપણાની શરૂઆત

આ આત્મસ્વભાવની અપૂર્વ વાત સમજ્યા વિના જીવ અનંતવાર નવમી ગ્રૈવેયકે પુણ્યના ફળથી ગયો. 'હું સ્વાધીન સ્વરૂપ છું, પરના આશ્રય વિનાનો છું' એ ભૂલીને જૈનના મહાવ્રતાદિ પણ કર્યાં, વસ્ત્રના તાણાં વિનાની નગ્ન-દિગંબર દશા ધારીને ઉગ્ર શુભભાવ સહિત પાંચ મહાવ્રત અનંતવાર પાળ્યા, ઉત્કૃષ્ટ તપ કર્યાં, કોઈ અગ્નિથી બાળી નાખે છતાં જરા પણ ક્રોધ ન કરે એવી શુભભાવરૂપ ક્ષમા અનંતવાર રાખી, તો પણ સર્વજ્ઞ ભગવાન કહે છે કે ધર્મ ન થયો. માત્ર તેવા ઊંચા પુણ્ય કરી અનંતવાર સ્વર્ગમાં ગયો, પણ હું પરથી નિરાળો છું, પુણ્ય-પાપની વૃત્તિ ઉઠે તેનાથી પરમાર્થે જુદો જ છું, મનની-રાગની સહાયતાથી શુદ્ધદશા પ્રગટ થાય નહિ.-એમ સ્વરૂપની પૂર્ણ સ્વાધીનતાની વાત બેઠી નહીં.

તેથી અહીં સમયસાર શાસ્ત્રની શરૂઆતમાં આચાર્યદેવ સર્વ સિદ્ધોને ભાવ તથા દ્રવ્ય સ્તુતિથી પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને તેનું વિવેચન કરે છે. કોઈને આ વાત મોટી લાગે, પણ પૂર્ણ સ્વરૂપ કબુલ્યા વિના પૂર્ણની શરૂઆત કેમ થાય? જ્ઞાની કહે છે કે 'તું પ્રભુ છે', તે સાંભળતાં અજ્ઞાની ભડકી ઉઠે છે અને કહે છે કે અરે! મને પ્રભુ કેમ કહ્યો? જ્ઞાની કહે છે કે બધા આત્મા પ્રભુ છે. બાહ્ય વિષય-કષાયમાં જેની દૃષ્ટિ છે તે આત્માને પ્રભુરૂપે માનવાની ના કહે છે. પણ અહીં કહે છે કે 'હું સિદ્ધ છું' એમ વિશ્વાસ કરીને 'હા' પાડ. પૂર્ણતાના લક્ષ વગર વાસ્તવિક શરૂઆત નથી. 'હું પામર છું, ઉણો છું' એમ માનીને જે કાંઈ કરે તે કાંઈ પરમાર્થે શરૂઆત નથી. 'હું પ્રભુ નથી' એમ 'ના' કહેવાથી 'હા' નહિ આવે, અર્થાત્ સાધકપણાની શરૂઆત નહિ થાય. અળસિયાને કોઈ દુધ-સાકર પાય તો પણ તે નાગ ન થાય તેમ પ્રથમથી આત્માને હીણો માની પૂર્ણતાનો પુરુષાર્થ કરવા માગે તો નહિ થાય. કણો અળસિયા જેવડો હોય છતાં ફૂંફાડા મારતો નાગ છે, કડક વીર્યવાળો છે. નાનો નાગ પણ ફણીધર સાપ છે, તેમ આત્મા વર્તમાન અવસ્થામાં નબળાઈવાળો દેખાવા છતાંય સ્વભાવે તો સિદ્ધ જેવો પૂર્ણ છે. પૂર્ણતાના લક્ષે ઉપડેલો સાધક પૂર્ણ થયા વિના રહે નહિ. માટે શ્રી આચાર્યદેવ પ્રથમથી જ પૂર્ણ સિદ્ધમય સાધ્યપણાથી વાત શરૂ કરે છે. કેટલી હોંશ છે!!!

卐 ❀ 卐

# જ્ઞાનીના આત્મ-અનુભવનો મહિમા
# અને
# એવા આત્મ-અનુભવની પ્રેરણા

[ આસો વદ ચોથનું પ્રવચન : સમયસાર ગાથા ૨૦૬ ]

સુખી થવા માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! જેટલો જ્ઞાનનો અનુભવ છે તેટલો જ સાચો આત્મા છે એમ જાણીને તું જ્ઞાનમાત્રમાં પ્રીતિ કર, તેનાથી જ સંતુષ્ટ થા અને તેનાથી જ તૃપ્ત થા એટલે કે તું આત્મામાં જ ગમાડ. એમ કરવાથી તારા અંતરમાં પરમસુખનો તને અનુભવ થશે.

卐

પહેલાં તો જ્ઞાનની કળા વડે એવું ભેદજ્ઞાન કરો કે જે જ્ઞાન છે તે આત્મા છે, ને રાગ તે આત્મા નથી. પરદ્રવ્ય તરફની વૃત્તિ, તે પછી અશુભ હો કે શુભ હો, તે આત્મા નથી, સ્વપણે અનુભવાતું જ્ઞાન જ આત્મા છે. આવા જ્ઞાનના સ્વસંવેદનની કળા તે મોક્ષની કળા છે. આત્માના અનુભવની આ કળા જ સાચી કળા છે, તેનો વારંવાર અભ્યાસ કરવા જેવો છે. દુઃખથી છૂટવું હોય ને સુખી થવું હોય તો પરભાવોથી ભિન્ન આત્માને જાણીને તેનો જ અભ્યાસ કરવા જેવો છે. તે અભ્યાસ કઈ રીતે કરવો તે વાત આ ૨૦૬મી ગાથામાં આચાર્યદેવ સમજાવે છે-

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.**

તારી ચીજ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે; શરીરાદિ કાંઈ તારી ચીજ નથી; આકુળતાજનક રાગાદિ ક્ષણિક ભાવો તે પણ કાંઈ જીવપણે અનુભવાતા નથી, તેથી તેઓ પણ ખરેખર જીવ નથી. તો સાચો જીવ કેવો છે? કે જેટલું આ અનુભવમાં આવતું જ્ઞાન છે એટલો જ સત્ય આત્મા છે. માટે હે ભવ્ય! તું આવા આત્મામાં જ રતિ કર, તેનો જ પ્રેમ કર, તેમાં જ પ્રીતિ કર. 'જેટલું જ્ઞાન તેટલો સાચો આત્મા' એમ કહીને બીજા બધા પરભાવો કાઢી નાખ્યા.

જેમ સાકર કેટલી?-કે જેટલું ગળપણ છે તેટલી; કચરો કે મેલ સાકર નથી. તેમ

આત્મા કેટલો? કે જેટલું જ્ઞાન છે તેટલો સાચો આત્મા છે; જડનો સંયોગ કે રાગાદિ મેલ આત્મા નથી. 'આ જ્ઞાનમય વસ્તુ જ હું છું' એમ નક્કી કરીને તેનો પ્રેમ કર. સંયોગને અને પુણ્ય-પાપના ભાવોને પોતાના માનીને તેમ જ તેમનો પ્રેમ કરીને અનાદિથી દુઃખી છો, પણ તેઓ તારા નથી. માટે તેમને જુદા જાણીને તેમનો પ્રેમ છોડ ને આત્માને જ્ઞાનમય જાણીને તેનો પ્રેમ કર, તો તને ઉત્તમ સુખ થશે. પરદ્રવ્યનો પ્રેમ દુર્ગતિ છે-સંસાર છે; સ્વદ્રવ્યનો પ્રેમ તે સુગતિ છે, સુગતિ એટલે મોક્ષ. મોક્ષ પરના આશ્રયે ન થાય; પરંતુ જ્ઞાનમય સ્વદ્રવ્યના જ આશ્રયે થાય.

જ્ઞાન ને આત્મા, એટલે કે ગુણ ને ગુણી, તે એક ચીજ છે, અને તેટલો જ સાચો આત્મા છે. રાગ ને આત્મા તે એક ચીજ નથી, કેમકે રાગમાં તન્મયતા વડે આત્મા અનુભવાતો નથી, જ્ઞાનમાં તન્મયતા વડે આત્મા અનુભવાય છે. રાગની પ્રીતિ કરીશ તો આત્માની પ્રીતિ નહીં રહે. જે રાગને સાધન બનાવીને તેનાથી આત્માનું કલ્યાણ માને છે તે જીવને રાગનો પ્રેમ છે, તેને ચૈતન્યસ્વરૂપ આત્માનો પ્રેમ નથી. અરે, હજી તો બહારના ભપકામાં જીવ અર્પાઈ જાય ત્યાં અંદરમાં ચૈતન્યસ્વરૂપનો પ્રેમ ક્યારે કરે? ઘણા જીવોને તો ચૈતન્યસ્વરૂપ આત્માની વાત સાંભળવાનીયે ફૂરસદ નથી, તેઓ તો સંસારના તીવ્ર પ્રેમમાં ડૂબેલા છે. એવા જીવો તો મહા દુઃખી છે.

ભાઈ, બહારના સંયોગથી કે પુણ્યના ઠાઠથી આત્માનું કાંઈ કલ્યાણ નથી. જ્ઞાનના અનુભવથી જ કલ્યાણ છે. જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવથી જ સાચું કલ્યાણ છે. અરે, રાગનો પ્રેમ તે તો કુશીલ છે-શુભરાગનો-પુણ્યનો પ્રેમ પણ કુશીલ છે, સંસારમાં રખડાવનાર છે, ભલે પુણ્ય સ્વર્ગનો ભવ કરાવે પરંતુ તે પણ સંસાર છે, તેનાથી જરાય કલ્યાણ નથી. પાપ અને પુણ્યથી પાર એવો સહજ જ્ઞાનસ્વભાવ જેને ગમે છે તે રાગનો પ્રેમ ન કરે; પણ જ્ઞાનનો જ પ્રેમ કરીને તેનો અનુભવ કરે છે ને તેને અપૂર્વ આનંદ થાય છે, -કે જે આનંદની પોતાને તત્ક્ષણ ખબર પડે છે.

ભાઈ, તારે સારું કરવું છેને? કલ્યાણ કરવું છેને? હા; તો સારું અને કલ્યાણ તે તો આત્માનું જ્ઞાન જ છે; રાગ સારો નથી, તેમ જ તેનાથી કલ્યાણ નથી. જન્મ-મરણના કલેશથી છૂટવું હોય, ને મોક્ષનું અવિનાશી કલ્યાણ જોઈતું હોય તેણે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને જ કલ્યાણરૂપ જાણીને તેનાથી સંતુષ્ટ થવું. રાગથી કદી સંતોષ થાય તેવું નથી, તેમાં તો વિષયોની ઇચ્છા ને આકુળતા જ છે; રાગ પોતે જ આકુળતા

છે તો તેનાથી સંતોષ કેવો? જ્ઞાન છે તે નિરાકુળ છે, માટે તેના અનુભવથી જ સંતોષ પામ. આ ભગવાન આત્માનો પ્રેમ કરીને તેનાથી સંતોષ પામ. જ્યાં અનંત સુખસ્વભાવથી ભરેલો પોતાનો આત્મા જોયો ત્યાં ધર્મીને પરમ સંતોષ છે; હવે તેને બીજા કોઈ પરભાવની અભિલાષા રહેતી નથી. અચિંત્ય શક્તિથી ભરેલા આત્માના અનુભવમાં જ સર્વ પ્રયોજનની સિદ્ધિ છે, તો પછી જ્ઞાની બીજાને કેમ ઇચ્છે? મારું સુખ, મારો આનંદ, મારું કલ્યાણ, મારું જ્ઞાન-બધું મારામાં પરિપૂર્ણ છે, એમ જ્યાં આત્માને અનુભવમાં લીધો ત્યાં જ્ઞાનીને પોતાના આત્મા સિવાય બીજું કાંઇ જ સાધ્ય નથી, બીજા કોઇ પદાર્થમાં સુખબુદ્ધિ નથી.

આવા આત્માના અનુભવરૂપ જે જ્ઞાન છે તે જ સાચું કલ્યાણ છે.-માટે આવા આત્મામાં તું ગમાડ, આવા આત્માને તું વહાલો કર ને તેનાથી જ સંતુષ્ટ થા. રાગને વહાલો ન કર; વ્યવહારને વહાલો ન કર. બહારના કોઈ ભાવોને વહાલા ન કર; કેમકે તેનાથી કલ્યાણ નથી. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવને જ વહાલો કરીને તેનો અનુભવ કર એ જ કલ્યાણ છે, એ જ મોક્ષમાર્ગ છે, પરમ સુખ છે. સુખ બીજે ક્યાંય શોધવા જઈશ મા.

આત્માને ભૂલીને અનંતવાર શુભરાગ પણ જીવે કર્યો અને તેથી દેવલોકમાં અનંતવાર ગયો, પણ તેને કદી સંતોષ ન થયો, કેમકે સાચો સંતોષ તો જ્ઞાનથી જ છે; રાગથી કદી સંતોષ છે જ નહીં. રાગમાં તો દુઃખ જ છે, બળતરા છે. શાંતરસનો પિંડ આત્મા છે તેના અનુભવથી જ સાચો સંતોષ છે; ત્યાં જગતના કોઈ પદાર્થોની અભિલાષા રહેતી નથી. બહારના અમુક પદાર્થ મળે તો સંતોષ થાય-એવું આત્માનું સ્વરૂપ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા સ્વયમેવ પોતાથી જ સંતોષરૂપ છે. સંતોષ કહો કે આનંદ કહો; આ જ્ઞાનસ્વરૂપ આત્માનો જેટલો અનુભવ છે તેટલો આનંદ છે, તેટલું કલ્યાણ છે અને તેટલો સંતોષ છે.

**અહો, આ જ્ઞાનસ્વરૂપ જ અનુભવ કરવા જેવું છે.**
**તેના અનુભવથી જ હે જીવ! તું સદા તૃપ્ત થા.**

આત્માના કલ્યાણ માટે શું કરવું તેની આ વાત છે; આત્મા જ્ઞાનમાત્ર છે, ને જ્ઞાન તે આત્મા છે; જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગાદિ કોઈ ભાવો તે સાચો આત્મા નથી. આમ આત્માને જાણીને, તેનો પરમ પ્રેમ કરીને, તેનાથી સંતોષ પામ અને તેના અનુભવથી જ તૃપ્ત થા. આમ સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર એવું સુખ થશે; અને તે અતીન્દ્રિય સુખ તત્ક્ષણે તને અનુભવાશે;

પોતાના અનુભવની પોતાને જ ખબર પડે છે. બીજાને પૂછવું નથી પડતું. 'મને આનંદનો અનુભવ થયો કે નહીં?' એમ કોઈને પૂછવું ન પડે. અંતરમાં ઉપયોગને વાળીને, તે 'આત્મ-ઉપયોગ' વડે આત્માને પકડ્યો ત્યાં કોઈ અચિંત્ય આનંદ અનુભવાય છે, ને તેને ધર્મી જ જાણે છે. અહો! આવો આત્મા જ અનુભવ કરવા જેવો છે.

ધર્મી મુમુક્ષુઓએ અનુભવ કરવા જેવું કાંઈ હોય તો આ આત્મા જ છે. એના જ અનુભવથી સર્વ દુઃખ મટીને પરમ આનંદ થાય છે. રાગાદિ પરભાવોના અનુભવથી તો આકુળતા છે, દુઃખ છે. તેનાથી રહિત એવો આત્મા જ અનુભવ કરવા જેવો છે. અતીન્દ્રિય સુખ કહો કે પરમ આનંદ કહો, તે આત્માના અનુભવથી જ થાય છે. આવો અનુભવ જ મોક્ષનો માર્ગ છે; તે જ અમૃતમાર્ગ છે; તે જ ચિંતામણિ રત્ન છે કે જેના વડે ઈચ્છિત પદ (સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન) પમાય છે. આવા જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવ વગર બીજા ગમે તે ઉપાય કરવામાં આવે તે બધો રાગ છે-દુઃખ છે, સંસાર છે; તેનાથી જરાય તૃપ્તિ નથી, શાંતિ નથી, તેનાથી તો આકુળતા છે. જેના વેદનથી તૃપ્તિ થાય એવું પરમ સુખ આત્માના અનુભવથી જ છે. માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખીને તેની પ્રીતિ કર, તેનાથી સંતુષ્ટ થા, ને તેનો અનુભવ કરીને તેનાથી જ તૃપ્ત થા....એટલે તને પરમ આનંદ થશે.

## આત્મ-અનુભવનો અપાર મહિમા

આત્માના અનુભવનો અપાર મહિમા છે. આચાર્યદેવ કહે છે કે અહો! જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધર્મીના અનુભવમાં આવ્યો છે તે પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે; ચૈતન્યચિંતામણિ છે. જેમ ચિંતામણિ વડે ઈચ્છિત વસ્તુ મળે છે તેમ આ આત્મા ચૈતન્યચિંતામણિ છે તેના સેવન વડે (ઈચ્છા વિના જ) સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીના સર્વે પ્રયોજન સિદ્ધ થઈ જાય છે. જ્યાં સર્વ સિદ્ધિ કરનારો પોતાનો આત્મા જ અનુભવમાં આવ્યો ત્યાં હવે બહારના બીજા કોઈ પદાર્થોના પરિગ્રહથી કે સંકલ્પ-વિકલ્પોથી ધર્મીને શું પ્રયોજન છે? જ્ઞાનમૂર્તિ આત્મા પ્રાપ્ત થયો તેમાં બધું આવી ગયું, હવે બહારના કોઈ ભાવની વાંછા ધર્મીને થતી નથી, ક્યાંય અંશમાત્ર આત્મબુદ્ધિ રહી નથી. અહો, આવો આત્મ-અનુભવનો અપાર મહિમા છે. આ અનુભવ કરવો તે જ કરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી. સુખ, આનંદ કે મોક્ષ આવા અનુભવથી જ છે. અહો! જ્ઞાનીએ આવો અનુભવ કરીને પોતોમાં ચૈતન્યચિંતામણિને પ્રાપ્ત કર્યો છે.

સર્વજ્ઞશક્તિવાળો ચૈતન્યદેવ હું છું-એમ જેણે અનુભવ્યું તેને હવે બીજા કોની સેવા કરવાનું રહ્યું? સમ્યગ્દર્શન થયું ત્યાં અનંત નિધાનવાળો આખો આત્મા ધર્મીએ પકડી લીધો. આનંદનો સાગર, જ્ઞાનનો પીંડ એવો આત્મા ધર્મીનો પરિગ્રહ છે, એ સિવાય બીજા કોઈ પદાર્થનો પરિગ્રહ ધર્મીને નથી.

જેણે સમ્યગ્દર્શન વડે આવો આનંદમય આત્મા અનુભવ્યો તે ધર્મી થયો અને તેણે સર્વસિદ્ધિસંપન્ન એવો ચૈતન્યદેવ પોતાનામાં જ દેખ્યો. વિભાવનું પડખું છોડીને ચિદાનંદસ્વભાવનું પડખું સેવતાં જે આનંદ અનુભવાય છે તેને ધર્મી જ જાણે છે; અજ્ઞાનીને તેની ખબર નથી. અરે, આ ભગવાન આત્મામાં શું ખામી છે કે બીજા પાસે કાંઈ લેવા જવું પડે? નિજશક્તિથી પરિપૂર્ણ ભગવાન આત્મા છે. તેને ચિંતવતાં-અનુભવતાં પરમ આનંદ થાય છે. તેથી બીજા પ્રશ્નો છોડીને આવા આત્માના અનુભવનો જ ઉદ્યમ કર; વારંવાર તેમાં ઉપયોગને વાળીને તેનો અનુભવ કર. રાગને અગ્રેસર ન કર, ચૈતન્યભગવાનને જ અગ્રેસર કર. તેને અગ્ર કરીને-મુખ્ય કરીને-ચિંતવતાં સમ્યગ્દર્શન અને સિદ્ધપદ થાય છે. સાદિ-અનંતકાળના સિદ્ધપદનો આનંદ આપવાની જેનામાં તાકાત છે એવું કોઈ હોય તો તે પોતાનો ચૈતન્યદેવ જ છે, બીજા કોઈ પાસેથી તે આનંદ મળે તેમ નથી. આમ જાણનાર ધર્મી જીવ પોતાના આત્મા સિવાય અન્ય કોઈ પદાર્થના પરિગ્રહને કેમ ઇચ્છે? ન જ ઇચ્છે. તે તો પોતાનાથી પરને સર્વથા ભિન્ન જાણે છે ને જ્ઞાનસ્વરૂપ આત્માને જ પરિગ્રહે છે - સર્વ પ્રકારે શ્રદ્ધામાં-જ્ઞાનમાં-આચરણમાં તેનું જ ગ્રહણ કરે છે. એ સિવાય પરભાવના અંશનેય ગ્રહતા નથી, પોતાનું 'સ્વ' માનતા નથી. પોતાનું 'સ્વ' તો પોતાનો જ્ઞાનસ્વરૂપ આત્મા જ છે. આવા સ્વ-તત્ત્વનો અનુભવ કરવા જેવો છે, એના અનુભવથી જ આત્માનું પરમ ઉત્તમ અતીન્દ્રિય સુખ અનુભવમાં આવે છે.

જેની સેવાથી, જેના ચિંતનથી, જેના અનુભવથી કેવળજ્ઞાન અને સિદ્ધપદ મળે એવો પોતાનો આત્મદેવ જ્યાં પ્રાપ્ત થયો, ચૈતન્યચિંતામણિ પ્રાપ્ત થયો તો ધર્માત્મા હવે બીજાને કેમ સેવે? બીજાને કેમ ચિંતવે? તે તો પોતાના આત્માને જ ધ્યેય બનાવીને ચિંતવે છે, અને તેને જ દિવ્ય શક્તિવાળો દેવ સમજીને સેવે છે. અરે, આવા આત્માના અનુભવનો આ અવસર છે; આનંદની પ્રાપ્તિનો આ અવસર છે.

આજે જ આવા આત્માનો અનુભવ કરો.

卐 ❀ 卐

# સૌથી મોટામાં મોટું પાપ, સૌથી મોટામાં મોટું પુણ્ય અને સૌથી પહેલાંમાં પહેલો ધર્મ.

પ્રશ્ન :- જગતમાં સૌથી મોટામાં મોટું પાપ ક્યું?

ઉત્તર :- મિથ્યાત્વ જ સૌથી મોટામાં મોટું પાપ છે.

પ્રશ્ન :- સૌથી મોટામાં મોટું પુણ્ય ક્યું?

ઉત્તર :- તીર્થંકર નામકર્મ સૌથી મોટામાં મોટું પુણ્ય છે, આ પુણ્ય સમ્યગ્દર્શન પછીની જ ભૂમિકામાં શુભરાગ વડે બંધાય છે. મિથ્યાદૃષ્ટિને આવા પુણ્ય હોતા નથી.

પ્રશ્ન :- સૌથી પહેલાંમાં પહેલો ધર્મ ક્યો?

ઉત્તર :- સમ્યગ્દર્શન જ સૌથી પહેલાંમાં પહેલો ધર્મ છે. સમ્યગ્દર્શન વગર જ્ઞાન-ચારિત્ર-તપ-દયા વગેરે એકેય ધર્મ સાચા હોતા નથી, તે બધા ધર્મો સમ્યગ્દર્શન થયા પછી જ હોય છે. માટે સમ્યગ્દર્શન જ ધર્મનું મૂળ છે.

પ્રશ્ન :- મિથ્યાત્વને સૌથી મોટામાં મોટું પાપ શા માટે કહ્યું?

ઉત્તર :- મિથ્યાત્વ એટલે ઊંધી માન્યતા, ખોટી સમજણ. જીવ પરનું કરી શકે અને પુણ્યથી ધર્મ થાય એમ જેણે માન્યું તેને તે ઊંધી માન્યતાથી એકેક ક્ષણમાં અનંતુ પાપ થાય છે. તે કઈ રીતે તે કહે છે-'પુણ્યથી ધર્મ' થાય અને જીવ બીજાનું કરી શકે એમ જેણે માન્યું છે તેણે પુણ્યથી ધર્મ ન થાય અને જીવ પરનું કાંઈ ન કરી શકે એમ કહેનારા ખોટા છે એમ પણ માન્યું છે, અર્થાત્ પુણ્યથી ધર્મ ન થાય અને જીવ પરનું ન કરે એમ કહેનારા ત્રણેકાળના અનંત તીર્થંકરો, કેવળી ભગવંતો, સંત-મુનિઓ અને સમ્યગ્જ્ઞાની જીવોને-બધાયને તેણે એક ક્ષણમાં ખોટા માન્યા છે. આ રીતે મિથ્યાત્વના એક સમયના ઊંધા વીર્યમાં અનંત સત્‌ના નકારનું મહાપાપ છે. વળી જેમ હું-જીવ પરનો અને પુણ્ય-પાપનો કર્તા છું તેમ જગતના સર્વ જીવો પણ સદાકાળ પરવસ્તુના અને પુણ્ય-પાપરૂપ વિકારના કર્તા છે-એમ પણ મિથ્યાદૃષ્ટિ જીવના અભિપ્રાયમાં આવ્યું. એ રીતે ઊંધી માન્યતાથી તેણે જગતના બધા જીવોને પરના કર્તા અને વિકારના ધણી ઠરાવ્યા, એટલે કે બધા જ જીવોના શુદ્ધ અવિકાર સ્વરૂપનું પોતાના ઊંધા અભિપ્રાય

વડે ખૂન કર્યું, અને એ રીતે પોતાની ઊંધી માન્યતા જ મહા હિંસકભાવ છે તથા તે જ મોટામાં મોટું પાપ છે. ત્રિકાળી સત્‌નો એક સમય માટે પણ અનાદર તે જ સૌથી મોટું પાપ છે.

વળી એક જીવ બીજા જીવનું કરી શકે એટલે કે બીજા જીવો મારું કાર્ય કરે અને હું બીજા બધા જીવોનું કાર્ય કરું એમ મિથ્યાત્વી જીવ માને છે, તેથી જગતના બધા જીવો એકબીજાના ઓશિયાળા પરાધીન છે એમ તેણે માન્યું; એ રીતે પોતાની ઊંધી માન્યતામાં એ જ મહાન હિંસકભાવ છે અને તે જ મહાનમાં મહાન પાપ છે.

શ્રી પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે -સમ્યક્‌ત્વસહિત નરકવાસ પણ ભલો છે, પરંતુ મિથ્યાત્વ સહિત સ્વર્ગવાસ પણ બૂરો છે, આથી નક્કી થાય છે કે જે ભાવે નરક મળે છે તે અશુભ પાપભાવ કરતાં પણ મિથ્યાત્વનું પાપ ઘણું જ મોટું છે. આમ સમજીને જીવોએ સર્વથી પહેલાં સાચી સમજણ વડે મિથ્યાત્વનું મોટું પાપ ટાળવાનો ઉપાય કરવો જોઈએ.

卐 ❀ 卐

# ભાઈ! તું તારું સુધાર

હું પરનું કરી શકું છું એવી જેની માન્યતા છે તેણે પરને અને પોતાને એક માન્યા છે. હું બીજાને કેળવણી આપી શકું છું એમ જેણે માન્યું છે તેણે બે જુદા પદાર્થને એક માન્યા છે. આને બાંધું અને આને મુક્ત કરું એવો ભાવ એની માનેલી અર્થક્રિયા કરી શકતો નથી; માટે તે અભિપ્રાય ત્રિકાળ મિથ્યા છે. જેમાં ત્રિકાળ નિયમ લાગુ પડે એને સિદ્ધાંત કહેવાય. તો ત્રિકાળ નિયમ પ્રમાણે પરમાં પરનો વ્યાપાર નહિ હોવાથી તે અધ્યવસાન પરની અર્થક્રિયા કરવામાં અસમર્થ છે, માટે પરને બાંધું ને મુક્ત કરું એવો અભિપ્રાય ત્રિકાળ જૂઠો છે.

અજ્ઞાનભાવે રાગ-દ્વેષ થાય તેથી શું જીવ બીજાનું કાંઇ કરી શકે? બીજાને સુખી-દુ:ખી કરી શકે? બીજાના જીવન-મરણ કરી શકે? બીજાને બંધ-મુક્ત કરી શકે? ન કરી શકે. તેથી એની ધારેલી માન્યતા પ્રમાણે ન થયું, માટે એનો તે અભિપ્રાય મિથ્યા છે.

હું આકાશના ફૂલને ચૂંટું છું, હું આકાશના ફૂલને તોડું છું તે અભિપ્રાય જેમ તદ્દન મૂર્ખાઈ ભરેલો છે તેમ હું બીજાને જીવાડું-મારું, બંધ-મુક્ત કરું એવો અભિપ્રાય પણ તદ્દન મૂર્ખાઈ ભરેલો છે. તું સવળો ભાવ તારામાં કરી શકે ને અવળો ભાવ પણ તારામાં કરી શકે, પરંતુ પરનું કાંઈ પણ કરવાનું સમર્થપણું તારામાં નથી.

આચાર્યદેવે આકાશના ફૂલનો કેવો સરસ ન્યાય આપ્યો છે! જેમ આકાશના ફૂલને તોડું તે ભાવ મિથ્યા છે, તેમ હું પરને જીવાડું-મારું, બંધ-મુક્ત કરું તે ભાવ પણ આકાશના ફૂલ તોડવા જેવો મિથ્યા છે. કેમકે તે ભાવથી પોતાની ધારેલી ધારણા પ્રમાણે થતું નથી, માટે અનર્થને કરે છે. આત્મા સિવાય શરીર-વાણી-મનનું હું કરું અને બીજા પરપદાર્થનું પણ હું કરું તે અભિપ્રાય કેવળ અનર્થરૂપ છે. કેટલાક એમ માને છે કે છોકરા-છોકરીને ઠેકાણે પાડીને અને બધી સરખાય કરીને પછી ધર્મ કરશું. પરંતુ તે અભિપ્રાય કિંચિત્ માત્ર લાભરૂપ નથી, એકલો અનર્થરૂપ છે. તું પરનું તો કાંઈ કરી શકતો નથી, કેમકે પર તારે આધીન નથી ને તું પરને આધીન નથી; તો હવે તારી ખોટી માન્યતાથી અનર્થના કેટલા વિચાર કરવા છે? અને તારે તારું કેટલું બગાડવું છે? તું પરનો ઓશીયાળો નથી, એ તારા ઓશીયાળા નથી. તારો ભાવ તારામાં સ્વતંત્ર છે, એનો ભાવ એનામાં સ્વતંત્ર છે. પરમાં કાંઈ તારી ધારેલી માન્યતા પ્રમાણે થતું નથી, તો હવે વિષયાદિમાં

સુખબુદ્ધિ રાખીને તારે તારું કેટલું બગાડવું છે? તારે તારું બગાડવું છે કે સુધારવું છે? માટે ભાઈ! ચિદાનંદ આત્માની પ્રતીતિ કરી, તેનું જ્ઞાન કરી, તેમાં જ ઠર, તે તારા હાથની વાત છે, તે જ મુક્તિનો માર્ગ છે.

卐 ❀ 卐

## અપૂર્વ ભેદજ્ઞાન માટે
# અમૃતનાં ઈન્જેક્શન

અહા! આચાર્યદેવે જ્ઞાનસ્વભાવની અપૂર્વ વાત કરી છે. વાણી અચેતન છે. તેના આધારે જ્ઞાન નથી; જ્ઞાનસ્વભાવના આધારે જ જ્ઞાન થાય છે. અહો! આ ભેદવિજ્ઞાનની પરમ સત્ય વાત છે, આત્મકલ્યાણનો માર્ગ છે. પણ જેમને પોતાના કલ્યાણની દરકાર નથી અને જગતના માન-આબરુની દરકાર છે એવા તુચ્છબુદ્ધિ જીવોને આ વાત નથી રુચતી, એટલે કે ખરેખર તેમને પોતાનો જ્ઞાનસ્વભાવ જ નથી રુચતો, પણ વિકારભાવ રુચે છે. તેથી જ્ઞાનસ્વભાવની આવી અપૂર્વ વાત કાને પડતાં તે જીવો પોકાર કરે છે કે અરે, ''આત્મા પરનું કાંઈ કરે નહિ એમ કહેવું તે તો ઝેરનાં ઈન્જેક્શન આપવા જેવું છે!'' અહો, શું થાય!! આ ભેદજ્ઞાનની પરમ અમૃત જેવી વાત પણ તેને ઝેર જેવી લાગી! આ એના પર્યાયનું પરિણમન પણ સ્વતંત્ર છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, વિકારનો અને પરનો અકર્તા છે-એવી ભેદજ્ઞાનની વાત તો અનાદિકાળથી જે મિથ્યાત્વરૂપી ઝેર ચડ્યું છે તેને ઉતારી નાખવા માટે પરમ અમૃતનાં ઈન્જેક્શન જેવી છે. જો એકવાર પણ આત્મા આવાં ઈન્જેક્શન લે તો તેનો જન્મ-મરણનો રોગ નાશ થઈને સિદ્ધ દશા થયા વગર રહે નહિ. આત્મા અને વિશ્વના દરેક પદાર્થ સ્વતંત્ર છે, પરિપૂર્ણ છે, નિરાવલંબન છે. આવો સમ્યક્ બોધ તો પરમ અમૃત છે ઝેર! આવું પરમ અમૃત પણ જે જીવને 'ઝેરનાં ઈન્જેક્શન' જેવું લાગે છે તે જીવને તેના મિથ્યાત્વભાવનું જોર પોકારી રહ્યું છે! આ તો નિજ કલ્યાણ કરવા માટેના અને મિથ્યાત્વરૂપી ઝેર દૂર કરવા માટેના અફર અમૃતનાં ઈન્જેક્શન છે. પોતાના પરિપૂર્ણ સ્વભાવનો વિશ્વાસ કરે તો સમ્યગ્દર્શન પ્રગટે એટલે કે ધર્મની પહેલાંમાં પહેલી શરૂઆત થાય અને તેનો વિશ્વાસ ન કરતાં પરનો કે રાગનો વિશ્વાસ કરે તો તે જીવને મિથ્યાત્વરૂપ અધર્મ જ થાય.

# ચૈતન્યના લક્ષ વગરનું બધુંય ખોટું

અત્યારે લોકોમાં જૈનધર્મના નામે જે વાત ચાલી રહી છે તેમાં મૂળથી જ ફેર છે. મૂળ આત્મસ્વભાવની દૃષ્ટિ વગર શાસ્ત્ર વગેરેથી હજારો વાતો જાણે, પણ તેમાં એકેય વાત સાચી હોય નહિ. પૂર્વની માનેલી બધી વાતનાં મીંડાં વાળીને આ વાત સાંભળે તો અંતરમાં બેસે તેમ છે. જેમ કુંભાર એક સાથે માટી લાવીને તેમાંથી હજારો ઠામ

બનાવે, પણ જો તે માટીમાં ચૂનાનો ભાગ હોય તો, જ્યારે તે ઠામને નિંભાડામાં નાખે (અગ્નિમાં પકાવે) ત્યારે એકેય ઠામ સાજું ન રહે. આખોય નિંભાડો કાઢીને તદ્દન નવેસરથી બીજી માટી લાવીને કરવું પડે. તેમ ચૈતન્યતત્ત્વના લક્ષ વગર જે કાંઈ કર્યું તે બધું સત્યથી વિપરીત જ છે; સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકેય વાત સાચી ન નીકળે. માટે જેણે આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધીયે વાતો અક્ષરે અક્ષર ખોટી હતી એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાખવું પડે. પણ જો પોતાની માનેલી પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય-તો અનાદિના જે ગોટા ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહિ અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિ.

[ભેદવિજ્ઞાનસાર.]

卐 ❀ 卐

# માનવ જીવનનું મહા કર્તવ્ય

## દેહને અર્થે અનંત જીવન વ્યતીત થયાં, હવે આત્માર્થને ખાતર આ જીવન અર્પણ કરો!

સમુદ્રના પાણીથી પણ જેની તૃષા ન છીપી તેની તૃષા એક ટીપું પાણીથી છીપવાની નથી; તેમ આ જીવે સ્વર્ગાદિભોગ અનંતવાર ભોગવ્યા છતાં તૃપ્તિ થઈ નહિ, તો સડેલા ઢીંગલા સમાન આ માનવ-દેહના ભોગથી તેને કદાપિ તૃપ્તિ થવાની નથી. માટે ભોગ ખાતર જિંદગી ગાળવા કરતાં મનુષ્ય જીવનમાં બ્રહ્મચર્ય પાળવું અને તત્ત્વનો અભ્યાસ કરવો તે જ માનવ જીવનનું ઉત્કૃષ્ટ કર્તવ્ય છે.

જેમ ઘણાં ભૂખ્યાં ગીધ પક્ષીને રોટલાનો કટકો મળ્યો, પણ માંસના કટકાની લાલચે તે પણ ખોયો; તેમ આ સંસારમાં અનંત જન્મ-મરણના પ્રવાહમાં તણાતા જીવને માનવ જીવનનો અલ્પ કટકો મળ્યો છે, તો તે જીવનને વિષય-ભોગની લાલસામાં વેડફી નાખવા કરતાં વૈરાગ્ય લાવી બ્રહ્મચર્ય પાળવું અને તત્ત્વનો અભ્યાસ કરવો, તે માનવ જીવનનું મહા કર્તવ્ય છે.

卐

# પ્રયોજનભૂત રકમ

પ્રયોજનભૂત રકમ એટલે કે મુદ્દાની રકમ ન સમજે અને બીજું બધું સમજે તો તે યથાર્થ જ્ઞાન નથી. પ્રયોજનભૂત રકમ ન કબૂલે પણ બીજું કબૂલે એ ઉપર એક દ્રષ્ટાંત :-

એક હતો 'આપો'. કોઈ એક વાણિયાની દુકાનેથી 'આપા' એ ૫૦૦-૭૦૦ રૂપિયાનો માલ તથા રોકડા ઉપાડ્યા હતા. પછી લાંબે ટાઈમે નામાનો હિસાબ મેળવવા બેઠા. વાણિયો એક પછી એક રકમ બોલવા માંડ્યો કે 'આપા'! એ બે શ્રીફળના ચાર આના, બરાબર? તો 'આપો' કહે 'હં બરાબર.' એ રીતે પા શેર મરચાં, સવા શેર તેલ, અઢી શેર ચોખા વગેરે પરચુરણ રકમો કબૂલી. પછી જ્યાં મોટી રકમ આવી કે રૂપિયા ૨૫૦ રોકડા લીધા છે ત્યાં 'આપો' કહે કે 'હેં....એ તો જાણે જ છે કોણ? મેં તો લીધા જ નથી.' આપાએ નાની નાની રકમ કબૂલી અને મૂળ રકમ ઉડાડી. વાણિયો સમજી

ગયો કે ગજબ થઈ! આણે તો મૂળ રકમ ઉડાડી, હવે આને ચોપડામાંથી કાઢવો શી રીતે? વળી આગળ મેળવવા માંડ્યું, તેમાં પાશેર હળદર વગેરે નાની નાની પાંચ-સાત રકમ સ્વીકારી; પણ જ્યાં મોટી રકમ આવી કે રૂપિયા ૫૧ રોકડા લીધા છે ત્યારે આપો કહે કે અરે ભાઈ! હું તો એ જાણતો જ-નથી. એમ મૂળ રકમ ઉડાડી ને બીજી બધી કબૂલ કરી. મૂળ રકમ કબૂલ કરી હોત અને નાની બે-ચાર રકમ ઉડાડી હોત તો એટલું નફામાં સમાઈ જાત, પણ આ મૂળ રકમ ઉડાડી તેનો મેળ ક્યાં ખાય? એ તો 'આપો' ખૂટ્યો.

તેમ શાસ્ત્રોમાં બીજાની ભક્તિ કરવાની, દયા પાળવાની એવી એવી વાત આવે ત્યાં કબૂલ કરે કે હા મા'રાજ! ભક્તિ વગેરે કરીએ તો ધર્મ થાય. પણ એલા! 'ધર્મ થાય' એમ કોણે કીધું? ભક્તિથી ધર્મની વાત કોણે કરી? પરની દયા કે ભક્તિથી ત્રણકાળ ત્રણલોકમાં ધર્મ થતો નથી. આવી વાત આવે ત્યાં કહે કે એ વાત અમને ન બેસે! તો એમ કહેનાર 'આપા'એ (આત્માએ) ઉપરના દ્રષ્ટાંતની જેમ પ્રયોજનભૂત રકમ ઉડાડી છે. ભાઈ! પુણ્યની રકમ કબૂલ કરી પણ તત્ત્વનો નિર્ણય ન કર્યો તો તારા દેણાં ખૂટશે શી રીતે? દેણાંના ભાર નીચે ચોરાશીમાં રખડી મરીશ. પુણ્યની વાત આવી તે કબૂલ કરી, દયાની વાત કબૂલી, પણ જ્યાં મૂળ રકમ આવી કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રના અને આત્માના યથાર્થ ભાન વિના ધર્મ થાય નહિ ત્યાં આપો (આત્મા) ખૂટ્યો. મને એ વાત બેસતી નથી એમ કહીને આપો (આત્મા) ફટ છટકી જાય છે. આ રીતે છટકી જાય તો તે ભવ-ભ્રમણના ચોપડામાંથી નીકળે શી રીતે? માટે મોક્ષમાર્ગમાં જે જરૂરની છે તે રકમનું સંશય રહિત તથા વિપરીતતા રહિત યથાર્થ જ્ઞાન જોઈએ; તે ઊંધું હોય તો ધર્મનો લાભ થાય નહીં.

卐

## થાક્યાનો વિસામો

''હે ભાઈ! હવે તને જન્મ-મરણનો થાક લાગ્યો છે? જો થાક લાગ્યો હોય તો તે જન્મ-મરણથી છૂટવા માટે ચૈતન્યશરણને ઓળખીને તેના આશ્રયે વિશ્રામ કર.''

''જીવે અનંતકાળમાં દયા, દાન, પૂજા, વ્રત, તપ, ત્યાગ વગેરે બધું કર્યું છે, પણ પોતાનું સ્વરૂપ રાગથી જુદું છે તે કદી સમજ્યો નથી. હે ભાઈ! હવે તું તારી દયા

કર....દયા કર. સત્‌સમાગમે આત્માને ઓળખીને તારા આત્માને ચોરાશીના અવતારની રખડપટ્ટીથી હવે બચાવ.''

''આ ચોરાશીના અવતારનો જેને ભય લાગ્યો હોય તે આત્માના શરણને શોધે. તે અંતરમાં એમ વિચારે કે અરેરે! શું ભવ જ કરવાનો મારો સ્વભાવ હશે? કે ભવ રહિત શાંતિ ક્યાંક હશે? આ અજ્ઞાનપણે પુણ્ય-પાપ કરીને ભવભ્રમણનાં દુઃખ ભોગવવાં તે મારું સ્વરૂપ ન હોય. આમ જેને ભવભ્રમણનો અંતરમાં ત્રાસ લાગતો હોય તે જીવ અંતરમાં ચૈતન્યના શરણને શોધે.''

卐

## જીવનું કર્તવ્ય

આ દુર્લભ મનુષ્યપણામાં પણ જીવ જો પોતાના સ્વભાવને જાણીને તેનો આદર નહિ કરે તો પછી ફરીથી ક્યારે એવો અવસર મળવાનો છે? પોતાનો જેવો પૂરો સ્વભાવ છે તેવો ઓળખીને તેનો જ આદર કરવો, શ્રદ્ધા કરવી, તે જ આ મનુષ્યપણામાં જીવનું કર્તવ્ય છે.

## ધર્મપિતાનો ઊંડો આશય સમજે તો આત્મધર્મ પ્રગટે

જેમ પિતાએ ચોપડામાં લખ્યું હોય કે વૈશાખ સુદ બીજને દિવસે સવારે દસ વાગે મંદિરના ઈંડા નીચે એક લાખ સોનામહોર દાટી છે. હવે તેનો આશય છોકરો સમજે નહિ અને મંદિરનું ઈંડું (શિખર) તોડવા માંડે તો સોનામહોર મળે નહિ ને લક્ષ્મીવાળો થાય નહિ. પણ પિતાનું હૃદય જાણનાર તેના કોઈ મિત્ર પાસેથી તે લખાણનું રહસ્ય જાણે કે વૈશાખ સુદ બીજને દિવસે સવારે દસ વાગે તે મંદિરના ઈંડાનો છાંયો આપણા ઘરના ફળિયામાં જે જગ્યાએ આવે છે ત્યાં સોનામહોર દાટી છે. આમ પિતાના લખાણનો ઊંડો આશય સમજીને જે જગ્યાએ ધન હોય તે જગ્યાએ ખોદે તો ધનની પ્રાપ્તિ થાય, તેમ પરમ ધર્મપિતા શ્રી સર્વજ્ઞદેવ પ્રણીત શાસ્ત્રોમાં જે લખ્યું છે તેની ગંભીરતા, ઊંડપ અને રહસ્ય શું છે તે અજ્ઞાની સમજતો નથી અને પોતાની દૃષ્ટિ પ્રમાણે અર્થ કરીને બહારમાં આત્મધર્મને શોધે છે, તેથી તેને આત્મધનની પ્રાપ્તિ થતી નથી. જો જ્ઞાની-સદ્‌ગુરુ પાસેથી તેનો ગંભીર આશય અને રહસ્ય સમજે તથા અંતરમાં જ આત્મધર્મને શોધે તો આત્મામાંથી પવિત્ર ધર્મદશા પ્રગટે. જેમ ડાહ્યો માણસ પોતાની લક્ષ્મી પારકા

ઘરમાં દાટવા ન જાય તેમ આત્માનો ધર્મ બહારથી-પરના આશ્રયથી મળે એમ ભગવાન કદી કહે નહિ. જ્યાં લક્ષ્મી દાટી હોય ત્યાં શોધે તો તે મળે; તેમ આત્માનો ધર્મ ક્યાંય બહારમાં નથી પણ આત્મામાં જ છે-એમ સમજીને આત્મસ્વભાવમાં શોધે તો આત્મધર્મ પ્રગટે.

卐

## શાંતિનું સ્થાન

જુઓ ભાઈ! શાંતિ આત્માના સ્વભાવમાં છે, આત્માનો સ્વભાવ ત્રણેકાળ શાંતિથી ભરપૂર છે. તેની પ્રતીત કરીને તેનું અવલંબન લેતાં જ શાંતિનો અનુભવ થાય છે, એ સિવાય બહારના બીજા લાખો ઉપાયથી પણ જીવને સાચી શાંતિ મળતી નથી, કેમકે આત્માની શાંતિ આત્માથી દૂર નથી, શાંતિનું સ્થાન આત્મામાં જ છે. જ્ઞાની તો આમ જાણે છે, તેથી નિજ સ્વભાવનું બહુમાન ચૂકીને તેમને પરનું બહુમાન નથી આવતું. જ્યારે અજ્ઞાની તો સ્વભાવની શાંતિને જાણતો નથી, તેથી બહારના પદાર્થોનો મહિમા કરવામાં એવો એકાકાર થઈ જાય છે કે જાણે ત્યાં જ આત્માની શાંતિ ભરી હોય અને આત્મામાં તો જાણે કાંઈ હોય જ નહિ! પણ અરે ભાઈ! તારી શાંતિ અહીં છે કે ત્યાં છે? જ્યાં શાંતિનો સમુદ્ર ભર્યો છે એવા પોતાના સ્વરૂપને ભૂલીને એકલા પરના બહુમાનમાં રોકાઈ જાય તેમ જ તેમાં સંતોષ માની લ્યે તો તેને આત્માની શાંતિનો જરાપણ લાભ થાય નહિ, અને સંસાર પરિભ્રમણ મટે નહીં. માટે અહીં તો આત્માની અપૂર્વ સમજણની વાતને મુખ્ય રાખીને જ બધી વાત છે, આત્માની સમજણ જ શાંતિનું મૂળ છે.

卐

## કલ્યાણ માટે ક્યાં જવું

હે ભાઈ! કોઈ પરની સામે જોવાથી તો તારું કલ્યાણ થાય તેમ નથી, કેમકે તારું કલ્યાણ પરમાં નથી, અને રાગની સામે કે ભેદની સામે જોવાથી પણ તારું કલ્યાણ નહીં થાય. આખો આત્મા એક સમયમાં જેવો પરિપૂર્ણ છે તેવો અખંડપણે પ્રતીતિમાં લઈને તેની સન્મુખ થવું તે જ કલ્યાણનું મૂળ છે. તારી શુદ્ધનયરૂપી આંખથી અંતરમાં ભગવાન કારણપરમાત્માને દેખવો અને તેની સન્મુખ થઈને એકાગ્રતા કરવી તે જ કલ્યાણ છે.

卐

## અજ્ઞાનીની ઊંધી નજરે

આત્મા નિર્મળ છે, રાગ-દ્વેષ ક્ષણિક છે, તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા પરનું કાંઈ કરી શકે નહિ. આ વાત સાંભળીને કોઈ કહે કે અમે તો નજરોનજર જોઈએ છીએ કે આત્મા શરીરનું કરે છે, છતાં ના કેમ પાડો છો? તો તેને કહીએ છીએ કે ભાઈ! તેં નજરે શું જોયું? આત્માને તો તું જાણતો નથી, તો આત્માએ શું કર્યું તેની તને કેમ ખબર પડી? શરીર ચાલે છે એટલું તને નજરે દેખાય છે; પણ શરીર તો તેના કારણે ચાલે છે, છતાં ત્યાં માની બેઠો કે મેં હલાવ્યું અને પાછો કહે કે નજરે જોયું. એણે 'વછેરાંના ઈંડા' જેવું નજરે જોયું છે. કોઈ એમ કહે કે ઈંડું ફાટીને તેમાંથી વછેરાં નીકળતાં મેં નજરે જોયાં, તો તેની વાત પ્રત્યક્ષ ખોટી છે, કેમકે વછેરાંના ઈંડા હોય જ નહીં. એ તો ઈંડું ફૂટ્યું ને તે જ વખતે પાસેની ઝાડીમાંથી નીકળીને દોડતાં સસલાનાં બચ્ચાં દીઠાં ત્યાં અક્કલ વગરનો એમ માની બેઠો કે ઈંડામાંથી વછેરાં નીકળ્યાં અને એ મેં નજરે જોયાં. તેમ શરીરની ક્રિયા તો શરીરના કારણે થાય છે, અને આત્મા તેને જાણે છે. ત્યાં આ શરીરની ક્રિયા મારાથી થઈ એમ મેં નજરે જોયું એમ અજ્ઞાની માને છે. પણ ભાઈ રે! આત્મા પરનું કરી શકતો જ નથી તો તેં નજરે જોયું ક્યાંથી? તારી જોવાની નજર ઊંધી છે. આત્મા પરનું કરી શકતો જ નથી એ વાત જ્યાં સુધી તારા જ્ઞાનમાં ન બેસે ત્યાં સુધી તે સંબંધી જ્ઞાન મેળવ્યા જ કર. સર્વજ્ઞની વાતમાં ફેર પડે તેમ નથી માટે જ્યાં સુધી સર્વજ્ઞના કહેવા પ્રમાણે તારા જ્ઞાનમાં ન બેસે ત્યાં સુધી શ્રવણ-મનન કરી જ્ઞાન મેળવ્યા જ કરવું. સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક -સમ્યક્ચારિત્ર થાય છે, ને ચારિત્ર થતાં કર્મોનો નાશ થાય છે. કર્મોનો નાશ થતાં સર્વ આત્માને પ્રિય એવું સુખ પ્રગટે છે.

આ રીતે સમ્યગ્દર્શન જ સુખનો મૂળ પાયો છે. સત્સમાગમે તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો તે સમ્યગ્દર્શનનો ઉપાય છે.

卐

## દીક્ષા બાદ, અંતરની શાંતિના શેરડાના અનુભવમાં ભગવાનને થયેલા એક વર્ષના ઉપવાસ

ચારિત્રદશા ધારણ કર્યા પહેલાં પણ ભગવાન ઋષભદેવને જ્ઞાનમાં નક્કી હતું કે

આ ભવમાં જ હું કેવળજ્ઞાન અને મુક્તિ પામવાનો છું. પરંતુ સાથેસાથે એમ પણ નક્કી હતું કે પુરુષાર્થ કર્યા વગર કેવળજ્ઞાન થતું નથી. જ્યારે હું પુરુષાર્થ વડે મુનિદશા પ્રગટ કરીને આત્મધ્યાન કરીશ ત્યારે જ કેવળજ્ઞાન થશે. ભગવાને જ્યારે દીક્ષા લીધી હતી ત્યારે તેમની સાથે દેખાદેખીથી બીજા ચાર હજાર મોટા રાજાઓ પણ પોતાની મેળે દીક્ષિત થયા હતા. પણ તે તો માત્ર બાહ્ય નકલ હતી; અક્કલ વગરની નકલ હતી. ઋષભદેવ ભગવાન તો આત્માના આનંદના અનુભવમાં લીન રહેવાથી તેમને છ મહિના સુધી આહારની વૃત્તિ ન થઈ, પણ તેમની સાથે દીક્ષિત થયેલા રાજાઓ ક્ષુધા વગેરે સહન કરી શક્યા નહિ, તેથી તે બધા ભ્રષ્ટ થઈ ગયા. માટે કહેવાય છે કે 'ભૂખે મરતાં ભાગી ગયા.' અંતરની શાંતિના શેરડા વગર સમતા ક્યાંથી રહે? 'મેં આટલા દિવસ આહાર ન કર્યો' એમ આહાર ન કરવાના દિવસો જે ગણતો હોય તેને આત્માની સાચી સમતા ક્યાંથી રહે? તેનું લક્ષ તો આહાર ઉપર પડ્યું છે. આહાર ને શરીરાદિ બાહ્ય પદાર્થોનું લક્ષ છોડીને અંતરમાં પરમાનંદના અનુભવમાં એકાગ્ર થતાં સાચી સમતા રહે છે. શ્રી ઋષભદેવ ભગવાન આત્મામાં સ્થિર થતાં આહારનો વિકલ્પ તૂટી ગયો અને છ મહિના સુધી આહારની વૃત્તિ ન ઉઠી. પછી આહારની વૃત્તિ ઉઠી, પણ છ મહિના સુધી આહારનો યોગ ન બન્યો. ત્યાં ભગવાન તો આત્માના આનંદમાં મસ્ત હતા. બહારમાં આહારનો સંયોગ તેટલો કાળ થવાનો જ ન હતો, તેથી ન થયો. બાહ્યદૃષ્ટિથી જોનારા અજ્ઞાની લોકો બાર મહિના સુધી આહાર ન થયો તેને ભગવાનનું તપ ગણે છે અને એની નકલમાં વર્ષીતપ કરે છે, પણ આહાર ન આવ્યો તે તો જડની ક્રિયા છે, તેમાં તપ નથી. તપ તો આત્માના ધ્યાનમાં લીન થતાં સહેજે ઈચ્છા તૂટી જાય તેનું નામ છે. અંતરની દશાને ભગવાન દર્શન-જ્ઞાન-ચારિત્ર ને તપ કહે છે.

卐

## અંતરની ચૈતન્યશક્તિ અને તેનો મહિમા

જેમ મોરના ઈંડામાં મોર થવાની તાકાત છે, તેમ ચૈતન્યશક્તિમાં કેવળજ્ઞાન થવાની તાકાત છે. જે સર્વજ્ઞ પરમાત્મા થયા તેમને કેવળજ્ઞાન ક્યાંથી આવ્યું? શું શરીરના મજબૂત સંહનનમાંથી કે રાગમાંથી આવ્યું? ના, તેમાંથી નથી આવ્યું પણ વર્તમાનમાં આત્મદ્રવ્ય પરિપૂર્ણ શક્તિનો પીંડ છે તેમાં અંતર્મુખ થઈને તેનું અવલંબન લેતાં જ કેવળજ્ઞાન પ્રગટ્યું છે; દ્રવ્યમાં સામર્થ્યરૂપે હતું તે જ પર્યાયમાં વ્યક્ત થયું છે. સાડાત્રણ હાથનો સુંદર મોર

ક્યાંથી આવ્યો? નાના ઈંડામાં તેવી શક્તિ હતી તેમાંથી એન્લાર્જ થઈને એટલે કે વિકાસ થઈને મોર થયો છે. તેમ આત્માની ચૈતન્યશક્તિની પ્રતીત કરતાં શક્તિમાંથી વિકાસ થઈને કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

卐

## હે જીવ! તું તારું સંભાળ!

પ્રશ્ન :- આપ જે વાત સમજાવો છો તે વાત તો બરાબર સાચી જ છે, પણ તેનાથી સમાજને શું લાભ થાય?

ઉત્તર :- જુઓ ભાઈ! પહેલી વાત તો એ છે કે પોતે પોતાનું જોવાનું છે. સમાજનું ગમે તે થાય, તેની ચિંતા છોડીને પોતે પોતાનું સંભાળવું. મધદરિયે ડૂબકાં ખાતો હોય ત્યારે સમાજની કે કુટુંબની ચિંતા કરવા નથી રોકાતો, પણ હું દરિયામાં ડૂબતો કેમ બચું?-તે માટે જ ઉપાય કરે છે. તેમ સંસારસમુદ્રમાં રખડતા માંડ માંડ મનુષ્યભવ મળ્યો છે ત્યારે મારા આત્માનું હિત કેમ થાય, મારો આત્મા સંસારભ્રમણથી કેમ છૂટે એ જ જોવાનું છે. પારકી ચિંતામાં રોકાય તો આત્મહિત ચૂકાઈ જવાય છે. આ વાત તો પોતાનું હિત કરવા માટેની છે. દરેક જીવ સ્વતંત્ર છે, તેથી સમાજના બીજા જીવોનું હિત થાય તો જ પોતાનું હિત થઈ શકે એવું કાંઈ પરાધીનપણું નથી. માટે હે જીવ! તું તારા હિતનો ઉપાય કર.

卐

## કાદવમાં કમળ

આત્મજ્ઞાની ધર્માત્મા સંત ગૃહવાસમાં રહ્યા હોવા છતાં અંતરથી ઉદાસ.... ઉદાસ હોય છે. અહો! તેમની અંતરદશાની શી વાત! અજ્ઞાની કરતાં તેમના કાળજાં જુદાં હોય છે. તેમના હૃદયમાં આંતરા હોય છે, તેમના અંતર પલટા જુદાં હોય છે. અજ્ઞાની તેને ક્યા ગજે માપશે?

ધાવમાતા છોકરાને નવરાવે, ધવરાવે અને રમાડે તેમ જ એની સગી માતા પણ નવરાવે, ધવરાવે અને રમાડે; ત્યાં બન્નેની ક્રિયા એક સરખી દેખાય છતાં ભાવમાં ઘણા આંતરા હોય છે. તેવી રીતે અજ્ઞાની ને જ્ઞાનીની ક્રિયા બહારથી એક સરખી દેખાય,

પણ ભાવમાં ઘણા આંતરા હોય છે.

જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોવા છતાં એમનું અંતરહ્દય જુદું જ હોય છે. તેઓ સમજે છે કે હું પરમાનંદમૂર્તિ છું, એક રાગનો કણિયો પણ મારો નથી. નબળાઈને લઈને આ અસ્થિરતામાં જોડાઉં છું તે મારા આનંદની લૂંટ છે, મને કલંક છે. આ ક્ષણે વીતરાગ થવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી.-આવું જ્ઞાનીનું હ્દય હોય છે.

આ તો જ્ઞાનીના દ્દયની થોડી વ્યાખ્યા થઈ, બાકી જ્ઞાનીનું હ્દય કેવું નિર્લેપ છે તે સાધારણ જીવ કેમ જાણી શકે? એ તો જે જાણે તે જાણે. સાધકના હ્દય બહારથી કલ્પી શકાય તેમ નથી.

卐

## પરમેશ્વરની જાહેરાત

સર્વજ્ઞ પરમેશ્વરની વાણીએ વસ્તુસ્વરૂપની પરિપૂર્ણતાની એવી જાહેરાત કરી છે કે દરેક આત્મા પોતાના સ્વભાવથી પૂરો પરમેશ્વર છે, તેને કોઈ બીજાની અપેક્ષા નથી; તેમ જ દરેક જડ પરમાણુ પણ તેના સ્વભાવથી પરિપૂર્ણ-જડેશ્વર ભગવાન છે. આ રીતે ચેતન ને જડ દરેક પદાર્થ સ્વતંત્ર તેમ જ પોતાથી પરિપૂર્ણ છે, કોઈ તત્ત્વ કોઈ બીજા તત્ત્વનો આશ્રય માગતું નથી. આમ સમજીને પોતાના પરિપૂર્ણ આત્માની શ્રદ્ધા કરવી અને તેનો આશ્રય કરવો તથા પરનો આશ્રય છોડવો. આ પરમેશ્વર થવાનો પંથ છે.

卐

## શુદ્ધ આત્માની ધગશવાળા જિજ્ઞાસુ શિષ્યને

જેને શુદ્ધ આત્મા સમજવાની ધગશ જાગી છે એવા જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન ઉઠે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ? અનંત અનંત કાળથી આત્માના શુદ્ધ સ્વભાવની વાત સાંભળી નથી, રુચિ નથી, જાણી નથી કે અનુભવી નથી. તેથી શિષ્ય પ્રશ્ન કરે છે કે આત્માનો શુદ્ધ સ્વભાવ કેવો છે? આવા જિજ્ઞાસુ શિષ્યને આચાર્યદેવ શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવે છે.

જેમ કોઈને રણમાં પાણીની તૃષા લાગી છે, પાણી પીવાની ઝંખના થઈ છે, તે પાણીની નિશાની જુએ ત્યારે તેને કેવી તાલાવેલી થાય! ને પછી પાણી પીને કેટલો

તૃપ્ત થાય! તેમ જેને આત્મસ્વરૂપ જાણવાની ઝંખના થઈ છે તે શુદ્ધ આત્માની વાત સાંભળતાં કેટલો આનંદિત થાય! ને પછી સમ્યક્ પુરુષાર્થ કરી, આત્મસ્વરૂપ પામી કેટલો તૃપ્ત થાય! શુદ્ધ આત્મસ્વરૂપ જાણવાની જેને તીવ્ર જિજ્ઞાસા થઈ છે તેને સમયસાર સંભળાવવામાં આવે છે.

卐

## ભાવના

''અહો! એક ચિદાનંદી ભગવાન સિવાય બીજા કોઈ ભાવને મનમંદિરમાં આણું નહિ, એક ચૈતન્યદેવને જ ધ્યેયરૂપ બનાવી તેના ધ્યાનથી-તેની લીનતાથી આનંદકંદ સ્વભાવમાં રમણતા કરી હું ક્યારે પૂર્ણ થાઉં! એકલા ચૈતન્યસ્વભાવનો જ આશ્રય કરીને કેવળજ્ઞાન પ્રગટ કરવું તે તીર્થંકરોના કુળની ટેક છે. અનંતા તીર્થંકરો જે પંથે વિચર્યા તે જ પંથના ચાલનારા અમે છીએ. હું ચિદાનંદ નિત્ય છું ને બધોય સંસાર અનિત્ય છે; મારો આનંદકંદ ચિદાનંદસ્વભાવ જ મને શરણ છે, જગતમાં બીજું કાંઈ મને શરણ નથી. આવી ભાવના પણ દુર્લભ છે. અહો! જ્યારે આવી ભાવના ભાવીને તીર્થંકર ભગવાન દીક્ષા લેતા હશે તે કાળ અને પ્રસંગ કેવો હશે! જીવને આત્માના સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્રની ભાવના પણ અનંતકાળમાં દુર્લભ છે.''

卐

## આત્માની સમજણ

જુઓ ભાઈ! આ આત્મસ્વભાવની વાત ઝીણી પડે તો વધારે ધ્યાન રાખીને સમજવી. આત્મા સૂક્ષ્મ છે તો તેની વાત પણ સૂક્ષ્મ છે. જીવે એક સ્વની સમજણ વિના બીજું બધું અનંતવાર કર્યું છે. આત્માની પરમ સત્ય વાત કોઈક જગ્યાએ જ સાંભળવા મળે છે. કોઈ નોવેલો વાંચે છે, કોઈ ધર્મ સાંભળવા જાય ત્યાં ઓઠાં-વાર્તા સંભળાવે છે, બાહ્યની પ્રવૃત્તિ બતાવે છે, એ રીતે બાહ્ય ક્રિયાથી સંતોષ મનાવી ધર્મનું સ્વરૂપ ભાજી-મૂળા જેવું સોંઘુ બનાવી દીધું છે. જે આત્મસ્વભાવની વાત અનંતકાળમાં ન સમજાણી તે વાત સમજવા માટે તુલનાત્મક બુદ્ધિ હોવી જોઈએ. લૌકિક વાત અને લોકોત્તર ધર્મની વાત તદ્દન જુદી છે. ઝટ ન સમજાય તેથી ના ન પાડશો. જે પોતાનું સ્વરૂપ છે તે ન સમજાય એવું અઘરું હોય જ નહિ. રુચિથી અભ્યાસ કરે તો દરેક જીવ પોતાનું

આત્મસ્વરૂપ સમજી શકે છે, માત્ર સત્ સમજવાનો પ્રેમ જોઈએ. શ્રી આચાર્યદેવે સમયસારની શરૂઆતમાં કહ્યું છે કે હું મારા અને તમારા આત્મામાં સિદ્ધ ભગવાનને સ્થાપીને આ તત્ત્વ જણાવું છું.

卐

## સિદ્ધ સમાન સદા પદ મેરો

શ્રી આચાર્યદેવ કહે છે કે ''હું પ્રભુ છું, પૂર્ણ છું'' એમ નક્કી કરીને તમે પણ પોતાને પ્રભુપણે માનજો. સર્વજ્ઞ ભગવાન અને અનંત જ્ઞાની આચાર્યોએ બધા આત્માને પૂર્ણપણે જોયા છે. તું પણ પૂર્ણ છે, પરમાત્મા જેવો છે. જ્ઞાનીઓ તારા સ્વભાવને જોઈને કહે છે કે તું પ્રભુ છે, કારણ કે ભૂલ અને અશુદ્ધતા તારું સ્વરૂપ નથી. અવસ્થામાં ક્ષણિક ભૂલ છે તેને અમે ગૌણ કરીએ છીએ. ભૂલને અમે ન જોઈએ, કારણ કે અમે ભૂલ રહિત આત્મસ્વભાવને મુખ્યપણે જોનારા છીએ. અને એવા પૂર્ણ સ્વભાવને કબૂલ કરીને તેમાં સ્થિરતા વડે અનંત જીવો પરમાત્મદશારૂપ થયા છે. તેથી તારાથી થઈ શકે તે જ કહેવાય છે. ''હું સિદ્ધ સમાન પ્રભુ છું'' એવો વિશ્વાસ તને તારાથી નહિ આવે ત્યાં સુધી સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વાતો તારા અંતરમાં બેસશે નહિ.

卐

## સિદ્ધનો સંદેશ

જેને સાચી શ્રદ્ધા પ્રગટે તેનું આખું અંતર ફરી જાય, હૃદય પલટો થઈ જાય, અંતરમાં ઉથલપાથલ થઈ જાય. તે આંધળામાંથી દેખતો થઈ જાય, અંતરની જ્યોત જાગે અને તેની દશાની દિશા આખી ફરી જાય. જેને અંતર પલટો થાય તેને કોઈને પૂછવા જવું ન પડે. તેનું અંતર બેધડક પડકાર મારતું સાક્ષી આપે કે અમે હવે પ્રભુના માર્ગમાં ભળ્યા છીએ. સિદ્ધના સંદેશા આવી ચૂક્યા છે, હવે ટૂંકા કાળે સિદ્ધ થયે છૂટકો. તેમાં બીજું કાંઈ થાય નહિ, ફેર પડે નહિ.

卐 ❀ 卐

# હું એક જ્ઞાયકભાવ છું

ધર્મી કર્મના ઉદયભાવોથી ભિન્ન એવા એક જ્ઞાયકભાવપણે જ પોતાને અનુભવે છે. રાગના અંશને પણ પોતાના જ્ઞાયકભાવમાં ભેળવતો નથી. તેને તો પોતાથી ભિન્ન જાણે છે, તેથી તે રાગ પ્રત્યે અત્યંત વિરક્ત છે.

卐

ક્ષણે ક્ષણે જેને અનંત કર્મોની નિર્જરા થયા કરે છે એવો ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ, સમસ્ત પરથી ભિન્ન, કર્મના ઉદયવિપાકોથી તદ્દન જુદો, સંયોગોથી જુદો, તેમ જ જે કાંઈ રાગાદિ ભાવો થાય છે તેનાથી પણ જુદો એવા એક જ્ઞાયકસ્વભાવપણે જ પોતાને અનુભવે છે. કર્મનો વિપાક મારો સ્વભાવ છે જ નહીં. એમ તેનાથી ભિન્નપણે પોતાને અનુભવે છે. સંયોગોની ભીડમાં તેનું જ્ઞાન ભીંસાઈ જતું નથી, તેનાથી જુદું ને જુદું જ રહે છે. રાગ-દ્વેષના ભાવો થયા ને જ્ઞાનમાં જણાયાં, ત્યારે પણ ધર્મીનું જ્ઞાન તે ઉદયભાવોથી લેપાઈ જતું નથી. આવું ભિન્ન જ્ઞાન જ ધર્મીને માપવાનું 'થર્મોમીટર' છે. એવા જ્ઞાન વડે જ ધર્મી ઓળખાય છે.

બાપુ! આવા જ્ઞાનના સંસ્કાર આત્મામાં પાડવા જોઈએ. આ જ્ઞાનના એવા દ્રઢ સંસ્કાર આત્મામાં નાખવા કે સમ્યગ્દર્શન પામ્યે છૂટકો. અને પછી પણ એના જ સંસ્કારના બળથી કેવળજ્ઞાન લીધે છૂટકો. આવા જ્ઞાન વગર આ સંસારમાં ક્યાંય કોઈ શરણ નથી.

જડ કર્મનો ઉદય અને તેના તરફના વલણવાળા રાગાદિ ભાવો, તે બન્ને આસ્રવતત્ત્વ છે, જ્ઞાનતત્ત્વથી ભિન્ન છે. આવા ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાની તે ઉદયભાવોને છોડે છે ને ''હું તો એક જ્ઞાયકભાવ છું'' એમ અનુભવે છે. આવા અનુભવને લીધે તેને સંવર થાય છે ને કર્મનું બંધન થતું નથી પણ નિર્જરા જ થાય છે. જેમ કાદવના સંયોગમાં કે અગ્નિના સંયોગમાં સોનું તો સોનાપણે જ રહે છે, તેમ કર્મના અનેકવિધ સંયોગમાં કે રાગાદિના સંયોગમાં જ્ઞાનીનું જ્ઞાન તો જ્ઞાનરૂપ જ રહે છે.

આવા જ્ઞાનસ્વરૂપ આત્મા વિકલ્પથી વેદનમાં ન આવે, પણ અંતરના જ્ઞાન વડે જ સ્વસંવેદનમાં આવે છે. રાજપરિવાર વચ્ચે રહેલા ભરતચક્રવર્તી રાગાદિથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ પોતાને અનુભવતા હતા. આવા આત્માનો અનુભવ કર્યે જ જન્મ-મરણનો અંત આવે છે. નરકના સંયોગમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ જીવ તે સંયોગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ પોતાને

અનુભવે છે; એ જ રીતે સ્વર્ગના વૈભવની વચ્ચે રહેલા સમ્યગ્દૃષ્ટિ પણ તે સંયોગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ પોતાને અનુભવે છે. ઈચ્છાઓ થાય તે પણ જ્ઞાનથી ભિન્ન છે. આ રીતે વિવિધ પ્રકારના જે ઉદયવિપાકો છે તે કોઈ મારો સ્વભાવ નથી, હું તો તેનાથી અલિપ્ત એવો એક જ્ઞાયકભાવ જ છું. આવા જ્ઞાયકભાવમાં શુભાશુભનું વેદન નથી. પુણ્યનો ઉદય પણ મારા આત્માનો ભાવ નથી, મારા આત્માનો ભાવ તો એક જ્ઞાયકભાવ છે. આવા ભાવપણે જ ધર્મી પોતાને અનુભવે છે. આવો અનુભવ અને આવું ભેદજ્ઞાન ધર્મી જીવને નિર્જરાનું કારણ છે. ભોગોપભોગના કાળ વખતેય આવું ભેદજ્ઞાન તેને વર્તતું હોવાથી નિર્જરા થયા જ કરે છે. ધર્મીને થોડાંક રાગાદિ ભાવ અને કર્મબંધન છે, પણ તે બંને રાગ અને કર્મથી ભિન્નપણે માત્ર જ્ઞાયકભાવરૂપે ધર્મી પોતાને અનુભવે છે. પોતાને રાગપણે કે કર્મપણે તે અનુભવતા નથી, માટે જ્ઞાનરૂપે જ પરિણમતા ધર્મીને ખરેખર બંધન નથી.

અહા, ધર્મીએ એક પરમ જ્ઞાનભાવરૂપ આત્મદ્રવ્યને બધાથી ભિન્ન પાડીને અનુભવમાં લીધું છે અને રાગના એક કણનું પણ જેમાં અસ્તિત્વ નથી એવા જ્ઞાનસ્વરૂપને અનુભવમાં લીધું હોવાથી તેને રાગાદિ પ્રત્યે સંપૂર્ણ વિરક્તિ છે. આ જ ધર્મીનો ખરો વૈરાગ્ય છે. રાગને પોતાપણે અનુભવે તેને વૈરાગ્ય કેવો?

અહો, હું તો સમસ્ત કર્મોથી જુદો એવો જ્ઞાયકસ્વભાવ છું; મારામાં રાગનો સૂક્ષ્મ વિકલ્પ પણ નથી. આવા પોતાના સામર્થ્યને ભૂલીને રાગ કરવામાં જે પોતાનું બળ માને છે, રાગથી જે લાભ માને છે અને તેમાં જ જેની તન્મયતા છે તેને મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યા આચરણરૂપ ત્રિદોષનો મોટો રોગ થયો છે; પોતાનું સ્વતત્ત્વ શું છે તેની તેને ખબર નથી. ધર્મી તો સ્વસન્મુખ થઈને, સ્વભાવનું ગ્રહણ અને પરભાવના ત્યાગ વડે પોતાના શુદ્ધ સ્વતત્ત્વને જાણે છે, એટલે કે અનુભવે છે. રાગાદિ પરભાવને જે પોતાના સ્વભાવથી જુદા ન જાણે તેને પરભાવનો ત્યાગ કેવો? ને પરભાવના ત્યાગ વગર સ્વભાવનું ગ્રહણ કેવું? અને સ્વભાવના ગ્રહણ વગર ધર્મ કેવો? રાગનો હું કર્તા, શુભરાગથી મને લાભ-એવી જેની બુદ્ધિ છે તેને પરભાવનું ગ્રહણ છે, ને પરભાવનું ગ્રહણ તે જ બંધનું જ કારણ છે. રાગના એક અંશનેય જે જ્ઞાન સાથે ભેળવે છે તેને જ્ઞાનના સ્વરૂપની ખબર જ નથી. જ્ઞાન-આનંદમય સ્વઘરને ભૂલીને તે રાગાદિ પરઘરમાં ભમી રહ્યો છે, સ્વતત્ત્વની તેને ખબર નથી. આવો અજ્ઞાની શુભરાગની ગમે તેટલી ક્રિયાઓ કરે તો

પણ તેને જરાય ધર્મ થતો નથી. તેને સ્વભાવનો વિસ્તાર નથી, પણ પરભાવનો જ પથારો છે.

ધર્મી તો રાગથી ભિન્ન એવા જ્ઞાનમય નિજ સ્વભાવને જ સ્વતત્ત્વપણે અનુભવતો થકો તેનો વિસ્તાર કરે છે, તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરે છે. તેમાં શુદ્ધતાની વૃદ્ધિ છે, અશુદ્ધતાની હાનિ છે ને કર્મોની નિર્જરા છે. આનું નામ મોક્ષમાર્ગ છે. શુદ્ધતાની જ્યાં વૃદ્ધિ નથી, અશુદ્ધતાની જ્યાં હાનિ નથી ને કર્મોની જ્યાં નિર્જરા નથી ત્યાં મોક્ષમાર્ગ કેવો? જ્ઞાયકસ્વભાવ હું છું-એમ નિજ સ્વરૂપને જાણ્યા વગર શુદ્ધતા થાય નહિ, અશુદ્ધતા મટે નહીં ને કર્મોથી છૂટે નહીં એટલે કે તેને મોક્ષમાર્ગ હોય નહિ.

રાગને છોડવો એટલે કે રાગને પોતાથી ભિન્ન જાણવો અને જેને પોતાથી ભિન્ન જાણે તેને પોતાનામાં ગ્રહણ કેમ કરે? પોતાનો આત્મા તો જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, તે રાગ વગર જ જીવનારો છે, ટકનારો છે. પોતાના સ્વભાવનો અનુભવ નિરાકુળ આનંદમય છે ને રાગનો અનુભવ તો આકુળતારૂપ દુ:ખમય છે. આવા ભેદજ્ઞાન વડે પરભાવોને છોડીને, જ્ઞાનાનંદમય નિજભાવને ધર્મી જીવ શ્રદ્ધા-જ્ઞાનમાં લ્યે છે ને તેને જ પોતાપણે સદાય અનુભવે છે. રખડતા રામને આરામનું સ્થાન તો આવો આત્મા છે, એ સિવાય બીજું કોઈ આરામનું કે સુખનું સ્થાન નથી.

સમકિતી જીવને રાગથી ભિન્ન જ્ઞાયકનો અનુભવ થયો છે એટલે કે રાગથી ભિન્ન પરિણમન થયું છે; આવા શુદ્ધ પરિણમનને લીધે તેને નિર્જરા થાય છે. આ રીતે સમકિતી જીવની નિર્જરા બતાવી ત્યાં કોઈ અજ્ઞાની જીવ રાગમાં રત હોવા છતાં અને રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ ન હોવા છતાં એમ માને કે હું પણ સમ્યગ્દષ્ટિ છું ને મને પણ બંધન થતું નથી, તો તે જીવ સ્વચ્છંદી છે. કદાચ તે વ્રત-તપ વગેરે કરતો હોય તો પણ મિથ્યાત્વને લીધે પાપી જ છે; આત્મા અને અનાત્માની ભિન્નતાનું તેને ભાન નથી, જ્ઞાન અને રાગની ભિન્નતાની તેને ખબર નથી ને વ્રતાદિના રાગમાં એકાકાર વર્તતો થકો પોતાને સમ્યગ્દષ્ટિ માને છે, પરંતુ હજી મિથ્યાત્વનું પાપ પણ તેને છૂટ્યું નથી. મિથ્યાત્વ સેવે અને એમ માને કે મને બંધન થતું નથી, તો એથી કાંઈ બંધન અટકી નહીં જાય. જ્યારે આત્માનો સ્વભાવ જાણીને અને રાગાદિ પરભાવોથી ભેદજ્ઞાન કરીને શુદ્ધ જ્ઞાનપણે પરિણમશે ત્યારે જ બંધન અટકશે, ને ત્યારે જ સાચી નિર્જરા થશે.

અહો, ભેદજ્ઞાનની આ સરસ વાત છે. શેઠાઈ એટલે કે શ્રેષ્ઠતા તો આવા ભેદજ્ઞાનથી

છે. આ સિવાય પૈસા વગેરેથી પોતાની શ્રેષ્ઠતા માનવી તેમાં તો આત્માની હીનતા છે, અજ્ઞાન છે. જગતમાં શ્રેષ્ઠ હોય તો ભેદજ્ઞાન અને શુદ્ધ આત્માનો અનુભવ કરવો તે જ છે; એનાથી ઊંચું બીજું કાંઈ નથી.

જ્ઞાનીએ પોતાના જ્ઞાનસ્વભાવને સમસ્ત શુભાશુભ રાગથી ભિન્ન જાણ્યો છે, એટલે તે રાગને મટાડવાનો તેનો પ્રયત્ન છે, પણ તે રાગને વધારવાનો તેનો પ્રયત્ન નથી. જેણે રાગથી ભિન્નતાનું ભાન કર્યું તે જ રાગને ટાળી શકે. જે રાગને પોતાના સ્વભાવમાં ખતવે તે તેને કેમ ટાળી શકે? ધર્મીએ રાગથી ભિન્નતા જાણીને જ્ઞાનસ્વભાવના વીતરાગી આનંદનો અનુભવ કર્યો છે, એટલે તે આનંદ સાથે સરખાવતાં શુભરાગ પણ તેને રોગ જેવો લાગે છે, ને શુદ્ધતાના પરિણમન વડે તે રાગને મટાડવા માગે છે. અજ્ઞાનીને તો રાગથી ભિન્નતાનું ભાન નથી અને વીતરાગી આનંદની ખબર નથી, તો તે રાગને કોની સાથે સરખાવશે? તે તો અશુભરાગ છોડીને શુભરાગને સારો માનશે, પણ શુભરાગમાંય આનંદ નથી, તેમાં પણ આકુળતા છે-એની તેને ખબર નથી.

તારે રાગ મટાડવો હોય તો પહેલાં રાગથી ભિન્નતા જાણ; રાગ વગરનું જ્ઞાનનું જીવન કેવું છે? તે ઓળખ. રાગ સાથે એકત્વબુદ્ધિ રહે અને તેનાથી લાભ માને તેને રાગ કદી છૂટી શકે નહીં. રાગને છોડવાનો ઉપાય એક જ છે કે સ્વભાવસન્મુખ થઈ શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમવું. કોઈ કહે કે અશુભ તે તડકો છે ને શુભ તે છાંયો છે, તો કહે છે કે ભાઈ, એમ નથી; શુભ તે મંદ તડકો છે ને અશુભ તે તીવ્ર તડકો છે. બંનેમાં તડકો છે, આકુળતા છે, શાંતિની છાંયડી તો રાગ વગરના જ્ઞાનમાં છે. શુદ્ધ જ્ઞાનપરિણમનમાં જ સાચી શાંતિ છે, રાગમાં તો અશાંતિ છે. શુદ્ધ જ્ઞાનમાં જ સાચો છાંયો ને સાચો વિસામો છે. અરે, શુભરાગની આકુળતામાં જે શાંતિ માને છે તે અંદરમાં ઊતરીને રાગ વગરની શાંતિને ક્યાંથી અનુભવશે? જેણે અંદરમાં અતીન્દ્રિય શાંતિનો અનુભવ લીધો છે તે ધર્માત્માને એક વિકલ્પ પણ દુઃખરૂપ ભાસે છે; તેને રાગનો પ્રેમ હોતો નથી.

સમ્યગ્દષ્ટિ જીવ ગૃહસ્થ દશામાં હોય અને વ્રતાદિ ન હોય તો પણ રાગમાં રત નથી, રાગથી વિરક્ત છે; કેમ કે તેને રાગથી ભિન્નતા ને જ્ઞાનમાં એક્તા વર્તે છે. અને મિથ્યાદૃષ્ટિ જીવ ગૃહસ્થ હો કે વ્રત-મહાવ્રત પાળતો હોય, તો પણ રાગમાં જ રત છે, રાગથી તેને વિરક્તિ નથી. રાગમાં જ ઉપયોગની એક્તા કરતો થકો તે બંધાય છે.

જુઓ, જ્ઞાની કેમ છૂટે છે ને અજ્ઞાની કેમ બંધાય છે તેનું આ રહસ્ય છે.

અરે, ચોરાશીના અવતારમાં જીવને ક્યાંય સુખ નથી. ધર્મી પુત્ર-કે જેણે આત્માને જાણ્યો છે ને સંસારથી વિરક્ત છે તે-પોતાની માતાને કહે છે કે માતા! આ સંસારમાં ક્યાંય મને ચેન નથી. આ સંસાર કલેશ અને દુઃખથી ભરેલો છે. તેનાથી હું હવે છૂટવા માગુ છું ને આનંદથી ભરેલો મારો આત્મા છે તેને સાધવા હું વનમાં જવા માગુ છું; માટે હે માતા! દીક્ષા માટે મને રજા આપો. અમે આ સંસારમાં હવે બીજી માતા નહીં કરીએ. આ પ્રમાણે વૈરાગ્યવંત ધર્માત્મા આત્માને સાધવા ચાલી નીકળે છે. અંદરમાં જેને રાગથી ભિન્ન આત્માનો અનુભવ છે તેની આ વાત છે. અંદરમાં મોક્ષનો માર્ગ જેણે જોયો છે તે તેને સાધે છે.

જ્ઞાની અને અજ્ઞાની જીવની પરિણતિમાં મોટું અંતર છે અને તેને સમ્યગ્દષ્ટિ જ જાણે છે. અધ્યાત્મનો ઉપદેશ વીતરાગી દૃષ્ટિ કરાવીને વીતરાગભાવનું જ પોષણ કરાવે છે. તે નિશ્ચયતત્ત્વનું યથાર્થ સ્વરૂપ બતાવીને શુભરાગને પણ છોડાવે છે. અજ્ઞાની તે શુભરાગને મુક્તિનું સાધન માને છે, એટલે તેનાથી પાર શુદ્ધ મોક્ષમાર્ગને તે સાધી શકતો નથી. અથવા નિશ્ચયના ભાન વગર શુભને છોડીને અશુભમાં સ્વચ્છંદે વર્તે છે, તેને અધ્યાત્મ ઉપદેશની સમજણ જ નથી.

## આત્મહિત માટે સંતોની શિખામણ

જગતમાં બીજા જીવો ધર્મ પામે કે ન પામે તેમાં પોતાને શું? પોતાએ તો પોતાના આત્માનું જોવાનું છે. બીજા જીવો મુક્તિ પામે તેથી કાંઈ આ જીવનું હિત થઈ જતું નથી અને બીજા જીવો સંસારમાં રખડે તેથી કાંઈ આ જીવનું હિત અટકતું નથી. પોતે જ્યારે પોતાના આત્માને સમજે ત્યારે પોતાનું હિત થાય. આ રીતે પોતાના આત્માને માટેની આ વાત છે. સત્‌તત્ત્વ તો ત્રણે કાળે દુર્લભ છે ને તે સમજનારા જીવો પણ વિરલા જ હોય છે; માટે પોતે સમજીને પોતાના આત્માનું હિત સાધી લેવું.

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે.**

(નિયમસાર ગાથા ૧૫૭)

## અંતરની ચૈતન્યશક્તિ અને તેનો મહિમા

જેમ મોરના ઈંડામાં મોર થવાની તાકાત છે, તેમ ચૈતન્યશક્તિમાં કેવળજ્ઞાન થવાની તાકાત છે. સર્વજ્ઞ પરમાત્મા થયા તેમને કેવળજ્ઞાન ક્યાંથી આવ્યું? શું શરીરના મજબૂત સહનનમાંથી કે રાગમાંથી આવ્યું?-ના, તેમાંથી નથી આવ્યું પણ વર્તમાનમાં આત્મદ્રવ્ય પરિપૂર્ણ શક્તિનો પિંડ છે તેમાં અંતર્મુખ થઈને તેના અવલંબને જ કેવળજ્ઞાન પ્રગટ્યું છે. દ્રવ્યમાં સામર્થ્યરૂપે હતું તે જ પર્યાયમાં વ્યક્ત થયું છે. સાડાત્રણ હાથનો સુંદર મોર ક્યાંથી આવ્યો?-ના ના ઈંડામાં તેવી શક્તિ હતી તેમાંથી એન્લાર્જ એટલે કે વિકાસ થઈને મોર થયો છે. તેમ આત્મની ચૈતન્યશક્તિની પ્રતીત કરતાં તેનો વિકાસ થઈને શક્તિમાંથી કેવળજ્ઞાન પ્રગટી જાય છે.

## ખરો જિજ્ઞાસુ

સંસાર પરિભ્રમણનો જેને થાક લાગ્યો છે અને બીજા બધાથી ઉદાસીન થઈને એકમાત્ર શુદ્ધ આત્માને જ ઓળખવાની જેને જિજ્ઞાસા છે એવો શિષ્ય શ્રીગુરુના ચરણે જઈને કહે છે કે: હે પ્રભો! અનાદિકાળથી હું મારા આત્માને અશુદ્ધ અને સંયોગવાળો જ માનીને અત્યાર સુધી સંસારમાં રખડ્યો, પણ શુદ્ધનયથી મેં મારા આત્માને કદી ઓળખ્યો નહીં. હવે મને શુદ્ધનયથી આત્માનું શુદ્ધસ્વરૂપ બતાવો,-કે જે જાણવાથી સમ્યગ્દર્શન થઈને મારી મુક્તિ થાય ને આ ભવભ્રમણનો અંત આવે.

જિજ્ઞાસુ શિષ્યને પોતાનો શુદ્ધ આત્મા જાણવાની જ પ્રધાનતા છે, બીજી અપ્રયોજનભૂત બાબત જાણવાની પ્રધાનતા નથી. જ્ઞાનના ઉઘાડથી બીજી અપ્રયોજનભૂત બાબત જણાય તો તેનું અભિમાન નથી અને ન જણાય તો તેનો ખેદ નથી, શુદ્ધ આત્માને જ જાણવાની ધગશ અને ઉત્સાહ છે.

## અહો! અચિંત્ય આત્મવૈભવ

દરેક આત્મા અનંત શક્તિસંપન્ન ચૈતન્ય પરમેશ્વર છે. પણ પોતાના અદ્‌ભુત આત્મવૈભવને ભૂલીને મૂર્ખ જીવો બાહ્ય વૈભવથી પોતાની મહત્તા સમજે છે. લક્ષ્મી-મકાન-સ્ત્રી વગેરે પરદ્રવ્ય કે પુણ્ય તે આત્માની ખરી સંપત્તિ નથી. પોતાની અનંત ચૈતન્યશક્તિરૂપ સંપત્તિ-કે જે આત્માથી કદી પણ જુદી નથી પડતી તે-જ આત્માની ખરી સંપત્તિ છે,

આત્માનો ખરો વૈભવ છે અને તેનાથી જ આત્માની મહત્તા છે. આવા સ્વભાવના બહુમાનમાં ધર્મીને પર્યાયમાં જ્ઞાનાદિ પ્રગટે તેનું અભિમાન થતું નથી. પણ જેને ચૈતન્યની અપાર મહત્તાનું ભાન નથી ને જે તુચ્છબુદ્ધિ છે તેને જ અલ્પ પર્યાયનું ને પરનું અભિમાન થાય છે. બહારમાં લક્ષ્મી વગેરેનો સંયોગ આવે ત્યાં તેને પોતાની સંપત્તિ માનીને અજ્ઞાની અભિમાન કરે છે. પણ તે સંયોગ તો અલ્પકાળ રહીને ચાલ્યો જવાનો છે, તે આત્મા સાથે કાયમ રહેવાનો નથી, માટે તે આત્માની સંપત્તિ નથી. અનંત ગુણનું ચૈતન્યનિધાન અંદર ત્રિકાળ ભર્યું છે તે શાશ્વત સંપદાને અજ્ઞાની ઓળખતો નથી. જો તે અચિંત્ય આત્મનિધાનને ઓળખે તો પરનું અભિમાન છૂટી જાય ને અનાદિકાળની દીનતાનો અંત આવીને સિદ્ધપદના અપૂર્વ નિધાન પ્રગટે.

## દેખો....રે....દેખો! ચૈતન્યનિધાનને દેખો!

સુપાત્ર જીવોને સંબોધીને આચાર્યદેવ કહે છે કે; અરે જીવ! તને ચૈતન્યના એવા નિધાન બતાવું છું કે બીજી કોઈ ચીજની તારે જરૂર ન પડે. તારા ચૈતન્યનો મહિમા દેખતાં જ તને પરનો મહિમા છૂટી જશે. અનંતધર્મ સ્વભાવી તારો આત્મા જ ચૈતન્યમૂર્તિ ભગવાન છે, તારે બીજા કોઈની જરૂર નથી. તું પોતે જ દુનિયાના નિધાનને જોનારો છો. સદાય અલ્પજ્ઞ-સેવક જ રહ્યા કરે એવો તારા આત્માનો સ્વભાવ નથી. તારો આત્મા તો સર્વજ્ઞનો સમવડિયો છે; જેટલું સર્વજ્ઞે કર્યું તેટલું કરવાની તાકાત તારામાં પણ ભરી છે.

અહો! આચાર્યદેવ ચૈતન્યના એવા નિધાન બતાવે છે કે બીજી કોઈ ચીજની જરૂર જ ન પડે. જે જીવ અનંત શક્તિવાળા નિજ આત્માની પ્રતીત કરે છે તેને નિમિત્તનો કે વિકલ્પનો આશ્રય કરવાની શ્રદ્ધા ઉડી જાય છે, પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. અનંત ચૈતન્યશક્તિનો પીંડ આત્મા જેની પ્રતીતમાં આવે છે તે સમ્યગ્દૃષ્ટિ થઈને મોક્ષમાર્ગે વિચરવા માંડે છે. અંતરદૃષ્ટિથી તે પોતે પોતાને ત્રણલોકના નાથ પરમેશ્વર તરીકે દેખે છે.

શ્રી આચાર્ય ભગવાન કહે છે કે હે ભાઈ! ઉઘાડ....રે....ઉઘાડ! તું તારા જ્ઞાનચક્ષુને ઉઘાડ. તારી આંખ ઉઘાડીને ચૈતન્યનિધાનને દેખ. આચાર્ય ભગવાન મન-વાણી-દેહથી પાર એવી ઊંડી ઊંડી ખીણમાં લઈ જઈને ચૈતન્યના અપૂર્વ નિધાન બતાવે છે; તો તેનો વિશ્વાસ કરીને હે જીવ! તારા જ્ઞાનચક્ષુમાં રુચિના અંજન આંજ, તો તને તારા ચૈતન્યનિધાન દેખાશે.

અજ્ઞાનથી અંધ થયેલા જીવો પોતાની પાસે જ પડેલા નિજ નિધાનને દેખતાં નથી. શ્રી ગુરુ તેને સમ્યક્શ્રદ્ધારૂપી અંજન આંજીને તેના નિધાનને બતાવે છે કે, જો! તારા નિધાન તારા અંતરમાં જ પડ્યા છે; બાહ્યદૃષ્ટિ છોડીને અંતરમાં દૃષ્ટિ કર તો સિદ્ધભગવાન જેવા નિધાન તારામાં ભર્યા છે તે તને દેખાશે. એક ચૈતન્યની પ્રતીત કરતાં અનંત સિદ્ધભગવંતો, કેવળીઓ અને સંતોની બધી ઋદ્ધિ તને તારામાં જ દેખાશે, તે ઋદ્ધિ તારે ક્યાંય બીજે નહીં શોધવી પડે. સંત-મહંતો જે ઋદ્ધિ પામ્યા છે તે પોતાના ચૈતન્યમાંથી જ પામ્યા છે, કાંઈ બહારમાંથી નથી પામ્યા. તારા ચૈતન્યમાં પણ એ બધી ઋદ્ધિ ભરી છે, આંખ ઉઘાડીને અંતરમાં જો તો તે દેખાશે. પણ જો પરમાં તારી ઋદ્ધિ લેવા જઈશ તો આંધળો થઈને સંસારરૂપી ઘોર જંગલમાં ભટકીશ. અહીં આચાર્યપ્રભુ કરુણા કરીને ભવભ્રમણથી છૂટકારાનો માર્ગ બતાવે છે કે અંતર્મુખ થઈને નિજ શક્તિની સંભાળ કર તો ભવભ્રમણથી છૂટકારો થશે.

ભવભ્રમણથી થાકેલા જીવોને શ્રીગુરુ કહે છે કેઃ-દેખો....રે....દેખો! અંતરમાં ચૈતન્યનિધાનને દેખો.

卐

## ભગવાનની ભાવના

હું અસંયોગી ચૈતન્યમૂર્તિ છું. એક પરમાણુથી માંડીને છ ખંડની ઋદ્ધિ તે બધોય અચૈતન્યનો સ્વભાવ છે, તેમાં ક્યાંય મારું સુખ નથી અને મારા ચૈતન્યસ્વભાવમાં તે કોઈ ત્રણકાળ ત્રણલોકમાં નથી. આવું ભિન્નપણાનું ભાન તો ભગવાનને પહેલેથી જ હતું. આવા ભાન સહિત ભગવાન અંતરમાં ભાવના ભાવતાં હતાં કે-

**રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,**
**સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો....**

જેને હજુ જડ-ચૈતન્યના ભિન્નપણાનું ભાન જ ન હોય તેને તો પરથી ભિન્ન ચૈતન્યની ભાવના પણ ક્યાંથી હોય? ભગવાનને ભિન્નતાનું ભાન તો હતું, છતાં અલ્પ રાગને લીધે પર તરફ વલણ જતું હતું, તે પર તરફના ભાવોથી પાછા હઠીને ચૈતન્યમાં લીન થવાને માટે ભગવાન વૈરાગ્ય ભાવના ભાવતાં હતાં કે-

''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો......''

## વિકલ્પના અભાવરૂપ પરિણમન ક્યારે થાય?

ઘણા જીવો વિકલ્પનો અભાવ કરવા માગે છે અને સ્થૂળ વિકલ્પો ઓછા થતાં એમ માને છે કે વિકલ્પનો અભાવ થયો. પણ ખરેખર વિકલ્પનો અભાવ કરવા ઉપર જેનું લક્ષ છે તેને વિકલ્પનો અભાવ થતો નથી. પરંતુ જેનામાં વિકલ્પનો અભાવ જ છે એવા શુદ્ધ ચૈતન્યને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થતાં વિકલ્પનો અભાવ થઈ જાય છે. હું આ વિકલ્પનો નિષેધ કરું-એમ વિકલ્પનો નિષેધ કરવા તરફ જેનું લક્ષ છે તેનું લક્ષ શુદ્ધ આત્મા તરફ વળ્યું નથી, પણ વિકલ્પ તરફ વળ્યું છે. એટલે તેમાં તો વિકલ્પની જ ઉત્પત્તિ થાય છે. શુદ્ધ આત્મદ્રવ્ય તરફ વળવું તે જ વિકલ્પના અભાવની રીત છે. ઉપયોગનું વલણ અંતર્મુખ સ્વભાવ તરફ થતાં વિકલ્પ છૂટી જાય છે.

'વિકલ્પનો નિષેધ કરું' એવા લક્ષથી વિકલ્પનો નિષેધ થતો નથી, પણ વિકલ્પની ઉત્પત્તિ થાય છે. કેમકે 'આ વિકલ્પ છે અને તેનો નિષેધ કરું' એવું લક્ષ કર્યું ત્યાં વિકલ્પના અભાવરૂપ સ્વભાવ તો દૃષ્ટિમાં ન આવ્યો, એટલે ત્યાં માત્ર વિકલ્પનું જ ઉત્થાન થાય છે. 'આ વિકલ્પ છે અને તેનો નિષેધ કરું' એમ વિકલ્પના અસ્તિત્વ સામે જોતાં તેનો નિષેધ નહિ થાય, પણ 'હું જ્ઞાયકસ્વભાવ છું' એમ સ્વભાવના અસ્તિત્વ સામે જોતાં વિકલ્પના અભાવરૂપ પરિણમન થઈ જાય છે. પહેલાં આત્મસ્વભાવનું શ્રવણ-મનન કરીને તેને લક્ષમાં લીધો હોય અને તેનો મહિમા જાણ્યો હોય તો તેમાં અંતર્મુખ થઈને વિકલ્પનો અભાવ કરે. પણ આત્મસ્વભાવનો મહિમા લક્ષમાં લીધા વિના કોના અસ્તિત્વમાં ઊભો રહીને વિકલ્પનો અભાવ કરશે? વિકલ્પનો અભાવ કરવો તે પણ ઉપચારનું કથન છે, ખરેખર વિકલ્પનો અભાવ કરવો નથી પડતો. અંતરસ્વભાવ સન્મુખ જે પરિણતિ થઈ તે પરિણતિ પોતે વિકલ્પના અભાવસ્વરૂપ છે, તેનામાં વિકલ્પ છે જ નહિ, તો પછી કોનો અભાવ કરવો? વિકલ્પની ઉત્પત્તિ ન થઈ તે અપેક્ષાએ વિકલ્પનો અભાવ કર્યો એમ કહેવાય; પણ તે સમયે વિકલ્પ હતો અને તેનો અભાવ કર્યો છે -એમ નથી.

એક તરફ ત્રિકાળ ધ્રુવ જ્ઞાનસ્વભાવનું અસ્તિત્વ છે ને બીજી તરફ ક્ષણિક વિકલ્પનું અસ્તિત્વ છે; ત્યાં ધ્રુવ જ્ઞાયક સ્વભાવમાં વિકલ્પનો અભાવ છે. તે જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થતાં વિકારના અભાવરૂપ પરિણમન થઈ જાય છે. ત્યાં 'હું જ્ઞાયક છું ને વિકાર નથી' એમ બે પડખાં ઉપર લક્ષ નથી હોતું, પણ 'હું જ્ઞાયક છું' એમ અસ્તિ સ્વભાવને લક્ષમાં લઈને તેનું અવલંબન લેતાં વિકારનું અવલંબન છૂટી જાય છે. સ્વભાવની અસ્તિરૂપ પરિણમન થતાં વિકારની નાસ્તિરૂપ પરિણમન પણ થઈ જાય છે, સ્વભાવમાં પરિણમેલું જ્ઞાન પોતે વિકારના અભાવરૂપ પરિણમેલું છે. તેને સ્વભાવની અસ્તિ અપેક્ષાએ 'સમ્યક્ એકાંત' કહેવાય છે અને સ્વભાવની અસ્તિમાં વિકારની નાસ્તિ છે એ અપેક્ષાએ તેને જ 'સમ્યક્ અનેકાંત' કહેવાય છે. સ્વભાવની અસ્તિને લક્ષમાં લીધા વગર (સમ્યક્ એકાંત વગર) એકલી વિકારની નાસ્તિને લક્ષમાં લેવા જાય તો ત્યાં 'મિથ્યા એકાંત' થઈ જાય છે અર્થાત્ તેને પર્યાયબુદ્ધિથી વિકારના નિષેધરૂપ વિકલ્પમાં એકત્વબુદ્ધિ થઈ જાય છે, પણ વિકલ્પના અભાવરૂપ પરિણમન થતું નથી. આથી આત્મસ્વભાવનું એકનું જ સારી રીતે અવલંબન કરવું તે જ વિકલ્પના અભાવરૂપ પરિણમનની રીત છે.

卐

## ધન્ય છે તે સમ્યગ્દષ્ટિ

સમ્યગ્દષ્ટિ પોતાના પૂર્ણ આત્માને આમ માને છે કે અહો! અમે તો ચૈતન્ય છીએ, આ દેહ અમે નથી. અમારા આત્માને સિદ્ધ ભગવાનથી જરાય ઓછો માનવો અમને પાલવતો નથી, અમે અમારા આત્માને સિદ્ધ સમાન પરિપૂર્ણ જ સ્વીકારીએ છીએ. અંતર સ્વભાવના અવલોકન તરફ વળતા ન્યાલ કરી દે એવો અમારો ચૈતન્ય ભંડાર છે. અંતર સ્વભાવની રુચિ વડે આઠ વર્ષની રાજકુમારી પણ આવું આત્મભાન કરે છે. પૂર્વે આત્માની દરકાર કર્યા વગર વિષય-કષાયમાં જીવન વીતાવ્યું હોય, છતાં પણ જો વર્તમાનમાં રુચિ ફેરવી નાખીને આત્માની રુચિ કરે તો આવું અપૂર્વ આત્મભાન થઈ શકે છે.

卐

## લીંડીપીપરનો પ્રસિદ્ધ દાખલો

જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશની તાકાત છે. તે ઘૂંટવાથી તેમાંથી જ

પ્રગટે છે. વર્તમાનમાં પૂર્ણ તીખાશ પ્રગટ નથી, છતાં તેની શક્તિનો ભરોસો કરે છે કે આમાં વર્તમાનમાં પૂર્ણ ચોસઠ પહોરી તીખાશ શક્તિરૂપે ભરી છે અને તે શરદી ટાળી દેશે. આમ પ્રથમ તેનો ભરોસો કરે છે, પછી તેને ઘૂંટીને તીખાશ મેળવે છે. તેમ આત્મામાં વર્તમાન અધૂરી અવસ્થા વખતે પણ અનંત જ્ઞાન, અનંત આનંદ વગેરે અનંત ગુણોની પૂર્ણ અખંડ શક્તિ ભરી છે. તેનો વિશ્વાસ કરી તેમાં એકાગ્ર થતાં તે પ્રગટે છે. સ્વ સ્વભાવનો વિશ્વાસ ન કર્યો એટલે દેહ તે હું, રાગ-દ્વેષ મારાં કામ છે, એમ અજ્ઞાન વડે આત્માના સ્વભાવને ઢાંકી દીધો છે અને માન્યું છે કે આવો પૂર્ણ હું નથી.

## કોઈ પણ રીતે આત્મ-અનુભવ કર

દેહથી ભિન્ન ચૈતન્યસ્વભાવે શોભી રહેલો એવો તારો આત્મા સંતો તને દેખાડે છે, તે દેખીને હે જીવ! તું પ્રસન્ન થા.....આનંદિત થા.

卐

રે ભાઈ! તું કોઈ પણ રીતે તત્ત્વનો કૌતૂહલી થા. હિતની શિખામણ આપતાં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! ગમે તેમ કરીને તું તત્ત્વનો જિજ્ઞાસુ થા ને દેહથી ભિન્ન આત્માનો અનુભવ કર. દેહ સાથે તારે એક્તા નથી પણ ભિન્નતા છે, તારા ચૈતન્યનો વિલાસ દેહથી જુદો છે, માટે તારા ઉપયોગને દેહ તરફથી ખસેડીને અંતરમાં વાળ.

પરમાં તારું નાસ્તિત્વ છે, માટે તારા ઉપયોગને પર તરફથી પાછો વાળ. તારા ઉપયોગસ્વરૂપ આત્મામાં પરની પ્રતિકૂળતા નથી. તેથી મરણ જેટલું કષ્ટ (-બાહ્ય પ્રતિકૂળતા) આવે તો પણ તેની દૃષ્ટિ છોડીને અંતરમાં જીવતા ચૈતન્ય- સ્વરૂપની દૃષ્ટિ કર. '**मृत्वा अपि** એટલે કે મરીને પણ તું આત્માનો અનુભવ કર.' આમ કહીને આચાર્યદેવે શિષ્યને પુરુષાર્થની પ્રેરણા આપી છે. વચ્ચે કોઈ પ્રતિકૂળતા આવે તો તારા પ્રયત્નને છોડી ન દઈશ, પરંતુ મરણ જેટલી પ્રતિકૂળતા સહન કરીને પણ તું આત્માનો તાગ લેજે, તેનો અનુભવ કરજે. મારે મારા આત્મામાં જ જવું છે તેમાં વચ્ચે પરની ડખલગીરી કેવી? પ્રતિકૂળતા કેવી? બહારની પ્રતિકૂળતાનો આત્મામાં અભાવ છે-એમ ઉપયોગને પલટાવીને આત્મામાં વાળ, આમ કરવાથી પર સાથે એક્તાબુદ્ધિરૂપ મોહ છૂટી જશે ને તને પરથી ભિન્ન તારું ચૈતન્યતત્ત્વ આનંદના વિલાસ સહિત અનુભવમાં આવશે.

૩૮ ગાથા સુધી પરથી ભિન્ન શુદ્ધજીવનું સ્વરૂપ ઘણા ઘણા પ્રકારે સ્પષ્ટ કરીને સમજાવવા છતાં જે નહિ સમજે અને દેહાદિને આત્મા માનશે, તેને આચાર્યદેવ કડક સંબોધન કરીને સમજાવશે કે, અમે આટલું સમજાવ્યું છતાં જે જીવ દેહને-કર્મને તથા રાગને જ આત્માનું સ્વરૂપ માને છે તે જીવ મૂઢ છે, અજ્ઞાની છે, પુરુષાર્થહીન છે. પરને જ આત્મા માનીને તે આત્માના પુરુષાર્થને હારી બેઠો છે. રે પશુ જેવા મૂઢ! તું સમજ રે સમજ! ભેદજ્ઞાન કરીને તારા આત્માને પરથી જુદો જાણ, રાગથી જુદા ચૈતન્યનો સ્વાદ લે.

આ રીતે જેમ માતા બાળકને શિખામણ આપે છે તેમ આચાર્યદેવ શિષ્યને અનેક પ્રકારે સમજાવે છે ને તેમાં શિષ્યના હિતનો જ આશય છે.

આચાર્યદેવ કહે છે કે ભાઈ! જડની ક્રિયામાં તારો ધર્મ ગોતવો મૂકી દે. આ ચૈતન્ય તારો ધર્મ છે, તે કોઈ દિવસ જડ થયો નથી. જડ ને ચૈતન્ય એ બંને દ્રવ્યના ભાગલા પાડીને હું તને કહું છું કે આ ચૈતન્યદ્રવ્ય જ તારું છે. માટે હવે જડથી ભિન્ન તારા શુદ્ધ ચૈતન્યતત્ત્વને જાણીને તું સર્વ પ્રકારે પ્રસન્ન થા....તારું ચિત્ત ઉજ્જવળ કરીને સાવધાન થા....અને ''આ સ્વદ્રવ્ય જ મારું છે'' એમ તું અનુભવ કર. અહા! આવું ચૈતન્યતત્ત્વ અમે તને દેખાડ્યું, હવે તું આનંદમાં આવ....પ્રસન્ન થા!

જેમ બે છોકરાં કોઈ વસ્તુ માટે બાઝે તો માતા વચ્ચે પડીને ભાગ પાડી આપે છે ને સમાધાન કરાવે છે. તેમ અહીં આચાર્યદેવ જડ-ચેતનના ભાગ પાડીને, બાળક જેવા અજ્ઞાનીને સમજાવે છે કે લે, આ તારો ભાગ! જો....આ ચૈતન્ય છે તે તારો ભાગ છે ને આ જડ છે તે જડનો ભાગ છે. તારો ચૈતન્ય એવો ને એવો આખેઆખો શુદ્ધ છે, તેમાં કાંઈ બગડ્યું નથી; માટે તારો આ ચૈતન્ય ભાગ લઈને હવે તું પ્રસન્ન થા....આનંદિત થા.... તારા મનનું સમાધાન કરીને તારા ચૈતન્યને આનંદથી ભોગવ, તેના અતીન્દ્રિય સુખના સ્વાદનો અનુભવ કર.

અજ્ઞાનીનું અજ્ઞાન કેમ ટળે ને તેને ચૈતન્યના સુખનો અનુભવ કેમ થાય તે માટે આચાર્યદેવ ઉપદેશ આપે છે. કડક સંબોધન કરીને નથી કહેતાં, પણ કોમળ સંબોધન કરીને કહે છે કે હે વત્સ! આ જડ દેહ સાથે એકમેકપણું તને શોભે છે? ના, ના. તું તો ચૈતન્ય છો, માટે જડથી જુદો થા. દેહનો પાડોશી થઈને તેનાથી ભિન્ન તારા ચૈતન્યને દેખ. દુનિયાની દરકાર છોડીને તારા ચૈતન્યને દેખ. જો તું દુનિયાની અનુકૂળતા

કે પ્રતિકૂળતા જોવા રોકાઈશ તો તારા ચૈતન્ય ભગવાનને તું નહિ જોઈ શકે. માટે દુનિયાનું લક્ષ છોડી, તેનાથી એકલો પડી અંતરમાં તારા ચૈતન્યને જો. અંતર્મુખ થતાં જ તને ખબર પડશે કે ચૈતન્યનો કેવો અદ્‌ભુત વિલાસ છે!

卐

## નાળિયેર અને આત્મા

નાળિયેરમાં ઉપરના ટોપાથી, છાલાથી અને કાચલીથી ટોપરું જુદું છે. તેમ જ ટોપરા ઉપરની રાતપ પણ કાચલી તરફનો ભાગ છે, વાસ્તવિક ટોપરું નથી. માત્ર અંદરનો ધોળો મીઠો ગોળો જ ટોપરું છે. તેમ શરીર નાળિયેરના ઉપરના ટોપારૂપે છે, તેજસ શરીર નાળિયેરના છાલારૂપ છે, કર્મણ શરીર નાળિયેરની કાચલીરૂપ છે, તે કોઇ આત્માના નથી અને વર્તમાન રાગ-દ્વેષરૂપી રાતપ પણ પર તરફની છે, આત્માની નથી. ભગવાન આત્મા તો ત્રિકાળી, એકરૂપ, અખંડ, જ્ઞાનશક્તિથી પૂર્ણ છે. આવી શ્રદ્ધા ન થાય ત્યાં સુધી ધર્મનો અંશ પ્રગટતો નથી. જ્યાં સુધી નાળિયેરમાં લીલાપણું છે ત્યાં સુધી અંદરનો ગોળો તદ્દન છૂટો પડતો નથી અને ત્યાં સુધી કાચલી તરફની ચીકાશને ગૌણપણે લક્ષમાં રાખવી પડે છે. તેમ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી પૂર્ણ કૃતકૃત્ય એવા અખંડ તત્ત્વને શ્રદ્ધામાં લીધો, પણ તે સાથે જ રાગ-દ્વેષ સંપૂર્ણપણે ટળી જતા નથી. કારણ કે ચારિત્રની અપેક્ષાએ કચાશ રહે છે.

卐 ❁ 卐

# સંતોનાં વિવિધ વચનામૃત

અનંત કાળથી પર તરફ લક્ષ કરી રહ્યો છે; હવે તારા તરફ લક્ષ ફેરવ. તેનો જ પુરુષાર્થ કર. આજ કર, હાલ કર, પણ આ કાર્ય કર્યે જ છૂટકો છે; ત્યારે જ ભવનો અંત આવવાનો છે, સાચું સુખ મળવાનું છે.

❖

રાગદ્વેષથી-શુભાશુભ સંકલ્પ-વિકલ્પથી, અરે! આત્માની ક્ષણિક પર્યાયથી પણ કથંચિત્ જુદો એવો જ્ઞાયકસ્વભાવ ઓળખી એમાં જ લક્ષ કર, એનો જ પુરુષાર્થ કર.

❖

'હું અબદ્ધ છું' ઇત્યાદિ વિચારો જ્યાં સુધી ભેદમાં ઊભો રહીને કરે છે ત્યાં સુધી જ્ઞાયકસ્વભાવનો સમ્યક્ સ્વીકાર નથી.

❖

પરમાં સુખબુદ્ધિ રહેતી હોય, કોઇ પણ કષાયના રસમાં-શુભ પરિણામમાં પણ-મીઠાશ રહેતી હોય, ત્યાં સુધી ઉપયોગ અંદર જતાં અટકે છે અને બહાર ને બહાર ભમે છે. ખરેખર જીવને અંતરથી શુભાશુભ પરિણામનો થાક લાગવો જોઇએ. જો ખરો થાક લાગે તો અંતરમાં વળ્યા વગર રહે જ નહિ.

❖

હે માતા! રજા દે. હવે બીજી માતા નહિ કરું. મારી સ્થિરતાનો આ મોસમકાળ છે. મારી લાખેણી ક્ષણ જાય છે, રજા દે. મારા આત્માનું વીર્ય ઉછળ્યું છે, તેથી હમણાં જ સિદ્ધપદને ઝપટ મારીને લઇશ. આ, જ્ઞાનીનો અંતરથી પોકાર છે.

❖

વિભાવથી ઓસરીને ચૈતન્યભગવાન તરફ જુએ તો ચૈતન્યભગવાનનાં દર્શન થાય જ. આત્માનું મૂળ પકડવાથી સંસારનું મૂળ આપોઆપ ચાલ્યું જશે.

❖

હે આત્મા! આત્મામાં પ્રીતિ લગાવ કે જેથી નિર્વિકલ્પ ધ્યાન પ્રગટીને વિકલ્પનો

થાક મટે ને આનંદ.....આનંદ આવે.

❖

'પરની તારે શી પડી? તું તારું સંભાળ. ફક્ત જાણનારને જાણ, ચેતનારને ચેત.'

❖

જીવ જ્ઞાન-દર્શનની પાંખોથી ઉડે તો સ્થિરતા લેતો કેવળજ્ઞાન પ્રાપ્ત કરે એવો માર્ગ છે.

શાસ્ત્રવાંચન, ભક્તિ આદિ આત્માના પ્રયોજન માટે છે. જો તું લોકરંજનથી રંગાઇ ગયો તો આત્મા ખોવાઇ જશે. માટે એકવાર આત્મરંજન કરી ભવનો અભાવ કર.

❖

તું ગુણીનો સંગ કરજે, દોષીના સંગથી ગુણ વગરનો થઇ જઇશ. વિભાવ છેતરીને ક્યાંય લઇ જશે. માટે ધ્યાન દઇને તું ચાલજે. ભૂલ ખાઇશ નહિ.

❖

તું તને સારું લગાડ. બીજાથી શું પ્રયોજન છે? આત્માની નિકટ જઇને તેની સાથે વાતો કર. ગુણો સાથે ગોષ્ઠી કર કે હે ગુણ! તું કેમ પ્રગટ થઇશ? તારો સ્વાદ કેવો? તારો સ્વાદ આવતાં શું થશે? તારા અનંતા ગુણોનો સંગ કરી તેની સાથે કેલિ કર. (બહારથી) અસંગી થઇ જા ને (અંદરમાં) વીતરાગતાનો સાથ કર.

❖

જીવો બહારના બગીચાનાં ફળફૂલ જોવામાં રાચે છે, ત્યાં ફરે છે, ભોજન કરે છે. હે આત્મા! તારા ચૈતન્યરૂપી નંદનવનમાં ફળફૂલનાં વૃક્ષો, ફૂવારા, કૂંડ, મહેલો વગેરે બધુંય અત્યંત સુંદર છે. ત્યાં અનંત શક્તિની સુગંધ મઘમઘે છે અને આનંદરસનું ભોજન છે. તે નંદનવનમાં જતાં તને બહારના બગીચામાં આવવું નહિ ગમે. માટે નિજ ચૈતન્ય-બગીચામાં તું રમ, ફર, જમ.

❖

જ્યાં અંદરથી ચૈતન્યની એકાગ્રતાનો ટંકાર થયો ત્યાં ચૈતન્યના રણકારમાત્રથી વિકલ્પોના તરંગો ઊઠતા હતા તે નાસી ગયા-ભાગી ગયા!

❖

શાસ્ત્રનો અભ્યાસ કરી સારભૂત જ્ઞાયક તત્ત્વને તું જાણ. તે ન કર્યું તો શાસ્ત્ર-અભ્યાસ શા કામનો? શાસ્ત્રના વિશેષ જાણનારની કે ઓછા જાણનારની નિંદા ન કરીશ. શાસ્ત્રશ્રવણ-વાંચન-ઉપદેશ એ બધું પોતાના હિતને માટે છે, બીજા માટે નહિ. એક જ્ઞાયકસ્વભાવને ઓળખવો ને તેમાં લીન થવું તે મુખ્ય પ્રયોજન છે.

❖

બીજાના દોષ જોવાથી તારા જ્ઞાનનો નાશ થશે. માટે ગુણ ગ્રહણ કર. માત્ર જેમ હોય તેમ યથાયોગ્ય જાણી લે. રાગ-દ્વેષમાં અટવાઇ ગયો તો માર્ગ હાથ નહિ આવે. સાવચેતીથી ચાલવું, ક્યાંય અભિમાનમાં ન આવવું. આ તો નિશ્ચયનો માર્ગ છે, તેમાં ગડબડ ચાલે નહિ.

❖

વ્યવસ્થિત જગતની વ્યવસ્થામાં ફેરફાર કરવા જાય છે તેમાં જ આકુળતા થયા કરે છે. દુનિયા ભલે અનુકૂળ કે પ્રતિકૂળ રહો, મને મારો આત્મા અનુકૂળ છે.

❖

જેમ જે વસ્તુ જોવી હોય તેના ઉપર પ્રકાશ ફેંકવાથી વસ્તુ દેખાય છે, તેમ આત્માને જોવો હોય તો આત્મા છે ત્યાં જ્ઞાનપ્રકાશ ફેંકવાથી આત્માના દર્શન થાય છે.

❖

શાસ્ત્રરૂપી દીવાથી આત્મારૂપી રત્ન તું બરાબર પારખી લે. દીવાથી વસ્તુને બરાબર જોઇ લીધા પછી દીવો લઈને માણસ ફરતો નથી, તેમ શાસ્ત્ર જાણવાનો સાર આત્માને બરાબર ઓળખી લેવો તે છે.

❖

રુચિ અનુયાયી વીર્ય; અને જેમાં પ્રયત્ન કરવામાં આવે તે જવાબ દીધા વગર ન રહે. મારું સુખ મારામાં જ છે એમ સમજી તેને પ્રાપ્ત કરવાની લલના-લગની ખરી જાગે તો તે આત્માનો પીછો પકડ્યા વિના રહે નહિ અને આત્મદેવ જવાબ આપ્યા વિના રહે નહિ. માટે અંતર તળિયામાં જઇને ચૈતન્યનો તાગ લાવ.

❖

આ ચૈતન્ય મહાન પદાર્થ છે. તેના અસ્તિત્વની દૃઢ ભૂમિકા પ્રાપ્ત થાય ત્યારે જ્ઞાન-દર્શનની પાંખોથી ઉડાય. સ્વભાવ-વિભાવની એકતા રાખી જાણપણાની ધારણા કરે કે કષાયની મંદતા કરે તો તે પોચી જમીનમાંથી ઉડી ન શકાય.

❖

જીવ અનંત કાળથી ક્રોધ-માન-માયા આદિના રસમાં અટવાયો છે; ખાસ કરીને જીવ માનના રસમાં અટવાયો છે, તેથી તે આત્માની રુચિ કરતો નથી. માટે કષાયના નાંગળાં ઢીલા કરીને આત્માનો રસ અનંતો વધારવો. આબરુ જવાનો પ્રસંગ આવે, નિંદાદિનો પ્રતિકૂળ પ્રસંગ આવે, છેવટે મરણનો પ્રસંગ પણ આવે, તો પણ એક આત્મા જ મને જોઈએ છે એવી રુચિ ને રસ મુખ્ય કરી દેવાં.

❖

જીવ નીચલી ભૂમિકામાં દોષનો સર્વથા અભાવ કરવા માગે તો તે યથાર્થ નથી અને સાથે સાથે ખેદ ન રહે તો તે પણ યથાર્થ નથી; કારણ કે ભૂમિકાને યોગ્ય (અશુદ્ધ) ભાવો તે ભૂમિકામાં ટળે નહિ, પણ જો ખેદ રહેશે તો તે ભૂમિકાને યોગ્ય (અશુદ્ધ) ભાવોનો ક્રમે કરીને અભાવ થશે.

❖

વસ્તુના પૂર્ણ સ્વરૂપના ધ્યેય વગરનો વીર્યનો ઉપાડ કષાયની મંદતામાં અટકી જાય છે. જ્યારે પૂર્ણતાના લક્ષે ઉપડેલ વીર્યની ગતિ ઉગ્રતાએ પહોંચી જાય છે.

જૈનદર્શન વસ્તુસ્વભાવ છે. તેના ભાવો અને રહસ્ય આત્માર્થી, માર્ગાનુસારી તથા જ્ઞાનીઓ જ સમજી શકે છે.

❖

પર તરફ વળતા પરિણમનના વેગને સ્વભાવમાં વાળવો તે જ પુરુષાર્થ છે. સ્વભાવમાં રાગ-દ્વેષનો અભાવ છે, માટે ખરી ઉદાસીનતા-વૈરાગ્ય સ્વભાવપર્યાયમાં જ છે.

❖

સાધારણ પ્રકારના જિજ્ઞાસાના ઉપાડથી ઊપડેલા જીવો ક્યાંક ને ક્યાંક અટકી જ જાય છે, અને ત્યાં સંતોષ માની બેસે છે. જે જીવો યથાર્થ જિજ્ઞાસાથી ઊપડ્યા છે તેઓ ભવભ્રમણનો અભાવ કરવા અને પરિણતિને પલટાવવા માગે છે, જેથી વચ્ચે ક્યાંય

ન અટકતાં પોતાનું કાર્ય પ્રગટ કરે છે. નિજ કાર્ય પ્રગટ થયા વિના તેમને ક્યાંય સંતોષ થતો નથી, સુખ લાગતું નથી.

❖

વસ્તુના અસ્તિત્વમાંથી આવેલો હકાર જ યથાર્થ છે. ત્યાં દરેક ગુણના અંશરૂપ પરિણમનનો ઝૂકાવ સ્વસન્મુખ થઈ ગયો હોય છે, કારણ કે દ્રવ્ય-ગુણ અભેદ છે.

❖

સમ્યક્‌પણે પરિણમેલું મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે કે ચાલ્યું આવ, ચાલ્યું આવ, કેવળજ્ઞાન! તું ચાલ્યું આવ. હવે તો કેવળજ્ઞાન પ્રગટ થયે જ છૂટકો.

❖

જ્ઞાનીનો એક જ શબ્દ મળે તો પણ પાત્ર જીવ ઊછળી પડે કે અહો! 'જ્ઞાનીનો શબ્દ મને ક્યાંથી?' જ્ઞાનીનો એક શબ્દ પણ એવું સામર્થ્ય લઈને આવે છે કે, જો જીવ ખરેખર સાંભળે તો તેની દૃષ્ટિ ફરી જાય અને આત્માનું કલ્યાણ થઈ જાય.

❖

જ્ઞાનીને ચૈતન્ય.....ચૈતન્ય જ નીતરે છે, ચૈતન્ય જ રગડાય છે. તેમનો એક શબ્દ આવે ત્યાં તો ચૈતન્ય-રત્નાકર ડોલી ઉઠે છે.

❖

કૂવાનું પાણી માપવા કૂવામાં ઊંડા ઊતરી તળિયે જઈને તાગ લાવવામાં આવે છે, તેમ આત્મામાં ઊંડો ઊતરીને તાગ લઈ આવ. આત્માને જાણી લે તો અવશ્ય મોક્ષ થશે. મરવા જેવો પ્રસંગ આવે તો પણ તું પુરુષાર્થથી પાછો વળીશ નહિ. એક વાર પુરુષાર્થ કર...અર્પણતા કર. વિભાવને મૂકી દે અને સત્પુરુષ કહે છે તે આશય ગ્રહણ કર.

❖

સર્વોત્કૃષ્ટ તત્ત્વને બતાવનાર સર્વોત્કૃષ્ટ વાણી તને મળી છે, અહીં સુધી તું આવ્યો છો, છતાં પણ હજી અંતરમાં જતાં તને ડર કેમ લાગે છે?

❖

જ્ઞાન જે સત્તાનું નથી તેને જાણી શકે છે તો પછી જ્ઞાન જે સત્તાનું છે તેને કેમ

ન જાણી શકે? (જ્ઞાન પરસત્તાને જાણે છે તો સ્વસત્તાને કેમ ન જાણે?)

❖

'વસ્તુ આવી છે' એમ તેનો વિકલ્પાત્મક પણ નિર્ણય કરે તો તેના વીર્યને હવે બીજે જવાનો,બીજી તરફ વળવાનો,અવકાશ જ ન રહે.

❖

દ્રવ્યમાં 'હું'પણું સ્થાપતી પર્યાય આનંદ પામે છે, જ્યારે પર્યાયમાં 'હું' પણું સ્થાપતી પર્યાય દુઃખ પામે છે.

❖

જે વસ્તુમાં દુઃખનો ત્રિકાળ અભાવ વર્તે છે તે આત્મવસ્તુના આશ્રયે વર્તમાન પર્યાયનું દુઃખ નાશ પામે છે.

❖

પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થવા છતાં પર્યાયમાં દ્રવ્ય ન આવે અને દ્રવ્યમાં પર્યાય ન આવે. પર્યાય પોતાના અસ્તિત્વમાં રહીને દ્રવ્યનું જ્ઞાન પોતાના સામર્થ્યથી કરે છે.

❖

નયપક્ષના વિકલ્પથી આત્મા ખંડિતપણે લક્ષમાં આવે છે, પરંતુ અખંડરૂપે લક્ષમાં આવતો નથી.

❖

બંધ ને મોક્ષ પ્રત્યે સમભાવ હોય એવી વીતરાગતા ક્યારે આવશે? પર્યાયમાં બંધ હો કે મોક્ષ હો, અમે તો વીતરાગી આત્મા છીએ. અમારે બંધ પ્રત્યે દ્વેષ નથી અને મોક્ષ પ્રત્યે રાગ નથી.

❖

મુનિરાજ એવી ભાવના ભાવે છે કે શરીર અમારું નથી અને અમારે જોઈતું પણ નથી. કદાચ કોઈ સિંહાદિ શરીર લેવા આવે તો તે અમારો મિત્ર છે. અમે તો અમારા અડોલ આસનમાં લીન રહીને અશરીરી દશા પ્રાપ્ત કરશું.

❖

દ્રવ્ય પર્યાયમાં આવ્યું નહીં ને પર્યાય દ્રવ્યમાં ભળી નહીં. આવો એક સમયની વ્યક્તતાથી ભિન્ન આત્મા 'સપ્તમા દ્રવ્ય' હો જાતા હૈ.

❖

હું સામાન્ય-વિશેષાત્મક નહીં, પણ સામાન્યભાવરૂપ છું, આમ જે આત્માને દેખે છે-તે સર્વ જિનશાસનને દેખે છે.

❖

દિવ્યધ્વનિ એમ કહે છે કે ભગવાનને માનવા હોય તો અંતરમાં દ્રષ્ટિ કરો.

❖

સ્વભાવની દ્રષ્ટિ કરવા માટે 'સબ અવસર' આવી ગયો છે, કોઈ અવસરની ખામી નથી.

❖

બે વર્તમાન પર્યાય વચ્ચેનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બે દ્રવ્યની સ્વતંત્રતાને જાહેર કરે છે, એકપણાને નહીં.

❖

સમ્યગ્જ્ઞાન જે સ્વભાવ તરફ અંદરમાં વળ્યું તે સ્વભાવ જ ભૂતાર્થ છે, સામાન્ય છે. અંતરમાં દ્રષ્ટિ જતાં ભૂતાર્થ જ દ્રષ્ટિમાં રહી જાય છે. 'આ ભૂતાર્થ છે, સામાન્ય છે' એવો ભેદ-વિકલ્પ ત્યારે હોતો નથી.

❖

એક સમયનો અંશ સત્ છે, સ્વતંત્ર છે, તેને પરની અપેક્ષા નથી ને દ્રવ્ય તેનું કારણ નથી. વિકારી પર્યાય પણ જ્યાં પોતાના ષટ્ કારકથી સ્વતંત્ર થાય છે, તો નિર્મળ પર્યાયની શું વાત કરવી?

જે પોતાથી હયાતીવાળું તત્ત્વ છે તેને બીજાની અપેક્ષા શું હોય?

❖

અમે તો વખાના માર્યા વિદેહથી અહીંયા આવ્યા છીએ. અમે અહીંયાના નથી. -પૂજ્ય ગુરુદેવ.

❖

પરને સમજાવવું તે પણ દીનતા છે ને પરથી સમજવું તે પણ દીનતા છે.

❖

આનંદ દ્રવ્ય, આનંદ ગુણ, આનંદ પર્યાય......આનંદનો આ વિસ્તાર છે. માટે તારે આનંદ જોઈતો હોય તો આનંદમય દ્રવ્યનો આશ્રય લે, તો જ પર્યાયમાં આનંદ આવશે. રાગ કે પરદ્રવ્યના આશ્રયે આનંદ નહીં આવે, કારણ કે તેમાં આનંદ વ્યાપતો-ફેલાતો-પ્રસરતો નથી.

❖

જ્ઞાની એમ જાણે છે કે હું તો મારા નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છું. હું રાગમાં કે પરમાં નથી. જ્યાં હું છું ત્યાં તેઓ નથી અને જ્યાં તેઓ છે ત્યાં હું નથી.

❖

આત્મામાં પરજ્ઞેયરૂપે જણાતાં રાગાદિ ચૈતન્યના સ્વ-પર પ્રકાશક સ્વભાવને પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહીં. અને તે રાગાદિનું જ્ઞાન પણ રાગાદિ છે તેથી થાય છે એમ નથી. તે જ્ઞાન પોતાથી-પોતાના સ્વભાવથી છે.

❖

સુખિયા જગતમાં સંત, દુરીજન દુખિયા રે.....

卐 ❀ 卐

'પોતે પોતાની દયા ન કરી.' એટલે? કે પોતાનું અનંત ચૈતન્યજ્યોતિમય જીવતું જાગતું જીવન છે તેને ન માન્યું ને રાગાદિરૂપ હું છું એમ સ્વીકાર્યું, તે પોતાની હિંસા છે. જેવું સ્વરૂપ છે તેવું ન માન્યું-તે જ સ્વહિંસા છે.

ચૈતન્ય ભગવાન આત્મા આનંદનો નાથ છે તેમાં જેણે નજર કરી તે સંત સુખી છે, અને જેણે આનંદના નાથને ગોતીને, શોધીને પ્રગટ કર્યો નથી તે બધાય દુરીજન દુઃખી છે.

પર્યાયમાં તીવ્રમાં તીવ્ર મિથ્યાત્વ હો કે કેવળજ્ઞાન હો, હું તો અનાદિકાળથી એવો ને એવો જ છું.

ભાઈ! આ ભભકાની તો સ્મશાનમાં રાખ થવાની છે અને તું તો અનાદિ-અનંત રહેનાર છો. જો આ ભવમાં મિથ્યાત્વ-રાગને સેવ્યા હશે તો અનંતકાળ તેમાં જ રહીશ ને જો શુદ્ધાત્માને સેવ્યો હશે તો અનંતકાળ આત્મામાં-સુખમાં રહીશ.

પ્રભુ અમ પાસે રે, વિભુ નો'તા વેગળા રે;
સદા વસે સાહેબ અમારી સાથ....
અજ્ઞાને અવરાણો પ્રભુ, અમ આતમા રે;
તેથી સર્વ શક્તિની વ્યક્તિનો નાશ....
નાવરૂપી નિર્મળ રે આત્માનું ધ્યાન;
કોઈ તેના માલમીયા હોય રે સંત,
જ્ઞાની સંત કહે છે રે, જે શુદ્ધાત્માને અનુભવે રે,
તે જીવના ભવદુઃખનો આવે રે અંત.

卐 ❀ 卐

આતમા......... પરમાતમા.......

હું છું આતમા............ પરમાતમા............

હું તો આનંદનું આનંદનું આનંદનું ધામ.... હું છું આતમા...(૧)

મારે જન્મ નહીં, મને મૃત્યુ નહીં,

અજન્મ...અજન્મ શાશ્વત સુખી આતમા..... હું છું આતમા...(૨)

દેહ મારો નહીં, હું પણ દેહનો નહીં,

અશરીરી...અશરીરી, અવિનાશી શુદ્ધ આતમા... હું છું આતમા...(૩)

કોણ કહે હું શરીરવાસી? ના ના ના,

શીવસુખવાસી જ્ઞાયક પરમાતમા.... હું છું આતમા...(૪)

હું તો સિદ્ધ સ્વરૂપી ચેતન રૂપી, હા હા હા,

ચૈતન્યવાસી આનંદઘન આતમા... હું છું આતમા....(૫)

# શ્રી. જગુભાઈની મનોભાવના

(કેટલાંક પસંદગીના અવતરણો)

મૈં વર્તમાન મેં હી મુક્ત હૂં । આનંદકી મૂર્તિ હૂં, આનંદસે ભરચક સમુદ્રહી હૂં, ઐસી દ્રષ્ટિ હો, તો ફીર મોક્ષસે ભી પ્રયોજન નહી, મોક્ષ હો તો હો, ન હો તો ભી ક્યા ? (પર્યાયકી-ઇતની ગૌણતા દ્રવ્ય દ્રષ્ટિ મેં હો જાતી હૈ) મેરે કુ તો વર્તમાન મેં ભી આનંદ આ રહા હૈ, ફીર પરિણતિમેં મોક્ષ હોગા હી (ઐસી પ્રતિત આ જાતી હૈ) લેકીન મેરે કો તો ઉસસે ભી પ્રયોજન (દ્રષ્ટિ) નહી ।

મૈં પહલે તો સબ સૂનલૂં, જાનલૂં, પીછે સે પુરુષાર્થ કરુંગા । ઐસે પીછેવાલે સદા હી પીછે પીછે હી રહેગા (યહાઁતો) વર્તમાન ઇસી ક્ષણસે હી કરનેકી બાત હૈ । પહેલે અપની આત્માકી પ્રભાવના કરનેકી બાત હૈ ।

દૂસરે સે સૂનના-માંગના સબ પામરતા હૈ, દીનતા હૈ, ભીખારી પણા હૈ । મેરે મૈ ક્યા કમી હૈ, તો મૈં દૂસરેસે માંગુ ? મૈં હી પરિપૂર્ણ હૂં...

એક હી માસ્ટરકી હૈ, સબ બાતોં મે સબ શાસ્ત્રો મેં, એક હી સાર હૈ । ત્રિકાલી પણા મેં અપનાપન જોડ દેના હૈ ।

જૈસે ઇન્જકશન હંમેશા લેને કી જિસકો આદત હો ગઈ હૈ ! ઉસ કો ઇન્જકશન લીયે બિના ચેન પડતા નહિં । એસે સૂનને આદિકી જિસકો આદત હો ગઈ હૈ, ઉસકો સુનને (આદિ) કે બિના ચેન નહિં પડતા । લેકીન (સૂનને આદિકે ભાવમેં) તીવ્ર નિષેધ ઉસસે છૂટ સકતે હી નહિં । (સ્વરૂપ દ્રષ્ટિ કે બને પર સભી પ્રકાર કે શુભ ભાવ-પર લક્ષી ભાવકા નિષેધ આયે બિના વે શુભ ભાવ છૂટતે નહી) !

બસ એકહી બાત હૈ, કી 'મૈ ત્રિકાલી હૂં' । એસે જમે રહના ચાહીએ । પર્યાય હોનેવાલી હો-યોગ્યતાનુસાર હો જાતી હૈ મ રૂસમેં નહીં જાતા હું ક્ષયોપશમ હો, નહો, યાદ રહે વે, નહિ રહેવે, લેકીન અસંખ્ય પ્રદેશમેં પ્રદેશ પ્રદેશમેં વ્યાપક હો જાના ચાહીએ !

卐 ❀ 卐